જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૦૭
વર્ષ ૧ અંક ૧

# ખોજ

જીવન એક અવિરત ખોજ - આવિષ્કાર



## વન અધિકાર કાયદો

## ઐતિહાસિક ઉપલબ્ધિનો ઉમંગ

## સેઝ વિવાદ અંગે થોડું...

आ नो भद्रा क्रतवः यन्तु विश्वतः।

–ऋग्वेद

*Whence this creation has*
*come*
*He who is its surveyor in*
*heaven*
*he alone knoweth*
*And yet doth he know?*
*- Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know*
*things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*

*–Xenophanes*

*A Greek bard, 570–475 B.C.*

# ખોજ

જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭
વર્ષ ૧, અંક ૧

જીવન એક અવિરત ખોજ-આવિષ્કાર


| | | | |
|---|---|---|---|
| | ૫ | સંપાદકીય | અંબરીષ મહેતા |
| પત્ર ચર્ચા | ૬ | પત્રો | |
| પ્રતિભાવો | ૯ | શિક્ષકનું કાર્ય - દાયણનું | સુરેશ પરીખ |
| | ૧૦ | તરૂણ શિક્ષણ - કયો સમાસ ? | કર્દમ મોદી |
| સાંપ્રત | ૧૨ | નવમા પરિશિષ્ટ પરનો ચુકાદો | તૃપ્તિ પારેખ |
| | ૧૪ | ઈશ્વરના પોતાના જ ધામમાં કૌભાંડ | અશ્વિન કારીઆ |
| કોલમ | ૧૬ | તળિયેથી. . . | રાજેશ મિશ્રા |
| સમયાંતર કોલમ | ૧૮ | બાળકો સાથે સમાજનો અક્ષમ્ય વ્યવહાર | હિમાંશી શેલત |
| | ૧૯ | જાહેર જીવનના પદાર્થપાઠ ક્યારે ? | ડંકેશ ઓઝા |
| | ૨૦ | હરખ હવે તું હિન્દુસ્તાન | તૃપ્તિ પારેખ |
| | ૨૦ | આ અસહિષ્ણતા અટકશે ખરી ? | |
| અગ્રલેખો | ૨૧ | વન અધિકાર કાયદો - એક ઐતિહાસિક ઉપલબ્ધિ | તૃપ્તિ પારેખ |
| | ૨૭ | જંગલ જમીન માટેની લડત - એક નિજી વિહંગાવલોકન | |
| | ૨૯ | સેઝ વિવાદ અંગે થોડું ... | અંબરીષ મહેતા |
| લેખ | ૩૪ | સમયના સૂર અને ગરીબીની ગાથા | પ્રો. કે.વી. પટેલ |
| ન્યાયતંત્ર શ્રેણી | ૩૮ | મારે ન્યાય વ્યવસ્થા બદલવી છે - ૬ | કિરીટ પાનવાલા |
| અર્થતંત્ર શ્રેણી | ૪૨ | તમારા મનને મુક્ત કરો (૪) | સૌવિક ચક્રવર્તી |
| | ૪૫ | મીણબત્તી બનાવનારાઓની અરજી | ફ્રેડરિક બેસ્ટિયાટ |
| | ૪૭ | स्वदेशी | मुन्शी प्रेमचंद |
| | ૪૮ | The Gains from Trade | Matt Ridley |

## આ અંકના લેખકો


સુરેશ પરીખ : 'વિચારવલોણું'ના સ્થાપક તંત્રી; વલ્લભવિદ્યાનગર એન્જિનિયરીંગ કોલેજના નિવૃત્ત પ્રાધ્યાપક; સરનામું : માનવ વિકાસ કેન્દ્ર, સરદારશ્રીની પ્રતિમા પાસે, વલ્લભ વિદ્યાનગર જિ. આણંદ -૩૮૮૧૨૦.

કર્દમ મોદી : દેડિયાપાડાની સેન્ટ ઝેવિયર્સ સ્કુલમાં વિજ્ઞાન શિક્ષક; સરનામું : સેન્ટ ઝેવિયર્સ સ્કુલ-દેડિયાપાડા, જિ. નર્મદા ૩૯૩૦૪૦.

અશ્વિન કારીઆ : પાલનપુરની લૉ કોલેજના આચાર્ય; પ્રમુખ, ગુજરાત - મુંબઇ રેશનાલિસ્ટ એસોસીએશન; સરનામું: આચાર્ય, લૉ કોલેજ, એસ.ટી. વર્કશોપ સામે, હાવઈ વે, પાલનપુર, જિ. સાબરકાંઠા - ૩૮૫૦૦૧. ફોન ૫૯૯૬૧.

હિમાંશી શેલત : જાણીતા લેખિકા; સુરતની એમ.ટી.બી. આર્ટસ કોલેજના અંગ્રેજીના ભૂતપૂર્વ પ્રાધ્યાપિકા; સરનામું : સખ્ય-૧૮, મણીબાગ સોસાયટી, ધરમપુર રોડ, એસટી બસ સ્ટોપ પાસે, અબ્રામા, વલસાડ, ૩૯૬૦૦૨ ફોન : (૦૨૬૩૨) ૨૨૭૦૪૧

ડંકેશ ઓઝા : ગાંધીનગર સચિવાલયમાં ભૂતપૂર્વ અધિકારી; લેખક; સરનામું : ૧૦૩, ઓમ એવેન્યુ, દિવાળીપુરા, વડોદરા ૩૯૦૦૦૭, ફોન : ૦૨૬૫-૬૫૩૫૩૦૮.

કે.વી. પટેલ : પુનાની નેશનલ ઈંસ્ટિટ્યુટ ઓફ બેંક મેનેજમેન્ટમાં અર્થશાસ્ત્રના નિવૃત પ્રાધ્યાપક; નાબાર્ડ તથા સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા તેમજ ફિલિપાઇન્સની એડીબીમાં ભૂતપૂર્વ કન્સલટન્ટ; સરનામું: એ-૧/૧૦૦૨, રિધ્ધિ ગાર્ડન્સ, ફિલ્મ સીટી રોડ, મલાડ (ઇ), મુંબઈ

કિરીટ પાનવાલા: સુરતના ટોચના વકીલ; સુરત બાર એસોસીએશનના ભૂતપૂર્વ પ્રમુખ

સરનામું: બંગલા નં. ૧૭, વૃન્દાવન એન્કલેવ, સોમેશ્વર એન્કલેવની બાજુમાં, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પાછળ, યુનિવર્સિટી રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭.



**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુકલ
પાર્થ શાહ

**આલેખન-સજાવટ**
જરીન જોષી

મુખપૃષ્ઠ પરની તસ્વીરો
તૃપ્તિ અને રાજેશ



'ખોજ' દ્વિમાસિકનો આ અંક આર્ચના 'પહેલ' કેન્દ્ર (Initiative for Open Society), ફતેગંજ વડોદરા વતી અંબરીષ મહેતાએ પ્રકાશિત કર્યો.

સહયોગ રાશિ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
દ્વિવાર્ષિક રૂા. ૨૫૦/-
પાંચ વર્ષની રૂા. ૬૫૦/-

સહયોગ રાશિના ચેક / ડી.ડી.
**એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ (ARCH)**ના નામે મોકલવા વિનંતી છે. બહારગામના ચેકો પર બેંક કમિશનના ૪૦ રૂપિયા ઉમેરવા. પત્રવ્યવહાર/લવાજમ મોકલતી વખતે પોતાના સરનામા સાથે ફોન નંબર અચૂક લખવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૬૫૩૩૪૩૬
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

મુદ્રણ : વિશાલ ઓફસેટ, વડોદરા



'ખોજ'માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

## સંપાદકીય

આખરે ‘આદિવાસી તથા અન્ય પરંપરાગત જંગલવાસી (વન અધિકાર માન્યતા) કાયદો ૨૦૦૬’ પસાર થઈ ગયો. જંગલ જમીન તથા જંગલો પરના અધિકારો માટે વરસોથી લડતા સેંકડો - હજારો આદિવાસીઓ તેમજ જંગલમાં રહેતા અન્ય સમુદાયોની આ ઐતિહાસિક જીત છે. દૂરદરાજનાં આદિવાસી ગામોમાં એના ઉમંગના ઢોલ ઢમકવા શરૂ થઈ ગયા છે. જિંદગીની મોટામાં મોટી ગેર આ વર્ષે હોળી પર એમને મળી છે.

જેવો આ કાયદો પસાર થયો કે તરત જ કેટલાક પર્યાવરણવાદીઓએ ગોકીરો મચાવી દીધો કે આ તો જંગલોના ભોગે સસ્તી લોકપ્રિયતા મેળવવાની રાજકીય રમત છે અને કોર્ટમાં આ કાયદાને પડકારવામાં આવશે. હજી સુધી તો સુપ્રીમ કોર્ટમાં એને પડકારવામાં નથી આવ્યો, પરંતુ ટૂંક સમયમાં એમ થાય એની પૂરી વકી છે. આમ, એ કોઠો સર કરવાનો હજુ બાકી છે.

આ અંકના અગ્રલેખમાં તૃપ્તિ કાયદાની મુખ્ય જોગવાઈઓની વિસ્તૃત સમજ આપીને દર્શાવે છે કે આ કાયદો આદિવાસીઓ અને સ્થાનિક સમુદાયોનાં હિતોના રક્ષણ માટે તો સીમાચિહ્ન રૂપ છે જ, પરંતુ એની સાથે જ પાંખાં થઈ ગયેલાં જંગલોની કાયાપલટ કરવાની ગુરુચાવી પણ આપે છે. જો આ કાયદાનો યોગ્ય અમલ કરવામાં આપણે સૌ સફળ થઈશું, તો કદાચ એક સમય એવો પણ આવી શકે જ્યારે આપણે કહી શકીશું કે આઝાદી પછી ૬૦ વરસે પહેલી વાર ૨૦૦૭માં જંગલો અને જંગલવાસીઓની કાયાપલટ કરતો આ કાયદો બનેલો.

‘સેઝ વિવાદ અંગે થોડું...’ લેખ આ પ્રશ્ને દેશભરમાં જે વિવાદ ઊભો થયો છે તેની છણાવટ કરે છે અને આ યોજના મુક્ત બજાર અને ઉદારીકરણની નીતિ સાથે સુસંગત નથી તે વિસ્તૃત દલીલો સાથે સમજાવે છે.

એ ઉપરાંત, તળ પરના સામાન્ય લોકો સાથે થતા વિવિધ અનુભવોને વાચા આપતી રાજેશની કોલમ ‘તળિયેથી’ શરૂ કરી રહ્યા છીએ. પ્રો. કે.વી.પટેલના લેખ ઉપરાંત હિમાંશીબેન, ડંકેશભાઈ કે અશ્વિનભાઈના સાંપ્રત સમસ્યાઓની આસપાસ ચર્ચા - ચિંતન જગાવતા ટૂંકા લેખો પણ આપી રહ્યા છીએ. ઉપરાંત, મૂલ્યશિક્ષણ પરના પ્રતિભાવો પણ આપ્યા છે. ન્યાયતંત્ર પરની કિરીટભાઈની તથા અર્થતંત્ર પરની સૌવિકની શ્રેણીઓ તો છે જ. સ્વદેશી અને એની સાથે જોડાયેલા સંરક્ષણના મુદ્દે મુન્શી પ્રેમચંદની થોડી ટિપ્પણિઓ પણ આપી છે. મુક્ત વ્યાપાર પર મર્મકથા તથા નાનો લેખ આપ્યા છે. ઘણા પ્રશ્નો પર છણાવટો થઈ છે. વાચકો પોતાના પ્રતિભાવો અથવા ચિંતનપ્રેરક લેખો મોકલશે તો ધીમે ધીમે ચર્ચા જામી શકશે.

‘ખોજ’નું રજિસ્ટ્રેશન કરાવવાનું હોવાથી આ અંકને નવેસરથી ક્રમ આપવો પડ્યો છે. જૂના લવાજમો અલબત્ત એની સમયાવધિ સુધી ચાલુ જ રહેશે. લવાજમના દર વધારવા પડ્યા છે એની પણ નવા લવાજમ ભરનાર વાચકમિત્રોએ નોંધ લેવા વિનંતી છે. ■

# પત્રો / પ્રતિભાવો




આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૬૫૩૩૪૩૬
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીનઃ ૩૯૩ ૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૫૦૧૪૦

નવે.ડિસે. ૦૬નો ખોજનો અંક સંતર્પક રહ્યો. મિલ્ટન ફ્રીડમેનને ભારતના યથાર્થ મિત્ર - માર્ગદર્શક તરીકે ભાવપૂર્ણ - ચિંતનપ્રધાન અંજલિ અપાઈ છે. ૫૦ વર્ષ પૂર્વે તેમણે કહેલી વાત ''સરકારે તો પ્રજાજનની ક્ષમતાઓ અને અભિક્રમોને ખીલવા દે એવું વાતાવરણ પૂરું પાડવાનું છે'' આજે કેટલી અર્થપૂર્ણ જણાય છે! છેલ્લાં વર્ષોમાં સરકારે વ્યાપારી બનવાનો રોલ ઓછો કરવા માંડયો તેનાં પરિણામો આપણે જોઈ શકીએ છીએ. ''આયોજન''નો તેમનો આગવો અર્થ કેટલાં પરિમાણોને સ્પર્શી જાય છે !

ખૈરલાંજી કાંડની દર્દનાક કહાની દિગંતભાઈએ મૂકી આપી છે. દલિતોને માત્ર અનામત આપવાથી પ્રશ્નનું પૂર્ણવિરામ આવી જતું નથી, તે આ ઘટનાનો સાર છે. સમાજમાં સમરસતા લાવવા અનેકવિધ કાર્યક્રમો યોજવા પડશે. ખાસ કરીને શાળા-મહાશાળા-કૉલેજોના અધ્યાપકો જાતીય એકતા નિર્માણ માટે મહત્ત્વનો ભાગ ભજવી શકે, તેમનામાં જો સભાનતા સ્થાપવામાં આવે તો. ધી આર્મ્ડ ફોર્સીસ સ્પેશિયલ પાવર એકટ ૧૯૫૮ને દૂર કરવાની વાત ઘણી ચર્ચા માંગે છે. મણિપુરમાં બનેલી ઘટના એકલદોકલ નથી. કાશ્મીર કે ઉત્તરપૂર્વ ભારતના અન્ય વિસ્તારોમાં બનતા આવા બનાવોનું પુનરાવર્તન તો ન જ થવું જોઈએ. જરૂર છે તે માટે રાજકીય ઈચ્છાશક્તિની.

શહેરી વિકાસ અને ગરીબો તેમજ અર્બન રીન્યુઅલ મિશનના લેખો, સમસ્યાના સમાધાન માટે યોગ્ય માર્ગો સૂચવે છે. અન્ય વિકાસશીલ દેશોના અનુભવોની ચર્ચાઓ કરવા જેવી છે. શ્રી લાહિરી શાહે કચ્છને ૨.૭ એમએએફ પાણી ફાળવવાની માંગણી કરી છે તે ટેકનિકલી શકય છે કે કેમ તેનો પ્રત્યુત્તર નિગમના અધિકારીઓએ આપવો જોઈએ.
સૌ લેખકોને અભિનંદન.

*- પ્રવીણચંદ્ર ઠક્કર, લોકભારતી, સણોસરા*

આપના નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૬ના અંકમાં ઝોનિંગ પદ્ધતિ અને શહેરી ગરીબોની સમસ્યા પરના બન્ને લેખો રસપૂર્વક વાંચ્યા. અગાઉ મેં ચાર વર્ષ વડોદરા કોર્પોરેશનમાં ડેપ્યુટી કમિશ્નર તરીકે ફરજ બજાવેલ તેથી વધુ રસ પડ્યો.

ટાઉન પ્લાનિંગ અને ઝોનિંગ વ્યવસ્થા અંગે એટલું જ કહેવાનું કે જ્યારે આ યોજના મુસદ્દા રૂપે વિચારાતી હોય છે ત્યારે સ્થાપિત હિતો, જમીન દલાલો, મોટા જમીન માલિકોની લોબી કામે લાગી જાય છે. પોતે બચે અને બીજાનું નિકંદન થઈ જાય તો વાંધો નહિ, તેવી ગોઠવણી થતી હોય છે. ઝોનિંગના નિયમો જડ છે અને સ્થળ પર લોકોની જરૂરિયાત આધારિત હોતા નથી. માત્ર સાર્વજનિક જનહિત માટે જમીન અનામત રાખી બાકી જમીનની ઝોનિંગ પદ્ધતિ જરૂરિયાત આધારિત અને વધુ લચીલી હોવી જોઈએ.

શહેરી ગરીબો માટે નુર્મ (NURM) યોજના મોડી મોડી પણ શરૂ થઈ. ૧૯૮૧ના વસ્તી ગણતરીના આંકડા બહાર પડ્યા ત્યારે ચેતી જવું જોઈતું હતું, કારણ કે શહેરીકરણ તરફ પ્રયાણ શરૂ થઈ ચૂકયું હતું.

રાજકીય રીતે કોંગ્રેસે ગ્રામીણ વિસ્તારમાં પોતાની પકડ હોઈ તેના વિકાસ ઉપર જ ધ્યાન આપ્યું. શહેરી વિસ્તારના પ્રશ્નો અને તેનાં નાણાંકીય સાધનોને સ્થાનિક સ્વરાજ સંસ્થા (શહેરોની) ઉપર જ છોડી દેવામાં આવેલ. રાજકીય રીતે બીજા પક્ષે શહેરોને પોતાના ગઢ બનાવ્યા, એટલે હવે સરકાર જાગી.

વડોદરા કોર્પોરેશન જેવી સંસ્થાએ ગરીબોના આવાસોનું આગવું આયોજન કરી પ્રશંસનીય કાર્ય કર્યું અને જે તે વખતે મોટી આવાસ યોજનાનું અમલીકરણ કર્યું. નુર્મ યોજના હેઠળ આવાસો ઈન્દિરા યોજનાના આવાસો જેવા

કઢંગા, હલકા ન બને તે ઇચ્છવું રહ્યું.

શહેરી ગરીબો માટે આવાસોની જમીનો મેળવવા અર્બન લેન્ડ સીલીંગ એકટ કોર્પોરેશન વિસ્તારોમાં લાગુ પડ્યો. પણ તે બિલ્ડરો, રાજકીય કાર્યકરો, મંત્રીશ્રીઓ અને ભ્રષ્ટ અધિકારીઓ માટે સોનાની ખાણ જેવો પુરવાર થયો. સરકારે કાંઈ પ્રાપ્ત કર્યું નહીં. માત્ર મહેકમ માટે જે ખર્ચ આટલાં વર્ષ કર્યો તેને બદલે તેમાંથી ખાનગી જમીનો સંપાદિત કરી આવાસો માટે જમીનો મેળવી શકાઈ હોત. તે કાયદા હેઠળ સરકારે મેળવેલ જમીન પણ સાચવવી મુશ્કેલ બની છે તે હકીકત છે.

*- ચિરંતન ઘ. જોશીપુરા, વડોદરા*

'ખોજ' અંક-૫માં 'શહેરી વિકાસ અને ગરીબો - પરસ્પર વિરોધી કે પૂરક' લેખમાં તૃપ્તિબેન પારેખે પેરૂના પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી હરનાન્ડો ડી સોટોની લોકોએ પોતાની મહેનતથી ઊભી કરેલી પરંતુ ઔપચારિક કાયદાના ક્ષેત્રની બહાર રહી ગયેલી મિલકતની વાત કરી છે. આવી કાયદા બહારની મિલકતોને કાયદાના દાયરામાં લઇ આવવી તેની વિશેષ છણાવટ કરી છે અને એક નવો રાહ ચીંધ્યો છે. ત્યારે બીજી બાજુ રિઝર્વ બેન્ક કાયદાના સંકીર્ણ અર્થઘટનમાં અટવાયેલી લાગે છે. તેણે બેન્કોને પરિપત્ર પાઠવી જણાવેલ છે કે જે મકાન, દુકાન, શોપિંગ કોમ્પ્લેક્ષ કાયદેસરની જમીન પર જ અને મંજૂર કરાયેલ પ્લાન પ્રમાણે જ બંધાયેલું હોવાનું પ્રમાણપત્ર ન આપી શકે તેવી મિલકત ખરીદનારાઓ તે પર બેન્કમાંથી ધિરાણ મેળવી નહીં શકે.

આ આધુનિક ઝોનિંગની વાત તપાસતાં લાગે છે કે ૫૦, ૬૦ વર્ષ પહેલાંનાં શહેરોમાં ફક્ત રહેઠાણ વિભાગ અને ઔદ્યોગિક વિભાગ એવા બે વિભાગ જ હતા. જ્યાં લોકો રહેતા તે રહેઠાણ વિસ્તારમાં જ છૂટક વેચાણની દુકાનો હતી. રોજબરોજની જીવન જરૂરિયાતની વસ્તુઓનું વેચાણ એવાં ઘરોમાંથી જ થતું હતું જ્યાં આગળના ભાગમાં દુકાન બનાવી હોય અને પાછળ કે ઉપર રહેતા હોય. દા.ત. કરિયાણાની રીટેઇલ શોપ, રબારીનું ઘર, દરજીકામ કે મોચીકામ વગેરે રહેઠાણનાં જ મકાનોમાં થતું હતું, કારણ કે ઓછા નફાના આ બધા ધંધામાં વધુ ખર્ચા કરવા પરવડે તેમ ન હતા તેમજ તે દિવસોમાં આટલી ખરીદ ઇચ્છા જ લોકોની ન હતી. તેથી ઓછા ખર્ચે ધંધા થાય તે ગણતરી મહત્ત્વની બનતી. માટે જ ઘર અને દુકાન સાથે સાથે જ જોવા મળશે. પૂરા શહેરનો પરા વિસ્તાર જેને આજે જૂનું શહેર કહીએ છીએ ત્યાં હજુ આજે પણ એવી દુકાનો અમદાવાદ, સુરત, વડોદરાના કોટ વિસ્તારમાં જોવા મળે છે. અને લોકો પહેલાં એવું રહેઠાણ શોધતા કે જ્યાં નજીકથી જીવનજરૂરી ચીજ વસ્તુઓ મળે ને નજીકથી પરિવહન સુલભ હોય. એટલે છૂટક જીવનજરૂરી ચીજવસ્તુની દુકાનો તો નવા રહેઠાણ વિસ્તારોમાં પણ નજીક જ હોય. શહેરના વિકાસની સાથે બજારનો પણ વિકાસ થયો, રીટેઇલ શોપ પણ રહેઠાણના વિસ્તારમાં જ વિક્સી. હા, હોલસેલ માર્કેટ તમને સંગઠિત અને એક જ વિસ્તારમાં જોવા મળશે. દા.ત. કપડાં, અનાજ, શાકભાજી, મશીનરી વગેરે.

આમ, રહેઠાણના વિસ્તારમાં જેણે હાલની પદ્ધતિસરની દુકાનનું કાર્યક્ષેત્ર વિસ્તાર્યું તે હવે બિલ્ડીંગ બાયલોઝના કાયદાની બહાર આવી ગઇ અને બિલ્ડીંગ યુઝની વ્યાખ્યામાં એ રેસિડન્સમાંથી કોમર્શિયલ યુઝમાં આવી ગઇ એટલે ગેરકાયદેસરની થઇ. એક બાજુ વિદેશી ધરતી પર જઇ આપણે ભારતના મોટા રીટેઇલ માર્કેટમાં વિદેશીઓને આમંત્રણ આપવા માટેની જાજમ બિછાવીએ છીએ અને ઘર આગણાંનાં રીટેઇલ માર્કેટ પર આપણે કાયદાના દંડા વીંઝીએ છીએ. આમ, દેશના લાખો રીટેઇલરોને ભોગે વિદેશી અને દેશની ગણીગાંઠી કંપનીઓને ફાયદો થાય તે રીતે સરકાર નીતિવિષયક નિર્ણયો બદલી રહી છે.

પહેલાં સરકાર આર્થિક રીતે પછાત વિસ્તારોમાં કંપનીને ઉદ્યોગ સ્થાપવા માટે જે કર રાહત અને અન્ય સવલતો આપતી હતી તેમાં આર્થિક રીતે પછાત રહી ગયેલ વિસ્તારને અગ્રતાક્રમ અપાતો. અત્યારે સેઝમાં તો મોટા શહેરની નજીક કંપનીઓને લાભ આપવાની વાત છે તો પછી પ્રાદેશિક અસમતુલા તો કાયમની બની જશે ને ?

આર્થિક રીતે પછાત વિસ્તારો માટેની અગાઉ ઘડાયેલી નીતિ અને હાલની સેઝની નીતિમાં મૂળભૂત રીતે કયાં નાવિન્ય છે કે જેથી પ્રગતિનાં દ્વાર ફટાફટ ખૂલી જાય ?

અત્યારે રાજ્ય, રાજ્ય વચ્ચે રોકાણો ખેંચવા માટે જે હરિફાઈ છે તે જિલ્લા સ્તરે લઈ જવા માટે પણ વિચારવું જોઈએ તેવું નથી લાગતું !

*- પ્રશાંત ચાવડા, અમદાવાદ*

'ગરીબોની અસ્ક્યામતોની કિંમત કેટલી થાય?' (ખોજ, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૬, પાન નંબર ૩૧)ના ત્રીજા પેરામાં આવું વાક્ય છે : "એમના અંદાજ મુજબ આ તમામ દેશોમાં શહેરી વિસ્તારોમાં આવાં અનધિકૃત બાંધકામોની કિંમત US $ ૬૭૪૦ અને ગ્રામીણ વિસ્તારોની અનધિકૃત જમીનોની કિંમત US $ ૨૬૦૦ મળીને કુલ US $ ૯૩૪૦ જેટલી થાય છે."

આ તથ્યોમાં આંકડાની સાથે મીલીયન કે બીલીયન લખવાનું રહી ગયું હોય તેમ લાગે છે. જો તેમ ન હોય તો, ત્યાર પછીની બધી સરખામણી વ્યર્થ બને છે. આ અંગે સ્પષ્ટતા થાય તે જરૂરી છે.

*- નિશાંત પટેલ, અમદાવાદ*

*[આ બહુ મોટી ભૂલ તરફ ધ્યાન દોરવા બદલ આભાર, નિશાંતભાઈ. તમારી વાત સાચી છે. શહેરી વિસ્તારોમાં આવાં અનધિકૃત બાંધકામોની કિંમત US $ ૬૭૪૦ **ટ્રીલીયન** થાય છે; અને ગ્રામીણ વિસ્તારોની અનધિકૃત જમીનો -*

*બાંધકામોની કિંમત US $ ૨૬૦૦ **ટ્રીલીયન** - થાય છે, એમ બધું મળીને કુલ US $ ૯૩૪૦ **ટ્રીલીયન** થાય છે. વાચકોને આ સુધારીને વાંચવા વિનંતી છે. - તૃપ્તિ]*

''ખોજ''ના નવે.-ડિસે. ૨૦૦૬ના અંકમાં મિલ્ટન ફ્રીડમેનને શ્રદ્ધાંજલિ અર્પતાં તેમના વિશે વિસ્તૃત પરિચય અને જાણકારી આપી તે માટે અંબરીષભાઈને ધન્યવાદ. ચેરિયાઓનો વિનાશ થાય છે એ અંગે પ્રકાશ પાડવા માટે લેખકો તથા ''ખોજ''ને ધન્યવાદ. આ અંકમાં લાહિરી શાહનો પત્ર સ્તુત્ય વિગત ખચિત છે.

*-બાબુલાલ ગોર, ભુજ*

'ખોજ'નો નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૬નો અંક મળ્યો. રસપૂર્વક વાંચ્યો. સુંદર પ્રકાશન અને સુવાચ્ય મુદ્રણથી પ્રભાવિત થયો. 'ખોજ'ના અંકનું કદ અને મુખપૃષ્ઠ તથા 'જીવન એક અવિરત ખોજ - આવિષ્કાર' વાક્ય ગમ્યું. આ લેખન - સજાવટ ખરેખર અભિનંદનને પાત્ર છે.

'તમારા મનને મુક્ત કરો - ૩' મનન અને વિચારશીલ લેખ છે. 'ભારતનું આર્થિક આયોજન', 'નર્મદાના નીર માટેનો કચ્છનો સંઘર્ષ' તેમજ અન્ય લેખો મનઃ પ્રદેશમાં હંમેશાં યાદ રહેશે. સંપાદક મંડળને ધન્યવાદ !

*- હર્ષદભાઈ એસ. વ્યાસ, ભાવનગર*

'ખોજ' મેગેઝીનમાં, ન્યાય-તંત્ર વિષેના એડવોકેટ કિરિટ પાનવાલાના લખાણ ધ્યાનપૂર્વક રસપૂર્વક વાંચ્યું છું. આપણી ન્યાય પધ્ધતિ આપણને અંગ્રેજ શાસકો વારસામાં આપી ગયા છે જે બદલવાની અનિવાર્ય જરૂરત છે.

આ પત્ર લખવાનું કારણ તો કિરીટ પાનવાલાને એકાદ બે પ્રશ્ન પૂછવાનું છે. મુંબઈની ટાડા અદાલતમાં મુંબઈમાં થયેલા શ્રેણીબદ્ધ ધડાકામાં ૨૫૦/૩૦૦ નિર્દોષ વ્યક્તિઓએ પોતાના જીવ ગુમાવ્યા હતા, તે બાબતના ખટલામાં ૧૦૦/૧૫૦ જેટલા આરોપી છે જેમાંનો એક, મુંબઈની ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો હીરો સંજય દત્ત પણ છે.

ઘાતક હથિયાર પરવાના વગર રાખવા માટે, આર્મ્સ એકટની કલમ ૩ અને ૭ હેઠળ દોષિત ઠરાવાયો છે, જ્યારે ટાડા કાનૂનની કલમ ૫ પણ આ જ ગુનાને (પરવાના વગર ઘાતક હથિયાર રાખવા) આવરતી હોવા છતાં, ટાડા કાનૂન હેઠળ આ જ ન્યાયમૂર્તિ-પ્રકાશ કોડેએ, સંજય દત્તને નિર્દોષ માન્યો છે. એકસરખા-એક જ પ્રકારના-ગુના માટે, બે અલગ અલગ કાનૂનોનું અલગ અલગ અર્થઘટન? એક જ ખટલામાં અને તે પણ એક જ ન્યાયમૂર્તિ દ્વારા ! આમ કેમ?

*-લાહિરી શાહ, હૈદ્રાબાદ*

સ્પેશિયલ ઈકોનોમિક ઝોન-સેઝ એ કંઈ વિકાસની પારાશીશી નથી. એમાં નિમ્ન વર્ગના વિકાસની વાત આવતી જ નથી. ઊલટું, સેઝ બનતી વેળા જે વર્ગ પોતાની જમીન કે મકાન જેવી સ્થાવર મિલકત ગુમાવે છે અને બદલામાં જે પૈસા મેળવે છે તેનું સુખ માંડ એકાદ દાયકા સુધી માણે છે. પણ તેમનાં બાળકોએ ભૂમિવિહીન કે મકાન (પોતાના) વિહીન થવાની નોબત આવે છે. એટલે આ સેઝની વાત જડમૂળથી કાઢવી પડે અથવા નવા સેઝ થવા દેવા જ ન જોઈએ. લોકોમાં જ આ જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

હવે એમાં પુનર્વસવાટની વાત શરૂ થઈ છે. પણ એ કેટલું અઘરું છે એનો સૌને અનુભવ છે જ. સમાંતર વિકાસની દિશામાં પણ ગાડીના બે પાટા સીધી દિશામાં પ્રગતિ તરફ નહીં પણ એક અધોગતિ તરફ અને બીજો વિકાસ તરફ જઈ રહ્યા છે, જેના બંને છેડા કયારેય મળતા નથી. એવી આ આર્થિક સેઝની નીતિનો વિરોધ થવો જોઈએ.

*- અંજના દેસાઈ, અમદાવાદ*

નવેમ્બર-ડિસેમ્બરનો 'ખોજ'નો અંક વાંચતાં ઘણાં વર્ષો પહેલાંના 'The Radical Humanist'ના પ્રકાશનની સ્મૃતિ થઈ આવેલી. તમો સમાજના પાયાના પ્રશ્નોમાં રસ લઈને 'ખોજ'ના અંકમાં જે વિવરણ આપો છો તેથી ખુશી થઈ છે. આપની પ્રવૃત્તિ વિકાસ પામે તેવી અભ્યર્થના!

*-જિતેંદ્રરાય ઈ. મહેતા, ભાવનગર*

## એક વિજ્ઞપ્તિ

'ખોજ'ના આ અંકના પહેલા પાને વર્ષ-૧, અંક-૧ એમ વાંચીને આપને કદાચ નવાઈ લાગી હશે. કારણકે, આમ તો આ અંક સાથે 'ખોજ' બે વર્ષ પૂરાં કરે છે. પરંતુ, થોડા સમય પહેલાં ન્યુઝપેપર/મેગેઝીન તરીકે રજિસ્ટર કરાવવા માટે રજિસ્ટ્રાર ઓફ ન્યુઝપેપર, માહિતી અને પ્રસારણ મંત્રાલયમાં કરેલી અરજી પરત આવી, જેમાં જણાવવામાં આવેલું કે સંપાદક-પ્રકાશકના ડિક્લેરેશન કર્યા બાદ પહેલા અંકનું પ્રકાશન કરવાનું હોય છે. શરૂઆતના ગાળામાં ડિક્લેરેશન કરવાનું અમે ટાળેલું, કારણકે અમે હજી એ જોવા માગતા હતા કે 'ખોજ'ને ગુણવત્તા સાથે ચાલુ રાખી શકાશે કે નહીં. હવે વિશ્વાસ બન્યો છે કે 'ખોજ'ને ચાલુ રાખી શકીશું અને આપ સૌને પણ એ વાંચવામાં રસ છે. તેથી રજિસ્ટ્રેશન કરાવવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે. મંત્રાલયના આવા વિચિત્ર નિયમને કારણે અમારે ફરીથી એકડે એકથી ચાલુ કરવું પડ્યું છે.

અલબત્ત, જે લવાજમો આવ્યાં છે તે તો તેની સમયાવધિ સુધી ચાલુ જ રહેશે. ચાલુ અંકથી લવાજમ વધારવાની ફરજ પડી છે, હવે પછી લવાજમ મોકલનાર વાચકોને એની નોંધ લેવા વિનંતી છે. એક વિજ્ઞપ્તિ કરી દઈએ કે જૂના છૂટક અંકો અથવા એનો ભેગો બાઉન્ડ સેટ અમારી પાસેથી મળી શકશે. -સં]

# શિક્ષકનું કાર્ય - કુંભારનું નહીં, દાયણનું

- સુરેશ પરીખ

કોઈપણ કામ કરવું હોય તો તેના છ મુદ્દા ધ્યાનમાં રાખીએ તો કામ અર્થપૂર્ણ, અસરકારક, સફળ, સહજ રીતે થઇ શકે અને તેનો આનંદ આવે, થાક ન લાગે. એ મુદ્દા છે - (૧) What (શું), (૨) Why (શા માટે), (૩) How (કેવી રીતે), (૪) When (ક્યારે), (૫) Where (ક્યાં) અને (૬) How much (કેટલા પ્રમાણમાં). દા.ત. મારે લેખક થવું છે. પછી હું How to be a good auther ? જેવા કોઇ પણ કામ-ધંધા માટેનાં Howનાં સંખ્યાબંધ પુસ્તકો મળે છે તે વાંચું, સમજું, કોઇ સારા લેખકને મળી એ કેવી રીતે સફળ થયો તે સમજું, વગેરે. એમાં અગત્યનો ભાગ બીજો છે. તે પ્રત્યે ધ્યાન ઓછું હોય છે. Howની પહેલાં જરા થોભી જઇ Why અંગે પૂછવું-વિચારવું જોઇએ. મારે મારી જાત જોડે શક્ય એટલા પૂરા સ્પષ્ટ થઇ જવું જોઇએ કે મારે શું કામ લેખક બનવું છે. અને આ સ્પષ્ટતા હશે તો How ના ઘણા વિકલ્પ દેખાશે. આ ત્રણ પછી Whenમાં સમયનો ખ્યાલ છે. કોઇ પણ કામ કસમયે શરૂ કરીએ તો મેળ નહીં પડે. Where માં સ્થળનો ખ્યાલ છે. એકાદ ઓરડામાં કરવાનું કામ જાહેર મેદાનમાં કરીએ તો ના ચાલે અને How much માં પ્રમાણભાન છે. કોઇ પણ વાત out of proportion કરીએ તો કરનારને અને અન્યને નુકસાન પહોંચાડે.

આ જ વસ્તુ કેળવણી - શૈક્ષણિક કાર્ય-ને લાગુ પાડીએ. આપણે શિક્ષણકાર્ય કરવું છે. તે કેવી રીતે કરાય તેની સંખ્યાબંધ રીતો સમાજમાં હયાત છે જ. ઘડીભર શિક્ષણકાર્ય શા માટે એ વિચારીએ, તો તે સંદર્ભમાં પછી મૂલ્યનિષ્ઠ શિક્ષણ - Value-based education ને તપાસી શકાય. આજે શૈક્ષણિક સંસ્થા ચલાવનાર અને એમાં કામ કરનાર શિક્ષક ભાઇ-બહેનો વચ્ચે પણ શું કામ શિક્ષણકાર્ય ગોઠવીએ છીએ - કરીએ છીએ તે અંગે પણ એકમત નથી હોતો. શૈક્ષણિક કાર્ય સાથે સંકળાયેલ સરકાર, સંસ્થાઓ અને શૈક્ષણિક કાર્ય કરનારાના હેતુઓ અલગ હોઇ શકે.

શિક્ષણકાર્યના Why અને How મુદ્દા અંગે વિચારતા પહેલાં કેટલીક ભૂમિકા બાંધીએ : કૂતરો જનમથી કૂતરો છે એટલે કે કૂતરાએ પોતાના જીવનમાં જે કાંઇ કરવાનું છે તે જન્મતાંની સાથે જ એને આવડે છે એટલે કૂતરાને ભસવાનું શીખવવાની શાળાઓ કે તરવાનું શીખવવા માટેના સ્વીમીંગ પુલ હોતા નથી. ફેંકેલો બોલ ઝીલવાની કુશળતા કૂતરાને તાલીમ આપવાથી તે મેળવે છે. પરંતુ બોલની રમત કૂતરા માટે નથી. એટલે કૂતરાએ જે સામાન્ય રીતે પોતાના જીવન માટે કરવાનું ન હોય તેને માટે તાલીમ આપી શીખવી શકાય છે. મનુષ્યની બાબતમાં એ જન્મે છે ત્યારે માણસ તરીકે જીવન જીવવા માટે શું કરવું, શું ન કરવું, કેવી રીતે કરવું વગેરે એને આવડતું નથી. એની સ્પષ્ટ સમજણ, આવડત હોતી નથી. એ શીખવવા માટે આપણે વીસેક વર્ષની વ્યવસ્થા ગોઠવી. એનું નામ કેળવણી. ખાસ ગૂંચવણભરેલી સૈદ્ધાંતિક વાતો કરી વાતને ગૂંચવવી ન હોય તો સરળ રીતે એટલું કહી શકાય કે કેળવણીના બે હેતુ હોય - એક તો વ્યક્તિને કોઇ કામની કુશળતા આવે કે જેને આધારે એનો રોજી-રોટીનો પ્રશ્ન ઊકલી જાય અને બીજું, માણસ તરીકેનું સ્વસ્થ જીવન જીવવા અંગેની થોડીક સમજણ આપીએ, જેને આધારે સમાજના એક જવાબદાર અંગ તરીકેની પોતાની જીવનશૈલી સમ્યક્ ભૂમિકાએ ગોઠવી શકે. પ્લેટોથી માંડીને ગાંધી-વિનોબા, જે. કૃષ્ણમૂર્તિ કે પછી શ્રી અરવિંદ કે રવિન્દ્રનાથ ટાગોર, શ્રી વિમલા ઠકાર વગેરેએ પોતાની સ્વસ્થ માનવ અને સ્વસ્થ સમાજની કલ્પનાને આધારે શૈક્ષણિક કાર્યના આયોજન - અમલીકરણ કરવાની દિશામાં સારું એવું વિચારભાથું આપેલું જ છે. પ્રાયમરીથી માંડીને પીએચ.ડી. સુધીના વિવિધ વિદ્યાશાખાના શૈક્ષણિક કાર્ય માટેની ચીલાચાલુ સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત ગોઠવાતી શાળા, કોલેજો કે પછી મ્યુનિસિપાલિટી કે અર્ધ સરકારી કે સરકારી રાહે ચાલતી સંસ્થાઓ વગેરે પોતે પોતાની રીતે ઓછું-વત્તું કામ કરતી હોય છે. આ બધા વચ્ચે અને એ સિવાય સ્વતંત્ર રીતે શૈક્ષણિક કાર્ય સૈદ્ધાંતિ અને વ્યાવહારિક રીતે તપાસી શકાય, વિચારી શકાય, ગોઠવી શકાય. આવા સંદર્ભે કહેવાતા મૂલ્યનિષ્ઠ શિક્ષણ અંગે વિચારી શકીએ.

'ખોજ'ના જુલાઇ-ઓગસ્ટ ૨૦૦૬ના અંકમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણ અંગેનો પ્રા. મહેન્દ્ર ચોટલિયાનો લેખ છે તેના પ્રતિભાવરૂપે આ લેખ નથી, પણ તેના અનુસંધાને આ લખાણ રજૂ કરાય છે. 'મૂલ્યનિષ્ઠ' શિક્ષણને નામે જે કાંઇ ચાલે છે તેની ઘાતકતા 'મૂલ્ય શિક્ષણ' આપવાની પદ્ધતિ ભૂમિકા અને લક્ષણો વગેરે જણાવી છેવટે વિશેષણ વગરના શિક્ષણ પ્રતિ જવાની વાત કરે છે. તેમાં પાન નં ૩૨ ઉપરનો પાંચમો મુદ્દો 'ક્રાંતિક વિચારણા એ જ મુખ્ય આયુધ છે' માં લખેલ મુદ્દો પૂરો સ્વીકાર્ય લાગે છે. તે સાથે એ જ સતર્કતા, કહેવાતા 'મૂલ્યનિષ્ઠ' શિક્ષણની બાબતમાં સ્વીકાર્ય બની

શકે. 'મૂલ્યનિષ્ઠ' શિક્ષણની બાબતો -content - અંગે વાંધા ન હોય તો તે મુજબ કામ કરવાની પદ્ધતિના દોષો હોઇ શકે તેને સુધારી લેવાય, પરંતુ અમલીકરણની નબળાઇ - કચાશને કારણે content ને વાંધાજનક કે અસ્વીકાર્ય માની લેવાનો અર્થ નથી. કોઇ પણ પ્રકારે શિક્ષણકાર્ય કરવું હોય તો તે વિદ્યાર્થી દ્વારા સ્વીકારવા માટે નહીં, વિચારવા માટે મુકાય અને એનો પૂરતો ખ્યાલ શિક્ષણ અંગેના શબ્દોથી નહીં પણ પોતાના વ્યવહાર - શિક્ષણપદ્ધતિ - મારફત મૂકે તો કોઇ ચોક્કસ મૂલ્યો, સિદ્ધાંતો, વિચારસરણીને શૈક્ષણિક કાર્યમાં રજૂ કરવામાં કશું વાંધાજનક નથી. આખરે તો કોઇ પણ પ્રકારના શિક્ષણમાં કેટલીક વાતો - મુદ્દાઓ મૂકવા જ પડશે ને. સ્વસ્થ માણસ - સ્વસ્થ સમાજની વાતોમાં પણ આપણી માન્યતાઓ - વિચારણા - સિદ્ધાંતો આવવાના જ. માત્ર એ દબાણપૂર્વક ન મુકાય એટલું જોવું રહ્યું. છેવટે શિક્ષક એટલું સમજે કે એનું કામ કુંભારનું નહીં પણ દાયણનું છે, તો પછી વિદ્યાર્થીને માટીનો લોંદો સમજી તેને ચોક્કસ આકાર આપવાના પ્રયત્નોને બદલે બાળકમાં જે કાંઇ પડેલું છે તે સમ્યક્ રીતે બહાર આવે એમાં શક્ય એટલો મદદરૂપ થવાનો પ્રયત્ન કરશે. ■

# તરુણ શિક્ષણ - કયો સમાસ ?

*- કર્દમ ર. મોદી*

તરુણ શિક્ષણ એટલે શું ? એ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે નહીં પણ માત્ર 'તરુણ શિક્ષણ' કયો સમાસ છે તેની ચર્ચા કરવા માટે આ લેખ લખવાનો આશય છે.

તરુણ એટલે આશરે ૧૩ થી ૧૯ વર્ષની વયનાં બાળકો કે જેમણે હમણાં જ બાળપણ પૂરું કર્યું છે અને યુવાનીમાં પગ મૂકી રહ્યાં છે. એવાં બાળકો છે જે હંમેશાં માત્ર કુદરતી વૃત્તિથી પરિચાલિત થતાં હતાં તેઓ હવે વિચાર નામના તત્ત્વથી પરિચાલિત થશે. આપણી ભાષામાં કહીએ તો મૂછનો દોરો ફૂટવાનો શરૂ થયો હોય એવા જુવાનિયા એમ કહી શકાય. આવાં બાળકોને તરુણોમાં ગણવાનો રિવાજ છે.

''તરુણોમાં વિચાર નામનું તત્ત્વ આકાર લઇ રહ્યું છે. આથી તેઓ ગમે તે વિચારી કાઢે તો? - એવો વડીલોને ડર લાગે છે. આથી તેઓ તેમને કેળવણી આપવાનું વિચારે છે, જેથી કોઇ પ્રણાલિકાનો ભંગ ન થાય અને બધું સમુંસુતરું પાર પડે. આથી તેમને સંસ્કારલક્ષી અથવા જીવનલક્ષી શિક્ષણ આપવા અંગે વડીલો સચિંત બને છે. એ માટે વિવિધ આયોજનો કરે છે, ધાર્મિક ક્રિયાકાંડોને અનુસરે છે, સંપ્રદાયોના અનુયાયી બને છે. અને આમ કરીને તરુણોના મનમાં એવો ખ્યાલ ઉતારવામાં આવે છે કે આ મુજબ જીવન જિવાય અને આ પદ્ધતિને અનુસરવાથી સમગ્ર સામાજિક તંત્રની સંવાદિતા જળવાઇ રહે. આથી ''તરુણ શિક્ષણ'' શબ્દનું વિશ્લેષણ જો ''તરુણોને શિક્ષણ'' એમ કરીએ તો તરુણ શિક્ષણ એ દ્વિતીય તત્પુરુષ સમાસ થાય.

શું આ શબ્દને અન્ય કોઇ રીતે વિશ્લેષણ કરીને કંઇ નવું સંશ્લેષણ થઇ શકે ખરું ? ચાલો વિચારીએ. . .

ધારો કે ઇ.સ. ૧૯૦૧ની સાલમાં સડકો પર જે પ્રકારની મોટરગાડીઓ ફરતી હતી તે મોટરગાડીઓ જ કાયમ માટે ફેરવ્યા કરવી, એવો કાયદો બનાવવામાં આવ્યો હોત તો એ સમજવું સરળ છે કે આજે ૨૦૦૬ની સાલમાં એટલે કે ૧૦૦ વર્ષ પછી પણ મોટરોના ઇતિહાસમાં કશી જ પ્રગતિ ન થઇ હોત અને આજે પણ આપણે કલાકે ત્રીસ કિ.મી.ની ઝડપે દોડતી ગાડીઓ જોઇ શકતા હોત. અને ગાડી કેવી પૂરપાટ દોડી રહી છે, એમ આપણે સાશ્ચર્યાનંદ કહેતાં હોત. કારણ કે ત્રીસથી વધારે ગતિવાળી ગાડીની આપણા મનમાં કલ્પના જ ન હોત અને એની સાથે આકાશમાં કલાકના સેંકડો કિ.મી.ની ઝડપે ઊડતાં અવકાશયાનોનો કેવો રમૂજી વિરોધાભાસ સર્જાય? જોવાની તો મજા જ આવે !

હાસ્યાસ્પદ લાગતી આ વાત સાંભળવાની સાથે જ આપણે કહી ઊઠીએ કે ૧૯૦૧ની ગાડી કાયમ માટે સડક પર ન ફરે પરંતુ જેમ જેમ સંશોધનો થતાં જાય તેમ તેમ ગાડીનાં મોડેલ બદલાતાં જાય અને તો જ આજે સડકો પર નજરે પડતી અદ્યતન ગાડીઓ પ્રાપ્ત થઇ શકે.

તે જ રીતે સમાજની અંદર માણસે જીવવા માટે મૂલ્યો પ્રસ્થાપિત કર્યાં છે તે મૂલ્યોને તે લઇને જીવ્યે જાય છે. જેમ જેમ સમય આગળ વધે તેમ તેમ જૂની પેઢીનો માનવી તેના પછીના નવી પેઢીના માનવીને પોતાનાં મૂલ્યો આપતો જાય છે. અને નવી પેઢી એ મૂલ્યોને સ્વીકારતી જાય છે. થોડા સમય પછી નવી પેઢી એ જૂની પેઢીમાં રૂપાંતરિત થાય ત્યારે પોતે પ્રાપ્ત કરેલાં મૂલ્યો એ પોતાની પછીની પેઢીમાં સ્થાનાંતરિત કરે છે. અને એમ મૂલ્યો યથાવત્ સ્વરૂપમાં આગળ ધપતાં રહે છે. અને

પરિણામે ૧૯૦૧ની સાલમાં જીવતો માણસ જૂના જમાનાનો કહેવાય અને ૨૦૦૧ની સાલમાં જીવતો માણસ નવા જમાનાનો કહેવાય. પરંતુ મૂલ્યધારણા બંનેની સરખી હોવાની. આથી ૧૯૦૧ના અને ૨૦૦૧ની સાલના બંને માણસો સમાન યુગના કહેવાય કારણ કે બંનેનાં મૂલ્યો સમાન છે. વળી માણસ મૂલ્યોથી પરિચાલિત થાય છે. આમ, મૂલ્યોમાં પરિવર્તન નહીં આવવાથી સમાજનો વિકાસ સ્થગિત થઇ જશે. આવા સમાજમાં સંસ્કૃતિ શબ્દ જનપ્રિય બને છે. મૂલ્યોને પોતાના યથાવત્ સ્વરૂપમાં જ નવી પેઢીમાં આરોપિત કરવાની અપેક્ષા રાખતો સમાજ ૧૦૦૦ વર્ષ પછી પણ પ્રગતિ કરી શકે નહીં કારણ કે સમાજની પ્રગતિ કરાવવાવાળો ઘટક તે મૂલ્ય છે.

આથી, જે સમાજને પ્રગતિશીલ સમાજ તરીકે જોવો હોય અને આધુનિક યુગમાં સ્થાન ધરાવવાની ઝંખના જો સમાજ રાખતો હોય તો મૂલ્યનિર્ધારણ નહીં પણ મૂલ્યપ્રદાનની પ્રક્રિયા પર વિચારણા કરવી ઘટે. જૂની પેઢી જ્યારે નવી પેઢીને મૂલ્યપ્રદાન કરતી હોય ત્યારે ક્ષણેક થોભી અને સ્વજ્ઞાન સાથે ગોઠડી માંડે અને પછી મૂલ્યપ્રદાન કરે તો કંઇક નીપજી શકે.

જૂની પેઢી ખૂબ લાંબો સમય સ્વમૂલ્યો સાથે જીવી હોય આથી તેનું પોતાનાં મૂલ્યો સાથે અભિસંધાન થઇ ગયું હોય છે. આથી જૂની પેઢી ઇચ્છે તો પણ મૂલ્યસુધારણા કે નવાં મૂલ્યો તે નવી પેઢીને પ્રદાન નહીં કરી શકે. તો પછી નવાં મૂલ્યોનો પ્રાપ્તિસ્રોત કયો?

એ વાત તો સ્પષ્ટ છે કે નવી પેઢીનું અર્થાત્ તરુણોનું મન પુરાણા ખ્યાલો સાથે અભિસંધાન નથી ધરાવતું, જાણે કે કોરી સ્લેટ ! આથી તે પોતાની આસપાસના વાતાવરણમાં આકાર લેતી ઘટનાને પોતાની ચેતના સાથે સાંકળીને તે કંઇક નવું નીપજાવશે. આથી નવાં મૂલ્યોનો પ્રાપ્તિસ્રોત નવી પેઢી અથવા તરુણો છે. આથી સમાજની સ્થગિતતા અટકાવવા કે સમાજને મૂલ્યોની દિશામાં આધુનિક બનાવવા નવી પેઢીનાં મૂલ્યોને આવકારવાં રહ્યાં. હા, ''તરુણો કદાચ ભૂલ કરી બેસશે તો ?'' એવો ડર જરૂર લાગે પરંતુ ભૂલ કોણ નથી કરતું ? અને ભૂલ ન કરવી એ બાબત વ્યાવહારિક દષ્ટિએ જરા પણ શક્ય જણાય છે ? વળી, ભૂલ કરવી એટલે શું કરવું ? વધુમાં વધુ શું થઇ શકે ? મૃત્યુ ? શું પ્રત્યેક ભૂલમાં મૃત્યુ નીપજે ખરું ? શું મુત્યુ ક્યારેય નથી આવવાનું ? જો ભૂલ કરશે અને કંઇક નવું પ્રાપ્ત કરી નાખશે તો ? ભૂલ આપણે એને કહીએ છીએ કે જેમાં અંતે આપણું (જૂની પેઢીનું) ધારેલું ન થાય. પણ જૂની પેઢીનું ધારેલું જ જો થાય તો એનો અર્થ એ થયો કે ફરી પાછું જૂનું મૂલ્ય જ પ્રસ્થાપિત થયું.

હવે જો જૂનું મૂલ્ય જ પ્રસ્થાપિત થાય તો સમાજની સ્થગિતતા દૂર થાય ખરી ? આથી જરૂર છે કે તરુણથી ભૂલ થાય એટલું જ નહીં, ભૂલ થાય તો જ નવું મૂલ્ય પ્રાપ્ત થાય. આથી તરુણોથી ભૂલ થવી જોઇએ. અથવા ભૂલ થાય એ માટે તક ઊભી કરી આપવી જોઇએ.

હવે બીજું ભયસ્થાન એ છે કે ''તરુણોને ભૂલ કરવાની સ્વતંત્રતા આપવી જોઇએ'' તેવું આપણે કહીએ તો સમાજ બગડી જાય એવો ડર લાગે છે (આપણને હંમેશાં 'ડર' જ લાગે છે. બીજું કશું જ નથી લાગતું). જો કે આ 'બગડવુ' એ શબ્દ પર થોડું ચિંતન કરવા જેવું છે. આ 'બગડવું' એટલે શું? દૂધ બગડી જાય છે કે રાંધેલો ખોરાક બગડી જાય છે એ રીતે સમાજ બગડી જાય ખરો? (માત્ર 'સમાજ બગડી જાય' એમ ન કહો, નક્કર તાર્કિક દલીલ આપ.) દૂધ કે રાંધેલા ખોરાકની જેમ સમાજ કદી બગડી ન શકે કારણ કે દૂધ કે રાંધેલો ખોરાક એ અંતે નિર્જીવ વસ્તુઓ છે જ્યારે સમાજ જીવતા મનુષ્યોથી ધબકતો એક સમૂહ છે. આથી સમાજ બગડી જાય એ વાક્ય સદંતર ખોટું અને ભ્રમમાં નાખે તેવું અતાર્કિક વાક્ય છે. હકીકતમાં, સમાજ પૂર્વે જે બાબત કે ઘટનામાં જે વલણો અપનાવતો હતો તે બાબતમાં નવાં વલણો અપનાવે તો સમાજ બગડી ન જાય પરંતુ બદલાઇ જાય એવું જરૂર કહી શકાય. અંદરખાનેથી આપણે આ બાબત જાણતા હોવા છતાં આપણે 'બગડવું' શબ્દ એટલા માટે પ્રયોજીએ છીએ કે આપણા પૂર્વગ્રહોને 'બગડવું' શબ્દમાં મુક્ત વિહાર કરવાનો અવકાશ છે. દૂધ જ્યારે બગડી જાય છે ત્યારે ખરેખર તે બગડતું નથી પરંતુ તેનો ઉપયોગ બદલાય છે. જેમ કે ન બગડેલું દૂધ ચા બનાવવામાં ઉપયોગી છે જ્યારે ખાટું થયેલું દૂધ દહીંમાં પરિવર્તન પામશે આથી તેનો ઉપયોગ ચા બનાવવાને બદલે છાશ બનાવવામાં થશે. આમ, દૂધ કયારેય બગડતું નથી, માત્ર તેની ઉપયોગિતા બદલાય છે.

હજારો વર્ષથી વહેતો આ સમયનો પ્રવાહ ક્યારેય અટક્યો નથી. તેને રોકવાની જરૂર માનનારા ખુદ પણ એમાં વહી ગયાં છે. ત્યારે તરુણોને શિક્ષણ આપીને આ વિરાટ કાળપ્રવાહને રોકવાની લઘુતા શા માટે આચરવી ? શા માટે કાળપ્રવાહને આગળ ધપતાં રોકવો ? અને એ માટે તરુણોને શિક્ષણ આપવાનો મોહ છોડીને તેમની પાસેથી શિક્ષણ લેવું ઘટે. કદાચ આ જ આધુનિકતા છે. આથી તરુણો દ્વારા અપાતું શિક્ષણ આપણે લેવું. આમ ''તરુણોને શિક્ષણ'' કહેવાને બદલે ''તરુણોથી શિક્ષણ'' એવો શબ્દવિગ્રહ ''તરુણ શિક્ષણ'' શબ્દનો કરવામાં આવે તો તરુણ શિક્ષણને તૃતીય તત્પુરુષ સમાસ કહેવો જોઇએ. આમ, તરુણ શિક્ષણને દ્વિતીય તત્પુરુષ સમાસ કહેવો એ જૂનું વ્યાકરણ છે જ્યારે તૃતીય તત્પુરુષ સમાસ કહેવો એ નવું વ્યાકરણ છે. ■

# નવમા પરિશિષ્ટ પરનો સુપ્રીમનો શકવર્તી ચુકાદો

*- તૃપ્તિ પારેખ*

૧૧ જાન્યુઆરી ૨૦૦૭ના રોજ સુપ્રીમ કોર્ટના નવ ન્યાયમૂર્તિઓની બંધારણીય બેંચે શકવર્તી ચુકાદો આપ્યો કે બંધારણના નવમા પરિશિષ્ટની છત્રછાયા હેઠળ ન્યાયિક જાંચથી ‘રક્ષણ’ મેળવતા હોય તેવા કાયદાઓ તથા બંધારણીય સુધારાઓને બંધારણના મૂળભૂત અધિકારોની તાવણી પર ચકાસી શકાશે. ૨૪ એપ્રિલ ૧૯૭૩ (એટલે કે કેશવાનંદ ભારતી કેસ) પછી આ પરિશિષ્ટમાં મુકાયેલા તમામ કાયદાઓને આ ચુકાદો લાગુ પડશે.

અનામત પ્રશ્ને હોય કે પોલીસ સુધારા અંગે હોય; ઓફિસ ઓફ પ્રોફિટના કેસમાં હોય કે સિલીંગના પ્રશ્ને હોય; કે પછી અસંખ્ય પર્યાવરણીય મુદ્દાઓ અંગે હોય - સંસદ અને ન્યાયતંત્ર વચ્ચેના ગજગ્રાહે તાજેતરમાં ઉગ્ર સ્વરૂપ પકડ્યું છે. ત્યારે કોઈ સ્હેજે એવું માનવા પ્રેરાય કે આ ચુકાદો પણ આ ગજગ્રાહના ભાગ રૂપ જ હશે. પણ, આ ચુકાદા માટે એમ કહી શકાય એમ નથી. હકીકતમાં આ ચુકાદો સત્તાના વિભાજન (separation of power) જેવા બંધારણના મૂળભૂત માળખા કે બંધારણે બક્ષેલા મૂળભૂત અધિકારો સાથે સંકળાયેલો છે. આ ચુકાદાનું મહત્ત્વ સમજવા માટે બંધારણમાં ઉમેરવામાં આવેલા આ પરિશિષ્ટના છેલ્લા પંચાવન વર્ષના ઈતિહાસ પર ઝડપથી નજર નાખી જવા જેવી છે.

આઝાદી પછી ઘણાં રાજ્યોમાં જમીનદારી પ્રથા ચાલુ હતી, જ્યાં જમીનોનો વર્ષો જૂનો કબજો-ભોગવટો સામાન્ય ખેડૂતોનો હતો. કેન્દ્ર સરકારે જમીનદારી નાબૂદ કરતા અને કબજા હક્ક ધરાવનાર ખેડૂતોને જમીનો નામે કરી આપતા અનેક જમીન સુધારા (land reforms) કાયદાઓ બનાવ્યા. ત્યારે આપણા બંધારણમાં મિલકતના અધિકારનો આર્ટિકલ ૧૯ હેઠળ મૂળભૂત અધિકારનો દરજ્જો હતો. તેના આધારે જમીનદારોએ મૂળભૂત અધિકારના ભંગના મુદ્દે કોર્ટનાં દ્વાર ખખડાવેલાં. પટના હાઈકોર્ટે (કામેશ્વરસિંઘના કેસમાં) મિલકતના મૂળભૂત અધિકારનું સાંકડું અર્થઘટન કરીને બિહાર લેન્ડ રિફોર્મ્સ એક્ટ ૧૯૫૦ને ગેરબંધારણીય અને તેથી રદબાતલ ગણાવ્યો. જેની ન્યાયિકતા પડકારવાને બદલે કેન્દ્ર સરકારે સહેલો માર્ગ અપનાવવાનું નક્કી કર્યું. અને જમીન સુધારાને લગતા કાયદાઓને કોર્ટની જાંચ-તપાસથી બચાવવા માટે તુરંત ૧૯૫૧માં પહેલો બંધારણીય સુધારા કાયદો પસાર કર્યો અને બંધારણમાં આર્ટિકલ ૩૧ A તથા ૩૧ B અને તેની સાથે નવમા પરિશિષ્ટને પૂર્વવર્તી અસરથી (retrospective effect) ઉમેરી દીધા. આર્ટિકલ ૩૧ A એસ્ટેટ કે જાગીરના સંપાદન પૂરતો મર્યાદિત છે, પણ આર્ટિકલ ૩૧ B ને વ્યાપક બનાવવામાં આવ્યો. એમાં નવમું પરિશિષ્ટ ઉમેર્યું, જેમાં મૂકવામાં આવેલ કોઈપણ કાયદા, નિયમ કે જોગવાઈને બંધારણના મૂળભૂત અધિકારોનો ભંગ કરે છે એ આધાર પર રદબાતલ ઠેરવી નહીં શકાય એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી. શરૂઆતના જમીન સુધારણાના ૧૩ કાયદાઓને નવમા પરિશિષ્ટમાં મૂકી ન્યાયિક તપાસથી બચાવી દીધા. ત્યારે વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ વિશ્વાસ પ્રગટ કરેલો કે આ ૧૩ કાયદા ઉપરાંત વધારાના કાયદાઓને નવમા પરિશિષ્ટમાં મૂકવાનો સરકારનો ઈરાદો નહોતો. પણ તરત જ ૧૯૫૫માં ચોથા બંધારણીય સુધારાથી બીજા ૬ કાયદાઓ એમાં ઉમેરવામાં આવ્યા. ધીમે ધીમે એમાં કાયદાઓ ઉમેરાતા ગયા. શરૂઆતમાં જે ટપકે ટપકે હતું, એ સમયના વહેણ સાથે, ખાસ કરીને ૧૯૭૩ પછી અને એમાંય કટોકટી સમયે, ઘોડાપૂરમાં ફેરવાઈ ગયું. અને આજે સ્થિતિ એવી છે કે ૨૮૪થી પણ વધુ કાયદાઓ નવમા પરિશિષ્ટ નીચે ‘આરક્ષિત’ છે. તામિલનાડુમાં જયલલિતા સરકારે અનામત બેઠકોમાં વધારો કરીને કુલ ૬૯ ટકા બેઠકોને અનામત જાહેર કરતો કાયદો કર્યો. અને ટેકો પાછો ખેંચવાની ધમકી આપીને કેન્દ્ર સરકાર પર દબાણ લાવીને એને નવમા પરિશિષ્ટમાં સમાવડાવેલો. નવમા પરિશિષ્ટના દુરુપયોગનો આ આંખે ઊડીને વળગે એવો દાખલો છે, જેને હાલમાં કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. ઓબીસીને અનામતનો લાભ આપતો કાયદો કે સિલીંગ સામેનો દિલ્હીનો સૂચિત કાયદો આ પરિશિષ્ટમાં મુકાય એવી શક્યતા હોવાથી કોર્ટે તાકીદે આ ચુકાદો આપ્યો હોય એવું મનાય છે.

આ ચુકાદામાં જે ૧૯૭૩ની તારીખ આપવામાં આવી છે તે તારીખે ભારતના બંધારણીય ઇતિહાસમાં સીમાદર્શી ચુકાદાની તારીખ છે. કેશવાનંદ ભારતીના કેસમાં ૧૩ ન્યાયમૂર્તિઓની બંધારણીય બેંચે ચુકાદો આપેલો કે મૂળભૂત અધિકારો (ખાસ કરીને આર્ટિકલ ૧૪, ૧૯, ૨૧) બંધારણના 'મૂળભૂત માળખા' રૂપે છે; અને બંધારણના 'મૂળભૂત માળખા'ને નુકસાન કરતો હોય કે એને અનુરૂપ ના હોય તેવો કોઈ પણ કાયદો રદબાતલ ગણાશે. અલબત્ત, ત્યારબાદ ૧૯૮૦માં વામનરાવના કેસમાં જો કે કોર્ટે નવમા પરિશિષ્ટને બંધારણીય ગણેલું, પણ એમાં સમાવિષ્ટ કાયદાઓ બંધારણના 'મૂળભૂત માળખા'ની મર્યાદા જાળવતા હોવા જોઈએ એવો ચુકાદો આપેલો.

તેમ છતાં, આ કેસ (કોએલ્હો કેસ)ની સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર દ્વારા એફિડેવિટ કરવામાં આવી કે ધારાગૃહ-સંસદને વ્યાપક સામાજિક સમાનતા લાવવા માટે સત્તા હોવી જ જોઈએ, ભલે પછી એને માટે કોઈ પણ પ્રકારના વ્યક્તિસ્વાતંત્ર્યનો ભોગ લેવાતો હોય; અને આમ કરવાથી બંધારણ બદલાતું નથી, પણ વધુ મજબૂત બને છે. કેન્દ્રની આ દલીલોને કોર્ટે સ્વીકારી નહીં અને સ્પષ્ટ ચુકાદો આપ્યો કે કેશવાનંદ ભારતીના કેસથી એ નક્કી થઇ ગયું છે કે મૂળભૂત અધિકારોનો ભંગ કરતો કાયદો બંધારણના 'મૂળભૂત માળખા'ને જ નુકસાન કરે છે; તેથી ત્યાર પછી આ પરિશિષ્ટમાં મુકાયેલા તમામ કાયદાઓને મૂળભૂત અધિકારોની પારાશીશીથી માપવા પડે અને એ માટે એની ન્યાયિક જાંચ કરવાપાત્ર છે. આમ, આ ચુકાદાથી ૨૪ એપ્રિલ ૧૯૭૩ પછી નવમા પરિશિષ્ટમાં સમાવવામાં આવેલ તમામ કાયદાઓને કોર્ટમાં પડકારી શકાશે.

આ ચુકાદાથી 'સંસદ સર્વોપરી કે ન્યાયતંત્ર સર્વોપરી ?' - એ સવાલ ફરી માથું ઊંચકી રહ્યો છે. ઘણા સાંસદો અને બૌદ્ધિકોનું માનવું છે કે લોકશાહી દેશમાં સંસદ જ સર્વોપરી છે, કારણ કે લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓની એ બનેલી છે. આ અત્યંત જોખમી વિચાર છે. એમ જોવા જઇએ તો હિટલર પણ (ભલે રેશનલ વિરોધને કોઈ પણ જાતની નૈતિક ઝિઝક વગર, યેન કેન પ્રકારેણ ડામીને કે કટ્ટર રાષ્ટ્રીયવાદી વૃત્તિઓને ભડકાવીને) દેખીતી રીતે ચૂંટણી પ્રક્રિયાના માધ્યમથી જ સર્વોચ્ચ સ્થાને પહોંચેલો. લોકોના ખોબલે ખોબલે મતોથી ચૂંટાયેલ કે જનતા-જનાર્દનની અદાલતમાં 'નિર્દોષ' સાબિત થયેલા ચૂંટાયેલા પ્રતિનિધિઓના હાથમાં અંકુશ વગરની સત્તા સોંપવાથી એનો દુરુપયોગ જ થાય એ નિ:શંક છે.

એ જ રીતે કોઇપણ પ્રકારનો આશય - પછી એ આર્થિક સમાનતાનો, સામાજિક ન્યાયનો કે પછી આર્થિક વિકાસનો હોય - ગમે એટલો ઉમદા મનાતો આશય હોય - એ સંસદને બંધારણના મૂળભૂત માળખા, જેનું હાર્દ 'કાયદાનું રાજ' છે, એની ઉપરવટ જવાનો પરવાનો ન આપી શકે. સ્પષ્ટ છે કે જો કોઇ કાયદો મૂળભૂત માળખાને હાનિ પહોંચાડતો હોય, તો એને નવમા પરિશિષ્ટના અભયકવચનું રક્ષણ ના મળી શકે. એટલે એની તાર્કિક ફલશ્રુતિ તો જો કે એ જ આવે કે ન્યાયિક તપાસથી બચાવવાના સ્પષ્ટ ઉદ્દેશ સાથે રચાયેલા નવમા પરિશિષ્ટની કે આર્ટિકલ ૩૧ Bની બંધારણીયતા પર જ પ્રશ્નાર્થો ખડા થાય, કારણ કે એના દુરુપયોગની સંભાવના એની સાથે, એ બન્યો ત્યારથી જ જોડાયેલી છે. ટૂંકમાં, સંસદને ન્યાયિક તપાસથી ઉપરવટની સત્તા ન મળી શકે. એ રીતે સુપ્રીમ કોર્ટનો આ ચુકાદાને ખૂબ અગત્યનો ગણી શકાય.

સાથે જ, એ પણ સ્પષ્ટ છે કે વ્યક્તિના મૂળભૂત અધિકારો તથા બંધારણના 'મૂળભૂત માળખા' અને એના હાર્દ રૂપ 'કાયદાના શાસન'થી ઉપરવટ જવાની સત્તા ન્યાયતંત્રને પણ ન હોઇ શકે. આ જ અર્થમાં 'પ્રતિબદ્ધ' (committed) ન્યાયતંત્ર કે જ્યુડિશિયલ એકટીવીઝમને તપાસવા જેવું છે. જે બાબત સંસદને લાગુ પડે છે, તે જ ન્યાયતંત્રને પણ લાગુ પડે છે. તાજેતરના જ દાખલા લઇએ તો દિલ્હીના રહેઠાણ વિસ્તારોમાં આવેલાં વ્યાપારી સ્થળોને સીલ કરવા અંગેનો કે જંગલ-પર્યાવરણના પ્રશ્ને વારંવાર અપાયેલા ચુકાદાઓ અને હુકમો અચૂક સવાલો ઊભા કરે છે કે ખુદ કોર્ટો પોતાના દાયરાની બહાર તો જતી નથી ને ? કે કોર્ટો 'કાયદાના શાસન' સાથે સુસંગત હોય એવા જ હુકમો આપે છે ખરી ?

ટૂંકમાં, સત્તાના વિભાજન (separation of power), જે પોતે જ બંધારણના 'મૂળભૂત માળખા'ના ભાગરૂપ છે, ના બે સ્તંભોમાંથી કોણ સર્વોપરી એ પ્રશ્ન જ અસ્થાને છે. બન્ને અગત્યના છે, બન્નેની ફરજ તેમજ કાર્યક્ષેત્ર અલગ છે, અને સૌથી અગત્યનું એ કે બન્ને બંધારણના હાર્દ સમા 'કાયદાના રાજ'ની નીચે છે.

એ દૃષ્ટિએ કોર્ટે નવમા પરિશિષ્ટના અભયકવચને હટાવ્યું એ સારું જ થયું. પણ કોર્ટો પોતે આવા કોઇ જ અભયકવચ વગર પણ, અમુક બાબતોમાં પોતાના કાર્યક્ષેત્રને ચાતરીને કાયદાના રાજનો ભંગ કરે ત્યારે એની 'ન્યાયિક તપાસ' કે 'બંધારણીય તપાસ' કેવી રીતે કરવાની ? ■

# ઇશ્વરના પોતાના જ ધામમાં કૌભાંડ !

*- અશ્વિન કારીઆ*

ભારત દેશનાં પ્રગતિશીલ અને આધુનિક રાજ્યોમાં કેરાલાની અગ્રેસર રાજ્ય તરીકે ગણના થાય છે. પરંતુ ત્યાંની રાજ્ય સરકારે શબરીમાલા ટેકરી ખાતે અયપ્પાના મંદિરમાં સ્ત્રીઓના પ્રવેશ પરના પ્રતિબંધને સમર્થન આપેલ છે, તે બાબત ખૂબ આશ્ચર્યજનક છે. તેના પડોશી રાજ્ય કર્ણાટકની વિધાનસભાએ તેનો વિરોધ કર્યો છે. પરંતુ ત્રાવણકોર દેવસ્વમ્ બોર્ડ તેના નિર્ણયમાં મક્કમ છે.

## ભૂમિકા

શબરીમાલાનું આ મંદિર દરિયાથી ૧૦૦૦ મીટરની ઊંચાઇએ આવેલું છે. સમગ્ર ભારતમાં આ એક મહત્ત્વનું મંદિર ગણાય છે. અને વર્ષે ૫ કરોડ જેટલા દર્શનાર્થીઓ મંદિરની મુલાકાતે આવતા હોવાનો અંદાજ છે. આ મંદિરનો વહીવટ અને અંકુશ 'ત્રાવણકોર દેવસ્વમ્ બોર્ડ' હસ્તક છે. આ બોર્ડ કેરાલા રાજ્યમાં ૧૧૯૪ મંદિરોનો વહીવટ સંભાળે છે. આ તમામ મંદિરોની કુલ વાર્ષિક આવક ૧૦૦ કરોડ જેટલી થવા જાય છે. તેમાંથી માત્ર શબરીમાલા મંદિરની જ વાર્ષિક આવક ૬૯ કરોડ છે. તેમાંયે નવાઇની વાત તો એ છે કે આ મંદિર વર્ષ દરમિયાન ૫ માસ જ દર્શનાર્થીઓ માટે ખુલ્લું હોય છે. મંદિરની મુલાકાતે આવતા ભક્તો સહેલાઇથી ઓળખી શકાય તેવા હોય છે. તેઓ દર વર્ષે નવેમ્બરથી જાન્યુઆરી સુધીમાં ૪૧ દિવસની યાત્રા અને તકલીફો સહન કરીને મંદિરે પહોંચે છે. કાળાં વસ્ત્રો, શાકાહારી ભોજન, ધૂમ્રપાનનો ત્યાગ, દારૂ, જુગાર, જાતીય સમાગમથી દૂર, ઉઘાડા પગે ચાલવું, સાદડી પર શયન, રૂદ્રાક્ષ માળા ધારણ કરવી વગેરે તેમનાં આગવાં લક્ષણો છે. આ સમય દરમ્યાન વાળ-દાઢી કરાવવાની પણ મનાઇ હોય છે. ૪૧ દિવસની આ યાત્રા દરમ્યાન કોઇ ભક્તે તેની ઓળખ પ્રગટ કરવાની હોતી નથી. દરેક એકબીજાને સ્વામી તરીકે સંબોધન કરે છે. તેમણે એકજ રટણ કરવાનું હોય છે, 'હે ઈશ્વર, તારા શરણે આવી રહ્યો છું'. હાથમાં એક નાનું વાસણ હોય છે અને તેમાં ચોખા, કોપરું, પવિત્ર રાખ અને વિવિધ વનસ્પતિ હોય છે.

શબરીમાલાના આ મંદિરની કેરાલાના અર્થતંત્ર પર પણ વ્યાપક અસર છે. કેટલાંક વર્ષો અગાઉ એવો અંદાજ પ્રગટ થયો હતો કે આ ભક્તો કેરાલા રાજ્યમાં ૩૦૦ કરોડ રૂપિયાની આર્થિક પ્રવૃત્તિઓ કરે છે. આંધ્રમાંથી ૩૧ ટકા, તામિલનાડુમાંથી ૨૭ ટકા, કેરલા ૨૬ ટકા, કર્ણાટક ૧૫ ટકા અને બાકી ૧ ટકા દર્શનાર્થીઓ અન્ય રાજ્યોમાંથી આવે છે. દરેક દર્શનાર્થી સરેરાશ ૨ અઠવાડિયાં સુધી કેરાલામાં રોકાણ કરે છે.

## નિષ્ણાત સમિતિની કામગીરી

શબરીમાલાના મંદિરમાં ૨૦૦૩ના વર્ષમાં અકસ્માતે આગ લાગી હતી. આ મંદિરના એક ધાર્મિક સરઘસમાં ૨૦૦૪ના વર્ષમાં હાથીએ ભગવાનની મૂર્તિનો અસ્વીકાર કર્યો હતો તેમજ મંદિરમાંના કેટલાક વ્યવહારોનું તાજેતરનાં વર્ષોમાં યોગ્ય સંચાલન ન થતું હોવાની રાવ ઊઠી હતી. આ પ્રકારના અનિચ્છનીય બનાવો ઈશ્વરની નારાજગી હોવાનું ગણીને બોર્ડે તેની તપાસ યોજવા નિર્ણય લીધો અને ૧૦ નિષ્ણાત સભ્યોની સમિતિ પણ બનાવી છે. આ સમિતિના નેતા તરીકે ખ્યાતનામ જ્યોતિષી પરપ્પાનનગદી ઉન્ની કિશ્નન પાણીકર હતા. તિરૂપતિ જેવાં મંદિરોની સમિતિમાં પણ તેઓ આગેવાન હતા.

આ સમિતિએ તાંત્રિક વિધિ સમયે ઉપયોગમાં લેવાતાં પાંદડાઓનો ઝીણવટથી અભ્યાસ કર્યો અને એવો અભિપ્રાય આપ્યો કે તેમને એવા સંકેતો પ્રાપ્ત થયા કે ભગવાન અયપ્પા સંચાલન તેમજ મંદિરની પ્રણાલિકાઓના થઇ રહેલ ભંગથી નારાજ થયા છે. સમિતિ અહેવાલમાં જણાવે છે કે ભગવાન અયપ્પાના નૈવૈદ્યની સામગ્રી, મંદિરનો ૮૦૦ એકરમાંથી ૬૫ એકર ઘટેલો વિસ્તાર અને મંદિર પરિસરમાં થયેલ બાંધકામથી ભગવાન ઘણા નારાજ થયા છે. મંદિરમાં માખણમાંથી ઘી બનાવતી વખતે થતા વીજળીના ઉપયોગ સામે ભગવાને પોતાનો રોષ પ્રગટ કર્યો. તેમને એ વાતનું પણ દુઃખ હતું કે સાધુઓ મંદિરના તળાવમાં ડૂબકી મારતા ન હતા.

ભગવાન વતી સમિતિએ એવી ભલામણ કરી કે મંદિરની અંદર જ ફૂલોનો બગીચો બનાવવામાં આવે અને મંદિરની બહાર બનાવેલી ફૂલોની માળાઓ મંદિરમાં વાપરવામાં ન આવે. સમિતિએ ભગવાન વતી એવી પણ ભલામણ કરી કે તમામ દર્શનાર્થીઓને નિઃશુલ્ક ભોજન પીરસવામાં આવે તેમજ સાધુઓ માટે તળાવ બનાવવામાં આવે. ભગવાને સાધુઓની જવાબદારી બાબતે સંહિતા ઘડવાની અને મંદિર પરિસર માટે ઉઘાડ-પગા પોલીસોનું દળ તૈયાર કરવા સૂચના આપી.

## સ્ત્રી-સ્પર્શ અંગે રાજ્ય સરકારનું વલણ

ભગવાન અયપ્પા વતી સમિતિએ કરેલ ભલામણોમાં સૌથી વધારે ઉત્તેજક બાબત સ્ત્રી-સ્પર્શ અંગેની છે. અયપ્પાનાં અન્ય મંદિરોમાં સ્ત્રીપ્રવેશ પર પ્રતિબંધ નથી. માત્ર શબરીમાલા મંદિરમાં જ ૧૦ થી ૫૦ વર્ષની સ્ત્રીઓ માટે પ્રવેશબંધી છે.

થોડા સમય પહેલાં જયમાલા નામની સ્ત્રીએ ૧૯૮૭માં ૨૭ વર્ષની ઉંમરે ધક્કામુક્કીના કારણે પોતે મૂર્તિના ચરણસ્પર્શ કરેલ હોવાનો દાવો રજૂ કર્યો. તે પોતાના બીમાર પતિને સાજો કરવા પ્રાર્થના માટે પતિની સાથે મંદિરે ગઈ હતી. આ કારણસર ત્યાં મોટો ઊહાપોહ શરુ થયો છે. આ પહેલાં સુધા ચંદ્રન નામની એક અભિનેત્રીએ ૧૯૮૬માં મંદિરમાં નૃત્ય કરેલ અને વડી અદાલતે તેને દંડ ફટકારેલ.

ત્રાવણકોર દેવસ્વમ્ બોર્ડ જયમાલા સામે મંદિરની પવિત્રતાનો ભંગ કરવાની કાર્યવાહી કરવા વિચારી રહેલ હોવાના સમાચાર વચ્ચે મંદિરમાં સ્ત્રીપ્રવેશ પ્રતિબંધને જાતીય ભેદભાવ ગણાય કે કેમ તેવો પ્રશ્ન વિધાનસભામાં પૂછવામાં આવ્યો હતો. કેરાલા રાજ્યના સહકાર અને દેવસ્વમ્ પ્રધાન સુધાકરણે જવાબ આપતાં જાહેર કર્યું કે સરકાર સદીઓ જૂની મંદિરની પ્રણાલિકાઓમાં દખલ કરવા ઈચ્છતી નથી અને આવી બાબતોમાં આખરી નિર્ણય ત્રાવણકોર દેવસ્વમ્ બોર્ડે લેવાનો હોય છે. આ પ્રધાને જયમાલાએ કરેલ મંદિર મૂર્તિના સ્પર્શને માફિયાગીરી સાથે સરખાવી કેરાલાનાં હિતોને નુકસાન પહોંચાડવાનો આરોપ કર્યો.

કોઈપણ સામાન્ય જનની સમજની એ બહાર છે કે ભગવાન અયપ્પાના ભક્ત તરીકે મંદિરની મુલાકાત લેવા પર સ્ત્રીપ્રવેશ પર શા માટે પાબંદી હોય? દરેક વ્યક્તિને પોતાની સાથે ભેદભાવ ન થવાનો અને પૂજા-ભક્તિનો મૂળભૂત અધિકાર છે. કર્ણાટક રાજ્ય વિધાનસભાએ સર્વાનુમતે કેરાલા રાજ્યના આવા વ્યવહાર બદલ ટીકા કરી અને જયમાલા સામે કોઈપણ શક્ય કાનૂની ફરિયાદ બદલ રક્ષણ આપવા ઠરાવેલ છે. એસ.એસ.પાટીલ નામના એક વિધાનસભ્યે કહ્યું કે 'શબરીમાલા ખાતે સ્ત્રીઓ સાથેનો વ્યવહાર સમગ્ર સ્ત્રી જાતિ માટે અપમાનજનક છે અને તેને અસ્પૃશ્યતા જ કહી શકાય.'

રાજ્ય સરકારના આવા વલણથી જરા પણ આશ્ચર્ય થવું જોઈએ નહીં, કારણ કે અમારા રેશનાલીસ્ટ કર્મશીલ મિત્ર શ્રીની પદાર્થનમે શબરીમાલા મંદિરનાં ચમત્કારોનો પર્દાફાશ કર્યો ત્યારે તેમણે અને તેમના સાથીઓએ પોલીસનો માર ખાવો પડ્યો હતો. દર વર્ષે ૧૪ જાન્યુ.ના રોજ મંદિર પર 'દિવ્ય જ્યોત' પ્રગટે છે. શ્રીનીએ મંદિરની 'દિવ્ય જ્યોત' પ્રગટાવતા કેરાલા વીજળી બોર્ડના કર્મચારીઓને રંગે હાથ પકડ્યા હતા. આ તરકટ પ્રકાશમાં આવ્યા બાદ તત્કાલીન સામ્યવાદી સરકારના મુખ્યપ્રધાને જાહેર કર્યું કે આ ચમત્કાર કેરાલા રાજ્યના અર્થતંત્રના હિતમાં છે.

## બંધારણીય તંત્રો દ્વારા બંધારણીય જવાબદારીની ઉપેક્ષા

ત્રાવણકોર દેવસ્વમ્ બોર્ડ રાજ્યપ્રેરિત છે અને તેમાં પ્રજાનાં જાહેર નાણાંનું રોકાણ છે. રાજ્યનાં આ બંધારણીય તંત્રો અને દેવસ્વમ્ના અધિકારીઓએ સમાનતાની બંધારણીય જવાબદારી નિભાવવાની ફરજ છે. ધર્મ -સ્વાતંત્ર્યની દરેક વ્યક્તિને બંધારણથી ખાતરી અપાયેલ છે. સ્ત્રી સામે ભેદભાવ આચરનાર રાજ્ય, તંત્ર કે કોઈપણ વ્યક્તિ ફોજદારી રાહે ગુનેગાર છે.

ઐતિહાસિક રીતે, મંદિરનાં દ્વાર તમામ જાતિના લોકો માટે ખુલ્લાં રાખવાની ચળવળમાં કેરાલા રાજ્ય અગ્રેસર રહ્યું છે. જાણીતા રેશનાલીસ્ટ અને માનવતાવાદી કાર્યકર પેરીઅર આ ચળવળના નેતા હતા. નારાયણ ગુરુ આજે પણ આ ચળવળના સન્માનનીય નેતા છે. આ રાજ્ય સૌથી વધારે શિક્ષિત અને આરોગ્ય સેવાઓમાં પણ ખૂબ અદ્યતન છે. આવા રાજ્યમાં સ્ત્રીઓના અધિકારો તરફ બંધારણીય તંત્રો ઉપેક્ષા સેવે તે અત્યંત શરમજનક છે. દેવસ્વમ્ બોર્ડ, રાજ્ય પોલીસ દળ અને મંદિરની ત્રિસ્તરીય વ્યવસ્થા માટે તો શું કહેવું કે જે નિર્દોષ, અસહાય અને અહિંસક સ્ત્રીઓને મૂળભૂત અધિકાર ભોગવતાં અટકાવે છે.

સામાજિક અને ધાર્મિક સુધારણાના દાયકાઓ પછી અને ૧૦૦ ટકા સાક્ષરતા દર ધરાવતા રાજ્યમાં સ્ત્રીભક્તો તરફ અછૂત વ્યવહાર એ આપણા સૌની બંધારણીય શરમ ગણાવી જોઈએ. શબરીમાલા સત્તાવાળાઓ એવો દાવો કરે છે કે તેમનું મંદિર તમામ જાતિઓ માટે ખુલ્લું છે. તો પછી સ્ત્રીઓ માટે તેઓ શા માટે પ્રવેશબંધી રદ કરતા નથી? જો તેઓ જયમાલા સામે કાનૂની કાર્યવાહી કરશે, તો તેઓ મૂર્ખ સાબિત થશે.

(બાબુ ગોગીનેનનો International Humanist News ડિસેમ્બર ૨૦૦૬ અંકમાં પ્રગટ થયેલ લેખનું સંક્ષિપ્ત ગુજરાતી ભાષાંતર) ■

# તળિયેથી . . . . .

*- રાજેશ મિશ્રા*

## આપસે કોઈ બાત નહીં હોગી . . .

તહેલકા આયોજિત *'સમીટ ઓફ પાવરલેસ'માં* દિલ્હી જવાનું થયું. એક સાંજે ચા વિરામ પછી પાછા વળતાં કેટલાકને મેધા પાટકર સાથે ઉગ્ર વાદવિવાદ કરતા જોયા. હું પહોંચ્યો તે વખતે મેધા પાટકર ''Thank you for (awakening) My conscience'' કહીને સ્થળેથી જતાં હતાં. એક સજ્જનને મેં પૂછ્યું, તમારે મેધા સાથે શું વાંધો છે? કયા મુદ્દે વિવાદ હતો? તે ભાઇએ મને સમજાવવાની શરૂઆત કરી : ''હમારે દલિત આંદોલનને...'' પણ માંડ એક-બે વાક્ય પતે તે પહેલાં એક બહેન ધસી આવ્યાં.

''પહલે આપ કૌન હૈં, બતાઇએ.'' મેં કહ્યું, ''મૈં રાજેશ મિશ્રા. ગુજરાતમેં આદિવાસીઓં કે બીચ...''

''બસ હો ગયા...... આપ સે કોઇ બાત નહીં હો સકતી''. બહેન એકી ઝાટકે બોલી ઊઠયાં.

''નહીં જી, આપ જો માનતે હૈં વો હમ નહીં, આદિવાસી સમસ્યા પર કામ કરતે હૈં...... લેકીન હમારે દલિત મિત્ર ભી હૈં. હમ....''

''કહે દીયા ના, હો ગયા, આપસે કોઇ બાત નહીં હોગી......''

''હમ જયપ્રકાશ નારાયણ કી વિચારધારા......''

''બસ બસ બંધ કરો......''

''યદિ ઔર સબૂત ચાહીએ તો...... મેરી સીસ્ટરને દલિત યુવાન સે શાદી કિ હૈ ઔર મૈંને હી સમર્થન દિયા....'' હું કાંઈક સંકોચાતાં બોલ્યો.

(ત્યાં સુધીમાં તો પાંચ-સાત જણ ભેગા થઇ ગયા હતા અને તેમની આંખો સામે જોવાનું ટાળવું પડે તેટલી ઉગ્ર હતી......)

''જો ભી હૈં, હમ આપસે બાત નહીં કરેંગે, આખિર આપ સવર્ણ હૈં......''

''દેખીએ, મૈં ખુદ હરિજન સમસ્યા પર કુછ કર નહીં......''

વાક્ય પૂરું થાય તે પહેલાં તો લગભગ બધાં તૂટી પડયાં.

''અબ આપ કયા હૈ વો પતા ચલ ગયા...... ગાંધી કે (દલાલ એવું કંઇક)....'' ''કયા મંદિર કે પૂજારીને હમકો પૈદા કિયા થા, જો હમેં હરિજન બનાતે હો......?'' ''ગાંધી (સાલે......) બનીયેને હમેં બ્લેક મેઇલ કિયા...... અબ આપ નિકલે હૈં......''

હવે આગળ વાત કરવી તે માર ખાવા બરાબર હતું, અને આમની સામે ગાંધીગીરી તો ચાલવાની જ ન હતી તેથી કંઇ કહ્યા વિના સ્થળ છોડ્યું, પણ ઉગ્ર આંખો તો પીછો કરતી જ રહી.

ઉગ્રતા ધારણ કરેલ એ તમામ લોકોમાં કોઇ જાહેર એકમોમાં આગળ પહોંચેલા દલિત અધિકારીઓ હતા અને દલિત આંદોલનના પ્રખર સમર્થકો હતા. હું વિચારે ચઢી ગયો, કયાં સામાજિક વાસ્તવિકતા અને કયાં આ ઉગ્રતા ! કઈ દુનિયામાં આ લોકો મ્હાલે છે ? યુ.પી., બિહારમાં દલિતોને વૈષ્ણવી દેવીની જાત્રા કરતા પણ જોયા-સાંભળ્યા છે અને ગુજરાતમાં આખેઆખા દલિત સમાજે મેઈનસ્ટ્રીમ, હિંદુધર્મ કે મંદિરપ્રવેશ એવી કોઈ દરકાર કર્યા વિના દશામાનું અવતરણ કર્યું, અને આજે વાણિયા, બ્રાહ્મણ પણ દશામાનું વ્રત રાખતા થઇ ગયા છે. તે સાંજની આ ઘટનાની અસર લાંબી રહી એટલે અનેક વિચારો આ ઘટના સાથે મગજમાં ઊભરી આવ્યા.

મોટર સાઇકલનું સાઇડ સ્ટેન્ડ ઉઠાવ્યા વિના ગાડી મારી મૂકવાની મને આદત છે. કોણ જાણે કેટલીયે વાર રસ્તે ચાલતા લોકોએ બૂમ પાડીને ધ્યાન દોર્યું છે. શું એ લોકોએ એમ માનીને બૂમ પાડી હશે કે આ આપણો છે એટલે બચાવીએ?

## ''યે કચરે મેં કહીં આ ગયે, સા બ !''

તહેલકામાંથી પાછા વળતાં ગોધરા સ્ટેશને ઊતર્યો. આ રસ્તે અચૂક ગોધરા સ્ટેશને ઊતરું અને હંમેશાં શૂન્યમનસ્કતા, વૈરાગ્ય, ગ્લાનિમાં ડૂબી જવાય છે. ગાડી ઊપડી એટલે દોડીને જે ડબ્બો પકડાયો તેમાં ચઢયો. ભારે ભીડ. માંડ માંડ એક પગ અંદર ગયો. પછી ધીરેધીરે અંદર પહોંચાયું એટલે મારા સાથી પ્રવાસી હરીશ રાઠવાને ફોન કરી જાણ કરવા મોબાઇલ શોધ્યો પણ મળે જ નહીં. તેથી મેં મોટેથી બૂમ પાડી મેરા મોબાઈલ ગીર ગયા હૈ, ત્યારે એક ભાઈનું ધ્યાન ગયું. તેણે કહ્યું, ''યે કચરેમેં કહાં આ ગયે, સાબ. . .?'' મેં કહ્યું, 'મેરા મોબાઈલ ગીરા હૈ, ઢુંઢના પડેગા'. બે ત્રણ વાર કહ્યું એટલે ધીરેધીરે બધાનું ધ્યાન ખેંચાયું. હું નીચો વળીને બધાના પગ ફંફોસતો હતો. કંઇ હાથ ના લાગ્યું

એટલે ફરી ઊંચા થઇને કહ્યું, ''મેરા સાથી પરેશાન હોગા.'' એક પછી એક પ્રશ્નો પુછાવા માંડ્યા, ''કૌન સા મોડેલ થા? કંપની કયા થી? કાર્ડ કૌન સા થા?'' વ. બીજી બાજુ પેટ્રોનાઇઝીંગ. ''સંભાલ કે રખના ચાહિયે, કહીં રખા થા, કૈસે રખા થા'' (પોતાની દોરી સોકેટ બતાવી), ''યે અચ્છા રહતા હૈ, ઔર સફરમેં હંમેશા પેન્ટ કે પોકેટમેં રખા કરો, ગલે મેં લટકાને સે ખીંચા જા સકતા હૈ'' વ.

પણ પછી ક્યારે કેવી રીતે વાતાવરણ બદલાયું તે ખબર જ ના પડી અને બધા પોતપોતાની રીતે મોબાઈલ શોધવા માંડયા. મને જેણે કહેલું કે યે કચરેમેં કહીં સાબ. . . . . તેમની પાસે મોબાઇલ હતો. તેમણે પોતાના મોબાઇલ પરથી રીંગ મારી તો રીંગ ચોખ્ખી સંભળાઇ અને પછી તો જાણે સ્વસ્ફુર્ત મિશન જ થઇ ગયું, ''સાબ કા મોબાઇલ મિલના ચાહિયે, યહીં કહીં હૈ''. પેલા ભાઇનો મોબાઇલ લઇને એક ભાઇ સંડાસમાં રીંગ વગાડી આવ્યા, કોઇ બાજુના બર્થ પર પહોંચ્યા, કોઇ દરવાજા પાસે. અને રીંગો વાગતી જ રહી. ભૌતિક જગ્યાઓ બધી ફંફોસાઇ ગઇ એટલે બધાને ખ્યાલ આવ્યો, ''અબ તો વો કિસીકે પાસ હી હોના ચાહિયે. ઔર રીંગ બજાઓ.'' મારે હવે કશું જ કરવાપણું રહ્યું નહીં. એક જણે મારા વતી ઇનામ જાહેર કર્યું એટલે મે કહ્યું અરે પૈસા છોડો, મોબાઇલ એક બાર દે દો સીમ નીકાલ કે મોબાઇલ દે દૂંગા. બે-ત્રણ જુવાનિયાઓ જુસ્સામાં બોલી ઊઠયા, ''આજ ઉસે છોડેંગે નહીં. સાબ ઇનામ કયા, મોબાઇલ દેતે હૈં ફીર ભી નહીં દેતા. અબ નહીં છોડેંગે.''

એટલી વારમાં વડોદરા સ્ટેશન આવી ગયું. બે જણ કંપાર્ટમેન્ટની વચ્ચેના પેસેજમાં ઊભા થઇ ગયા : ''યહાંસે કોઇ પીછલે દરવાજે સે નહીં જાયેગા'' અને દરવાજા આગળ મને ઊભો કરી દીધો : ''સબકી જેબ તલાશ કરો''. જે માણસ પોતાના મોબાઇલ પરથી સતત રીંગ આપતો હતો તેણે કહ્યું, ''સાબ પહેલે મુઝે જાંચ લો''. પછી પાછો એક જણે કહ્યું, ''સાબ વો હમ કરતે હૈં આપ પુલિસ કો લે આઓ''. હું ઉતાવળે જઇ પોલીસને બોલાવી લાવ્યો. ત્યાં સુધી જેટલા ઊતરતા તેનાં ગજવાં તપાસતા અને રીંગ પણ મારતા. પોલીસ આવી અને પોતાના મોબાઇલથી પણ રીંગ વગાડી. એટલે પોલીસે કહ્યું, ''ઇમાનદારી સે જમા કર દો, વરના ટ્રેઇન ચલેગી નહીં. ઔર જીસકે પાસ સે મિલેગા ઉસકો . . . . . '' થોડી વારે ક્યાંકથી એક અવાજ આવ્યો, ''વો દેખો વહાં કયા ગીરા હૈ ?. . . . . .'' તે મારો મોબાઇલ જ હતો. પોલીસે ખાતરી કરવા મને એક બે નંબર પૂછયા. મારી બહેનનો અને બીજો નંબર બોલ્યો એટલે મને મોબાઇલ સોંપ્યો.

કોઇએ એક બીજાનાં નામઠામ પૂછયાં ન હતાં કે જ્ઞાતિ-ધર્મ નહોતા પૂછયા અને તે છતાં સૌનું મિશન બની ગયું હતું, ખોવાયેલો મોબાઈલ શોધી કાઢવાનું. પ્રથમ વિનંતીથી, પછી ઇનામના incentives, પછી આજ તો નહીં છોડેંગે . . . . . સમાજમાં સામાજિક ધારાધોરણો અને કાયદા આવા જ informal રીતે જળવાતાં હશે . . . . . . બાકી formal નો તો રોલ કેટલો? અને છેલ્લે પોલીસ આવી અને તેણે જે નિર્ણાયક સત્તાવાહી ભૂમિકા ભજવી એવી જ ભૂમિકા પોલીસ અને ન્યાયતંત્ર સમાજના નાના મોટા તનાવ વખતે ભજવે તો ?

વડોદરા રેલ્વે સ્ટેશનેથી ગાડી ઊપડવાની તૈયારીમાં જ હતી તેથી કોઇનો આભાર પણ ના મનાયો. થોડો પોરો ખાધો પછી જેણે મારા મોબાઇલ પર સતત રીંગ આપી હતી તેનો નંબર missed callમાં હતો તેથી તેનો ફોન પર આભાર માનતાં મનોમન વિચાર્યું, ''ઐસા કચરા તો મુઝે ફર્સ્ટ ક્લાસ A.C. મેં ભી કહાં મીલતા!'' ■

પ્રિય ગ્રાહકો,

અમને આશા છે કે 'ખોજ'ના અંક આપને નિયમિત અને સારી સ્થિતિમાં મળતા હશે. જો એમ ના હોય તો, અથવા લવાજમ અંગે અન્ય કોઇ પ્રશ્ન હોય તો અમારી ક્ષમાયાચના સ્વીકારશો અને નીચે આપેલાં અગત્યનાં સૂચનો ધ્યાનમાં રાખશો.

- ❖ મેઇલિંગ લેબલ પર આપના ગ્રાહક ક્રમાંકની સાથે લવાજમ પૂરું થતું હોય એ મહિનો/વર્ષ આપ્યા હોય છે, જે ધ્યાનમાં રાખી ફેરલવાજમ મોકલવાનું ચૂકશો નહીં.
- ❖ લવાજમ ભરતી વખતે પૂરું સરનામું, પીનકોડ, ટેલિફોન નંબર લખી મોકલશો.
- ❖ જો આપનું સરનામું બદલાયું હોય તો અમને એની જાણ કરશો.
- ❖ લવાજમની રસીદ સામાન્ય રીતે 'ખોજ'ના એ પછીના અંક સાથે મોકલીએ છીએ. લવાજમ મળ્યાનું પોસ્ટકાર્ડ જોકે તુરંત લખી દઇએ છીએ. જો આપને રસીદની તાત્કાલિક જરૂર હોય તો લવાજમ ભરતી વખતે એની સ્પષ્ટ સૂચના લખશો.
- ❖ કોઇ અંક ના મળ્યો હોય તો જણાવશો. અમે બીજી નકલ મોકલી આપશું.
- ❖ જો ભૂલથી આપના સરનામે બે નકલ આવતી હોય તો અમને જાણ કરશો.
- ❖ શરૂઆતનાં બે વર્ષના જૂના અંકોનો બંધાવેલો - બાઉન્ડ સેટ 'આર્ચ'ના વડોદરા તથા માંગરોળના સરનામેથી મળશે. એની કિંમત (પોસ્ટેજ ખર્ચ સહિત) રૂ. ૨૫૦/- છે અને બહારગામના ચેક પર રૂ. ૪૦/- ઉમેરવા વિનંતી છે. -સં.

# બાળકો સાથે સમાજનો અક્ષમ્ય વ્યવહાર

*- હિમાંશી શેલત*

છેલ્લા કેટલાયે દિવસથી દેશ આખો નોઇડા-નિઠારીની કંકાલ-કથા ટીવીને પડદે જોઇ રહ્યો છે. વર્ષોથી બાળકો ગૂમ થતાં રહ્યાં છે. પોલીસ-કચેરીઓને હવે પ્રજામાં રસ રહ્યો નથી. એમની તપાસ કેવી પોકળ હોય છે એ હવે તો લખવા, કહેવાનો વિષય જ નથી રહ્યો. આખુંયે પોલીસતંત્ર વકરેલા ચાંદા જેવું બની ગયું છે, જેમાં પાટાપટ્ટી ન ચાલે. વાઢકાપ કરનારો કોઇ કુશળ તજ્જ્ઞ જોઇએ. આવી વાઢકાપ કરી શકે એવા નેતા આજકાલ આપણે માથે નથી, એટલે એની ચર્ચા જ નિરર્થક છે. બાકી, પ્રજા ફરિયાદ નોંધાવવા જાય અને પોલીસ નરી નફફટાઇ દેખાડે, અને ખોવાયેલાં બાળકોને શોધવા જરીકે ચસે નહીં, એ હકીકત પછી જે પ્રદેશમાં આ બન્યું ત્યાંના લોક-પ્રતિનિધિઓ કયું મોં લઇને પ્રજાની સામે જતા હશે ?

પણ વાત જરા જુદી છે. નિઠારી તો ગંદકી છલકાઇ તેના છાંટા છે. આપણા સમાજે આજે નહીં, ક્યારનીયે બાળકોની સદંતર ઉપેક્ષા કરી છે. એમને રીતસર ઠેલે ચડાવ્યાં છે. અને જે સમાજ પોતાનાં બાળકોનું જતન કરવાની વાત તો વેગળે, એમને રઝળાવે છે, અને પોતાની નિષ્ઠુરતામાં બાળીને રાખ કરી મૂકે છે, તે સમાજ વિકાસ અને પ્રગતિના ગમે તેવા દાવા કરે તો પણ માંદલો અને નિર્માલ્ય છે. ભલે એ દેશમાં અબજોનું રોકાણ હોય, શેરબજારમાં રોજ શરણાઇ વાગતી હોય, અને રસ્તા પર સોનાનું વરખ અને ફૂટપાથ પર ચાંદીનું વરખ પાથરવાની યોજના હોય તોયે એ દેશ અત્યંત કંગાળ અને દયનીય છે. કારણ કે એની પાસે ભવિષ્ય નથી. બાળકોની ઉપેક્ષા એટલે ભાવિની ઉપેક્ષા, શક્યતાઓથી ભરેલા જીવનની ઉપેક્ષા, અને ચેતના તથા ઊર્જાનું અપમાન. આપણે એ વર્ષોથી કરી રહ્યાં છીએ - પૂરી બેશરમી સાથે, જડતાથી, નઘરોળ બનીને. વસ્તીથી ફાટતા દેશમાં આવી ઘટનાઓ આખા સમાજને હચમચાવે તોયે એ થોડા સમય માટે. ફરી પાછા નિઠારીમાં મળ્યા તેવા વિકૃત રાક્ષસો ક્યાંકથી ફૂટી નીકળવાના. અહીં આટલી ભીડમાં બસો-પાંચસો બાળકો આમતેમ થઇ જાય તે તો ફાટેલા કોથળામાંથી વેરાયેલા, સંજવારીમાં કાઢી નાખેલા દાણા જેવાં. એમની ગણતરી કોને ? નથી એ મત-બેન્કમાં, નથી વિકાસ-યાત્રામાં!

નિઠારીની ક્રૂર વાસ્તવિકતા બહાર આવતી હતી ત્યારે દક્ષિણ ગુજરાતમાંયે નવસારીના એક બાળકને એનો પડોશી લઇ ગયો, અને પાંચ લાખ રૂપિયા માંગ્યા. બાળકનો બાપ કશું કરે તે પહેલાં મોં પર પટ્ટીઓ લગાવેલું બાળક ગૂંગળાઇ મર્યું. આપણે કેવા પિશાચોથી આખો સમાજ ભરી દીધો છે! શોષણની કેટલી બધી વાતો તો ક્યારેય બહાર નહીં આવે. તમામ જાહેર સ્થળોએ જે બેહાલ બાળકો ભટકતાં દેખાય છે-સનાથ કે અનાથ - એ સહુ એમની સાથે થતા દુર્વ્યવહારની કથા ક્યાં કહેવા આવે છે? હજી તો જીવન સાથે સંબંધ સ્થપાય એ પહેલાં તો જીવનની સઘળી કુરૂપતા અને કંગાલિયતનો એમને પરિચય થઇ જાય છે. જ્યારે કશું બને ત્યારે આપણને ટ્રોમા સેન્ટર અને કલ્યાણ સંસ્થાઓ સ્થાપવાનું યાદ આવે છે, પણ જે બન્યું એની પૂર્વતૈયારી કયારનીયે થઇ ચૂકી હતી એ જોવાનું જ ચૂકી જવાય છે. આપણે પોતપોતાની પળોજણમાં ગળાડૂબ, મનોરંજનની દુનિયામાં ગુલતાન, રાજકારણના આટાપાટામાં રમમાણ, ભૌતિક સમૃદ્ધિની છોળમાં હરખઘેલાં, અને અભિષેક-ઐશ્વર્યા કે એવી જ કોઇ બીજી જોડીના લગ્નમાં નાચવા થનગની રહેલાં આપણે બેહાલ, ઠેબે ચડતું, પીડિત, ભયભીત બાળપણ ક્યાં અને ક્યારે જોઇએ જ છીએ કે પીડા !

અને માનો કે જોઇએ છીએ, તો એને માટે શું કરીએ છીએ? નિશાળને દરવાજેથી કોઇ અપરાધી બાળકને ''તારા પપ્પા પાસે લઇ જાઉં'' એમ કહી સ્કૂટર પર બેસાડી જાય તો દરવાજે ક્યાં કોઇ શિક્ષક કે જવાબદાર વ્યક્તિ ઊભી હોય છે, જે એકેએક બાળક પૂરી સુરક્ષાથી જ ઘેર જાય છે એની ખાતરી કરે ? ચોકલેટ કે મીઠાઇની લાલચ દેખાડીને કોઇક બાળકને ઘરમાં ગોંધી દે, તો આપણે ક્યાં એમને એવી તાલીમ આપી છે કે પ્રાણાન્તે પણ આવી લાલચમાં ન ફસાવું અને ચોકલેટ ખાવી હોય તો અમારી પાસે આવવું? નથી શિક્ષણ સંસ્થાઓને ચિંતા, નથી વાલીઓને ચિંતા. રિક્ષામાં આંગળી સુધ્ધાં ચસી ન શકે એ રીતે ઠાંસીને ભરેલાં બાળકો, અને બે બાજુ દફતરો ટાંગીને સ્તબ્ધ કરી મૂકતાં દશ્યો કોની આંખને અજાણ્યાં છે?

ચાલો, જાતને સવાલ પૂછીએ. રેલવેના ડબ્બામાં કચરો કાઢતા ચીંથરેહાલ બાળક સાથે તમે કયો વહેવાર કરો છો? હોટેલ-રેસ્ટોરાંમાંથી તમે ઓડકાર ખાતાં બહાર આવો અને સામે હાથ લાંબો કરી, પેટ દેખાડી, કોઇ બાળક ભીખ માંગતું હોય ત્યારે તમે શું કરો છો? પોલીસ કે એવો જ કોઇ અધિકારી ગરીબ બાળકને કાન પાસે સનસનાવીને થપ્પડ મારે અને તમે ત્યાં હાજર હો, તો તમે કેવી સક્રિયતા દેખાડો છો? તમારી આસપાસના કોઇ પણ બાળકને, જેને સહાયની જરૂર હોય એમ તમે અનુભવ્યું હોય ત્યારે, તમે સહાય કરી છે ખરી? શું વિચારો છો તમે રઝળતા, સૂકીભઠ્ઠ આંખોવાળા બાળપણ માટે? ઉત્તરો સ્વયં સ્પષ્ટ કરશે આપણા સમાજની સ્થિતિ. જે સમાજ એનાં બાળકોને અવગણે છે તે સમાજ આંધળો છે, પછાત છે. અને સમાજનાં બાળકો એટલે તમામ બાળકો, પછી એ ભીખ માંગતાં હોય, કામ કરતાં હોય, નિશાળે જતાં હોય, કે ભટકતાં હોય. એ જ આપણી આવતી કાલ છે, તેની ના પડાશે? ■

# જાહેર જીવનના પદાર્થપાઠ ક્યારે ?

- ડંકેશ ઓઝા

સ્વામી સચ્ચિદાનંદ એક રીતે જોઇએ તો ગુજરાતનું ઘરેણું છે. તેમનું શરૂઆતનું પુસ્તક 'મારા અનુભવો' તેમના વ્યક્તિત્વને સરસ રીતે ઊપસાવી આપે છે. ધર્મગુરુની શોધમાં તેમને થયેલા અનુભવોનું એમાં વિગતે બયાન છે. ત્યાર પછી તો સ્વામીએ સંખ્યાબંધ પુસ્તકો લખ્યાં. વિદેશ પ્રવાસો પણ ખૂબ કર્યા. પરંતુ આ પ્રવાસો દરમિયાન તેઓ એક ક્ષણ પણ ભારતને ભૂલ્યા નથી એની ખાતરી આ વિષયનાં તેમનાં પુસ્તકો કરાવે છે. 'મારા ઉપકારકો' નામનું તેમનું નાનકડું પુસ્તક વાંચ્યું ત્યારે મને થયું કે સ્વામી હવે બધું સંકેલવાના - આટોપવાના મૂડમાં છે. પરંતુ ત્યાર પછીની એમની સક્રિયતાએ જ આજે મને લખવા પ્રેર્યો છે. ગુજરાતનાં બધાં જ પ્રમુખ દૈનિકોમાં તેઓ આજની તારીખે લખે છે. 'લખે છે' એટલે કે તેમનાં પુસ્તકોમાંથી કેટલુંક પુનર્મુદ્રણ થાય છે.

પેટલાદ તાલુકાના દંતાલી ઉપરાંત ગાંધીનગરના કોબામાં અને ઉત્તર ગુજરાતમાં તેમના આશ્રમો છે. ગાંધીનગર ખાતે વૃદ્ધાશ્રમ છે. દંતાલી ખાતે હરિજન પુજારી રાખ્યો અને શુભ મુહૂર્તના બદલે કમૂરતમાં તેમણે પ્રારંભ કર્યો. સમાજસુધારાની તેમની અહાલેક અવિરત ચાલુ છે. કુરિવાજોને, વ્યસનોને તિલાંજલિ આપવા તેઓ ભાષણો કરે છે. લોકો બળવાન હોવા જોઈએ એવો તેમનો મત છે. કર્મકાંડના બદલે સમાજ -સેવા પર તેઓ ઉચિત ભાર મૂકે છે.

સૌથી મહત્ત્વનું કાર્ય તેમણે સ્વાધ્યાય પ્રવૃત્તિમાં હિંસા દાખલ થઈ તેના જાહેર પ્રતિકારનું કર્યું. અમદાવાદમાં તેઓ જાહેરમાં આ પ્રવૃત્તિના સર્વેસર્વા વિરુદ્ધ બહાર આવ્યા. સ્વામીની અને સ્વાધ્યાયની બન્નેની એકંદર છાપ સમાજમાં ઘણી ઊંડી અને સારી હોવાથી ઘીના ઠામમાં ઘી રહ્યું અને આખો વિવાદ સમેટાઈ ગયો. સ્વાધ્યાય પ્રવૃત્તિ વળી ધમધોકાર ચાલવા લાગી છે. જયશ્રી દીદી ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈને ધર્મની બહેન તરીકે રાખડી બાંધે છે અને બહેનનું કોઈપણ ભોગે રક્ષણ કરવાની ભાઈની ફરજ પણ તેમણે નિભાવી એમ લોકો કહે છે.

આટલું તો માત્ર પૂર્વભૂમિકારૂપે જ કહેવાનું થયું. પરંતુ ખરો પ્રશ્ન હવે આવે છે. સ્વામી ભગવાં વસ્ત્રો પહેરે છે. તેમણે કોઈ સંપ્રદાય રચ્યો નથી કે ચેલા મૂડયા નથી તે પણ આ તબક્કે નોંધવું જોઈએ. પરંતુ તેઓ સંત તરીકે ઓળખાય છે. આ બિરુદનો તેમણે ઈન્કાર કર્યાનું કદી જાણ્યું નથી. એક ભગવાધારી સંત સ્વબચાવના મજબૂત કારણને લઈને, હુમલો કરવા આવનાર પર રિવોલ્વરમાંથી ગોળી છોડી અને હુમલાખોરને ભલે પગમાં ગોળી વાગી હોય પરંતુ ટૂંકા ગાળામાં તેનું મોત નીપજે તેવી ઘટના બની ગઈ. સ્વામી અગાઉ અનિવાર્ય હિંસાની તરફદારી કરી ચૂકયા છે. ગાંધીએ કંઈક અંશે પ્રજાને નિવીર્યતા કે નિર્માલ્યતાનો સંદેશ પૂરો પાડયો એવી ટીકા પણ કરી ચૂકયા છે. યુદ્ધોથી પ્રજાની શૂરવીરતા પુરવાર થતી હોવાનું તેઓ માને છે. આવા બધા વિચારો સ્વામીને ચંદ્રકાંત બક્ષીની જોડે મૂકી આપે છે. તેમને આ ગમે કે કેમ તે ખબર નથી. (બક્ષી જો કે જાણે છે કે શંકરાચાર્યના મતે સંસાર-નદીના પાંચ કલેશ છેઃ અવિદ્યા, રાગ-દ્વેષ, અસ્મિતા અને અભિનિવેશ. અસ્મિતા એ કલેશ છે). સ્વામી તો આથી પણ અધિક જાણતા જ હોય.

સંત શબ્દની સાથે આખો ઇતિહાસ અને સંસ્કૃતિ ઊભેલાં છે. સમાજમાં સંત વિશેની એક વ્યાપક છાપ છે. તે મરવાનું પસંદ કરે પણ મારે નહીં. રાજકારણીઓની માફક શસ્ત્રસજ્જ સૈનિકોની સલામતી તો સ્વીકારે જ નહીં. આ બધું જોવા મળે ત્યાં સંત શબ્દનો છેદ ઊડી જાય એવું આપણો સમાજ, ગમે તેટલો આગળ વધ્યો હોવા છતાં, આજે પણ માને અને મારા જેવા નાસ્તિકને પણ તે સ્વીકાર્ય લાગે.

સ્વામી તો વળી અમદાવાદની જાહેર સભામાં સ્વાધ્યાય પ્રકરણે જીવ આપવાનો થાય તો મરવા તૈયાર હોવાનું બોલી જ ચૂક્યા હતા. આમ છતાં એ વચન પણ બાષ્પીભૂત થઇ ગયું - જ્યારે નજર સામે મોત દેખાયું. મરવું કોઇને ન ગમે. કોઇ ખપી જાય એવું કહેવું પણ મને ન ગમે. પરંતુ સંત તરીકેની છાપને તેથી થોડી ઝાંખપ તો અવશ્ય લાગે જ છે. પ્રજામાં સંતની કલ્પના કે વિચારને તેથી કરીને જબરદસ્ત ધક્કો પણ પહોંચે છે તેટલું નક્કી.

અખબારોમાં સમાચારરૂપે જે કંઇ આવ્યું તે સિવાય સંતના હાથે થયેલા ગોળીબારની અને હત્યારાના મોતની ગુજરાતના બૌદ્ધિકોએ પૂરતી ચર્ચા ન કરી એમ પણ મને લાગે છે. લોકશાહી સમાજની રીતે ગુજરાત ઊણું ઊતર્યું હોવાની પણ એક છાપ અજાણપણે પણ ઊભી તો થાય જ છે. સત્તા સત્તાને ઠેકાણે રહે, ધર્મ ધર્મને ઠેકાણે રહે, સંપ્રદાયો પોતાનો વેપલો ભલે કર્યા કરે પરંતુ આ સર્વની અને વિશિષ્ટ વ્યક્તિની જાહેર બૌદ્ધિક ચર્ચા સુદ્ધાં ન થાય તો તે આપણી નાલેશી છે.

સ્વામી પ્રત્યે મને ઘણો આદર છે. તે જ કારણે અપેક્ષાઓ વધે છે. ધર્મ અને સરકાર બધાં મળીને રૂપાલની પલ્લીમાં લાખો રૂપિયાનું શુદ્ધ ઘી

ઢોળાતું અટકાવી શકયાં નથી. આ અંગે પણ મારે સ્વામી સાથે પત્રવ્યવહાર થયો છે. નાસ્તિકોને સાથે રાખીને નહીં તો આપમેળે પણ જો તેઓ આ બગાડ અટકાવી શકે તો સમાજ તેમનો ઓશિંગણ જ રહેશે.

કેટલાક જાહેર પ્રશ્નોને તટસ્થતાપૂર્વક ચર્ચવા જોઇએ. કોઇના પર પોતાના મતનું આરોપણ કરવાની રીતે નહીં પણ જાહેર જીવનની શુદ્ધિની રૂપે પણ આ થતું રહેવું જોઇએ. બાકી સુષ્ઠુ-સુષ્ઠુ તો બધું ચાલતું જ રહે છે અને ચાલતું રહેશે. આશા છે આપણાં વિચારપત્રો અને જાહેર બૌદ્ધિકો સમાજને નિરાશ નહીં કરે પણ તેમને જાહેર શિક્ષણના અણગમતા પાઠ ભણાવીને જ જંપશે. ■

## હરખ હવે તું હિન્દુસ્તાન !

શિલ્પા શેટ્ટીના બનાવના પગલે આપણા કેન્દ્રીય પ્રસારણ મંત્રીશ્રી પ્રિયરંજન દાસમુન્શીએ ફરમાન કાઢ્યું, ઉફ, સલાહ આપી : હવે પછી ભવિષ્યમાં દેશના કલાકારો કોઇ વિદેશી એસાઇન્મેન્ટ સ્વીકારે એ પહેલાં સરકાર કે હાઇ કમિશનને એમણે જણાવી દેવું, જેથી કરીને આવી embarrassing પરિસ્થિતિ નિવારી શકાય... Thank you, Big Brother. વળી, એ જ દિવસે 'મોરલ પોલિસ'ની ભૂમિકા ભજવવાનું પણ એમને માથે આવી પડ્યું, ટીવીના પડદે અશ્લિલ દૃશ્યો દેખાડે છે એમ કહીને એક ચેનલ (AXN)ને બે મહિના માટે સ્થગિત કરી દીધી. આ પણ આપણા સૌના ભલા માટે જ કરવું પડ્યું ને, ભલા! કારણ કે આપણને - દેશની એક અબજથી વધુ જનતાને એ પણ ગતાગમ નથી કે ટીવીના પડદે શું જોવું જોઇએ અને શું નહીં. હાશ, હવે શાંતિ થઇ ગઇ. આપણું ધ્યાન રાખવાવાળું, કાન આમળવાવાળું કોઇ ઉપર બેઠું છે ખરું.

એવી જ ભૂમિકા આપણા આરોગ્ય મંત્રી શ્રી રામદોસે પણ ભજવવી પડેલી. થોડા વખત પહેલાં ટીવી કે ફિલ્મોમાં સિગારેટ પીવાનાં દૃશ્યો પર પ્રતિબંધ મૂકવો પડેલો એ પણ અત્રે યાદ કરી લઇએ. કારણ કે ગમે એટલી હિંસા દર્શાવતી ફિલ્મોથી આપણે દોરવાઈ નથી જતા, પણ ધુમ્રપાનનાં દૃશ્યોથી આપણાં impressionable મગજ કદાચ દોરવાઈ જાય તો ? પણ, આ 'મોરલ પોલિસ'નો ભોગ બનનાર આપણે, આપણા કલાકારો કે આપણા ફિલ્મ બનાવનારાઓ એકલા નથી. હાલમાં જેમ્સ બોન્ડની ભૂમિકા ભજવનાર ડેનિયલ ક્રેઇગ પણ આપણી જમાતમાં જ છે. પોતાની અદાકારી દરમ્યાન ધુમ્રપાન નિષેધના ફરમાન અંગે ક્રેઇગે કહેલું, "I can blow off someone's head at close range and splatter blood, but I can't light a good Cuban!" ચાલો, ત્યારે હરખાઇએ, આપણે એકલા નથી. - *તૃપ્તિ* ■

## આ અસહિષ્ણતા અટકશે ખરી ?

પાંચ કરોડ ગુજરાતીઓ ફરી પાછા 'બાન'માં આવી ગયા. કોમી હુલ્લડના દાવાનળમાં પોતાનો પુત્ર ગુમ થયો ત્યારથી લઈને વર્ષો સુધી એના મળવાની આશામાં એને શોધતું એક પારસી કુટુંબ જે પારાવાર માનસિક યાતના અને લાગણીઓના ઉદ્વેગમાંથી પસાર થયું એની સત્ય ઘટના પર આધારિત અત્યંત નાજુક અને સંવેદનશીલ કથાને કંડારતી ફિલ્મ 'પરઝાનિયાં' દેશભરમાં ૨૦૦૬ના પ્રજાસત્તાક દિવસે પ્રદર્શિત કરવામાં આવી, પણ ગુજરાતમાં ન થઈ. આપણે સૌ એ જોવા આતુર હતા. પણ ના જોઈ શક્યા. કારણ? બજરંગ દળે ફતવો જારી કર્યો કે એ પ્રદર્શિત નહીં થઈ શકે. તેથી થિયેટરના માલિકોએ જાહેર કરી દીધું કે તેઓ ફિલ્મને પ્રદર્શિત નહીં કરે.

આ તો ચોરી પર સીનાચોરી જેવો ઘાટ થયો. અને આવા ફતવા સામે બીજાં બે મહત્વનાં ઘટકો - સરકાર તથા પ્રજા - શું કરતાં હતાં? બંધારણીય ફરજ તેમજ 'કાયદાના રાજ'નું પાલન કરવાની જેની ફરજ છે તે સરકારે શું કર્યું? પણ, તેનું પાલન કરવા માટે પહેલાં એની મૂળભૂત સમજણ હોવી જરૂરી છે. જેમની પાસે એ સમજણનો જ મૂળે અભાવ હોય એમને શું કહેવું ? અને પ્રજા - ખુલ્લંખુલ્લી દાદાગીરીને શરણે થઈ ગઈ. આ બે ઘટકોની પ્રતિક્રિયા ચિંતા ઉપજાવે છે.

થોડાં વરસ પહેલાં દિગ્દર્શિકા દીપા મહેતાની શબાના આઝમી-નંદિતા દાસની ભૂમિકાવાળી Water ફિલ્મના વારાણસીમાં શરૂ થયેલા શુટિંગ સમયે જ વીએચપીવાળાઓએ ભારે તોફાન-ઊહાપોહ મચાવીને શુટિંગ અટકાવી દીધેલું. દીપા મહેતાએ ફિલ્મ પડતી મુકવી પડેલી. એ જ ફિલ્મ શ્રીલંકામાં શુટિંગ કરીને આ વર્ષે બનાવી, જે આ વર્ષે કેનેડા તરફથી ઓસ્કારમાં અન્ય ભાષાની ફિલ્મ તરીકે અંતિમ પાંચ ફિલ્મોમાં નામાંકિત થઈ છે! હજુ ગયા વર્ષે, નર્મદા ડેમ વિરુદ્ધ કે વિસ્થાપિતોના પુનર્વસવાટ અંગે કરેલાં ઉચ્ચારણોને લીધે આમીર ખાનની મુખ્ય કલાકારીવાળી ફિલ્મ 'ફના'ને ગુજરાતમાં આવાં જ કટ્ટર અસહિષ્ણુ તત્ત્વોએ પ્રસારિત ન થવા દીધી. આપણે સૌ હાથ જોડીને બેસી રહ્યાં. 'દોરે ત્યાં જાય' જેવી આપણા પાંચ કરોડ ગુજરાતીઓની દશા ૨૦૦૨ની સાલથી ચાલુ છે - એ અટકવાનાં કોઈ ચિહ્નો દેખાતાં નથી. આ સિલસિલો અટકશે ? કયાં જઈને ? અને ત્યાં સુધીમાં અસહિષ્ણતાના આવા થરના થર બાઝતા જશે એનું શું કરીશું ? સમાજના પોતમાં સાંધી ન શકાય એવા ચીરા પડતા જશે એનું શું કરીશું? 'કાયદાના રાજ' ને જે લૂણો લાગી રહ્યો છે, એનું શું કરીશું ? - *તૃપ્તિ* ■

# આદિવાસી વન અધિકાર કાયદો : એક ઐતિહાસિક ઉપલબ્ધિ

*- તૃપ્તિ પારેખ*

છેવટે આદિવાસીઓ તેમજ પરંપરાગત રીતે જંગલમાં રહેતા અન્ય સમુદાયોની મોટી જીત થઈ. ડિસેમ્બર ૨૦૦૬ના શિયાળુ સત્રના છેલ્લા દિવસોમાં સંસદે 'અનુસૂચિત જનજાતિ તથા અન્ય પરંપરાગત જંગલવાસી (વન અધિકાર માન્યતા) અધિનિયમ ૨૦૦૬ - The Scheduled Tribes and Other Traditional Forest Dwellers (Recognition of Forest Rights) Act 2006 - પસાર કર્યો. ૨૯ ડિસેમ્બરે પ્રેસિડેન્ટે એના પર સહી કરી અને ૨ જાન્યુઆરી ૨૦૦૭ના રોજ તે ગેઝેટમાં પ્રસિદ્ધ થઈને કાયદો બની ગયો.

છેલ્લી દોઢ સદીથી દેશનાં જંગલો પર જંગલખાતાના ચાલતા આવેલા ઈજારાને આ કાયદો સૌ પ્રથમ વાર તોડે છે અને જંગલજમીનો તેમજ વનસંપત્તિ પર આદિવાસીઓ તેમજ જંગલમાં રહેતા અન્ય પરંપરાગત સમુદાયોને પાયાના માલિકી હક્કો આપે છે (જુઓ બોક્ષ). એ રીતે આ કાયદો અતિ અગત્યનું, ઐતિહાસિક અને અભૂતપૂર્વ કદમ છે. જંગલખાતાની જોહુકમી, અત્યાચાર અને ઈજારા સામે આદિવાસીઓ તથા અનેક સંગઠનોના વર્ષોથી ચાલતા સંઘર્ષ અને 'ગુજરાત આદિવાસી મહાસભા' તેમજ દેશવ્યાપી 'કેમ્પેઈન ફોર સર્વાઈવલ એન્ડ ડિગ્નીટી'ના છેલ્લાં ચાર વર્ષના ઘનિષ્ઠ અભિયાન બાદ આ કાયદો બન્યો છે.

આ કાયદાનાં બીજ દેખીતી રીતે રોપાયાં હતાં નવેમ્બર ૨૦૦૪ની વડા પ્રધાન સાથેની 'કેમ્પેઈન'ની મિટિંગમાં, જેમાં વડા પ્રધાને આદિવાસીઓના અધિકારો અંકે થાય એની તાતી જરૂરિયાત સમજી, એને માટે અલગ કાયદો બનાવવાની અનિવાર્યતાનો સ્વીકાર કર્યો, અને વન મંત્રાલય નહીં પણ આદિજાતિ મંત્રાલય એ અંગેનો કાયદો ઘડે એવી સ્પષ્ટ સૂચના આપી. આ કાયદાનો ખરડો બની રહ્યો હતો, તે જ દિવસોમાં સરિસ્કા અભયારણ્યમાંથી વાઘ ખતમ થયાના સમાચાર પ્રસિદ્ધ થયા. અને 'વાઘ બચાવો' પર્યાવરણવાદીઓ આ કાયદા પર તૂટી પડ્યા કે આદિવાસીઓને જંગલજમીન અને જંગલો પર અધિકારો આપવાથી તો જંગલો સાવ ખલાસ થઈ જશે અને વાઘ નાશ પામશે. એટલું જ નહીં, વાઘ બચાવવા માટે વન વિભાગને જ વધુ સત્તા, શસ્ત્રો અને નાણાં આપવા માટેની જોરદાર હિમાયત ચાલુ થઈ ગઈ. એ વખતે જો કે તેઓ સૌ સાનુકૂળ રીતે એ ભૂલી ગયા કે આદિવાસીઓને અધિકારો મળતાં પહેલાં જ અને વન વિભાગની એકહથ્થુ કેન્દ્રીકૃત સત્તા નીચે જ વાઘ ખલાસ થઈ ગયા હતા. આ બે વર્ષ દરમ્યાન આ કાયદા સામે સતત 'વાઘ બચાવો' પર્યાવરણવાદીઓ, અનેક બૌદ્ધિકો અને વનવિભાગ ઉગ્ર, ઝંઝાવાતી વિરોધ કરતા રહ્યા હતા. ખોજના આગલા અંકો (મે-જૂન ૦૫, જુલાઈ-ઓગસ્ટ ૦૫, જાન્યુ-ફેબ્રુ ૦૬)માં એ વિશે વિસ્તારથી ચર્ચા કરી છે. આવા જોરદાર વિરોધની વચ્ચે આ કાયદો બનાવીને કેન્દ્ર સરકારે આદિવાસીઓ પરના ઐતિહાસિક અન્યાયને સુધારવા માટેનું ખરેખર પ્રશંસનીય પગલું ભર્યું છે. જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી (JPC)ની સર્વ સહમત ભલામણો અને ડાબેરી પક્ષોએ એમાં અહમ્ ભૂમિકા ભજવી છે.

## ક્યા અધિકારો આપવામાં આવ્યા છે ?

આદિવાસીઓ અને અન્ય સ્થાનિક સમુદાયોના જંગલ જમીનો તેમજ જંગલો ઉપરના જે અધિકારોને આ કાયદો માન્યતા આપે છે, તે મુખ્ય બે ભાગોમાં વહેંચી શકાય :

૧) વ્યક્તિગત કે પારિવારિક અધિકારો

૨) સામુદાયિક અધિકારો

બધા પ્રકારની જંગલ જમીનો ઉપર આ અધિકારોને માન્યતા અપાશે. અને અભયારણ્ય કે રાષ્ટ્રીય ઉદ્યાનો જેવા આરક્ષિત વિસ્તારો (Protected Areas)ને પણ તે લાગુ પડશે.

### વ્યક્તિગત અધિકારો

વ્યક્તિગત અધિકારોમાં મુખ્ય અધિકાર જે જંગલ જમીનોનો ઉપયોગ આદિવાસીઓ કે અન્ય સ્થાનિક સમુદાયોના લોકો ખેતી કે રહેણાક માટે કરી રહ્યા છે અને એ રીતે જે એમના કબજામાં છે, એ તમામ જમીનો તેમના નામે કરી આપવાનો છે. આ કાયદો સંસદમાં મુકાયો (૧૩ ડિસેંબર, ૨૦૦૫) ત્યાર પહેલાંથી જે જંગલ જમીનો આ રીતે લોકોના કબજામાં છે, તે તમામ જમીનો જે તે પરિવારને મહત્તમ ૪ હેક્ટરની મર્યાદામાં નામે કરી અપાશે. જમીનો પતિ અને પત્ની એમ બંનેને સંયુક્ત નામે અપાશે. આ જમીનો તેઓ વેચી નહીં શકે, પરંતુ તેની વારસાઈ

કરાવવાનો અધિકાર હશે.

આ ઉપરાંત અગાઉ જે જમીનો લિઝ કે પટ્ટા પર લોકોને આપવામાં આવી હોય અને પાછળથી જેના પરના લોકોના દાવાઓ સેટલ કર્યા વગર જ બારોબાર જંગલ જમીન તરીકે જાહેર કરી દેવામાં આવી હોય કે જે જમીનો પરના લોકોના જૂના દાવાઓનો હજી સુધી નિકાલ કરવામાં ન આવ્યો હોય એવી 'વિવાદી' જમીનો નામે કરાવવાનો અધિકાર પણ આ કાયદો આપે છે.

આ ઘણી મહત્ત્વની વાત છે. સ્વતંત્રતા મળ્યા પછી આપણા દેશમાં અનેક ઠેકાણે સરકારી પડતર કે અન્ય જમીનો જંગલ જમીન તરીકે જાહેર કરી દેવામાં આવી છે, પરંતુ એમ કરતી વખતે એ જમીનો પરના લોકોના જે વરસો જૂના દાવાઓ હતા તે સેટલ કરવામાં નથી આવ્યા. જંગલ જમીન જાહેર કરવાની પ્રક્રિયા વખતે જ ખરેખર તો એ જમીનો લોકોને નામે થઈ જવી જોઈતી હતી !

જે લોકોના ડિસેમ્બર ૨૦૦૫ પહેલાંના જંગલ જમીન પરના આવા તમામ પ્રકારના કબજા અગાઉ ગેરકાયદેસર રીતે છોડાવી દેવામાં આવ્યા હશે, તે સૌને પણ મૂળ જમીન આથવા તો એ શક્ય નહીં હોય તો એના જેટલી બીજી જમીન ફરીથી આપવામાં આવશે.

વન વસાહતનાં ગામો (forest villages)ને રેવન્યુ ગામોમાં ફેરવવાનો અધિકાર પણ ત્યાંના લોકોને પોતાના ઘર જમીન પરના વ્યક્તિગત અધિકારો આપે છે. આ ગામો તો વરસો પહેલાં (ઘણા કેસોમાં તો આઝાદી મળી તેનાથી પણ પહેલાં) જંગલનાં કામો માટે મજૂરો મેળવવા જંગલ ખાતાએ જ વસાવેલા. અને ત્યારે એમને રહેવા તેમજ ખેડવા માટે થોડી થોડી જમીનો ફાળવી આપેલી. પરંતુ એ જમીનોની માલિકી જંગલ ખાતાએ પોતાની પાસે જ રાખેલી, જે આજદિન સુધી ચાલુ છે. આ ગામોમાં રહેલા લોકો બધી બાબતોમાં સંપૂર્ણ રીતે જંગલ ખાતા ઉપર જ આધારિત જીવન જીવી રહ્યા છે. ત્યાં સુધી કે જન્મ કે મરણની નોંધ કરવા માટેના કોઈ તલાટી પણ ત્યાં નથી. આ ગામોને રેવન્યુ ગામોમાં ફેરવવાના અધિકારને માન્યતા મળવાથી આ ગામોના લોકોને તેમની ખેતી તેમજ રહેણાકની જમીનોની માલિકી મળશે. ઉપરાંત રેવન્યુ ગામો જેવી તમામ સગવડો અને હક્કો મળશે.

જ્યાં સુધી આ અધિકારો અંગેના દાવાઓની ચકાસણી કરવાની અને માન્યતા આપવાની કાર્યવાહી પૂરી નહીં થાય ત્યાં સુધી કોઈપણ વ્યક્તિને તેના કબ્જાની જમીન પરથી દૂર નહીં કરાય તેવી જોગવાઈ પણ છે.

## સામુદાયિક અધિકારો

સામુદાયિક અધિકારોમાં પહેલો અધિકાર તો વાંસ સહિતની ગૌણ વનપેદાશો પરના માલિકી હક્કનો તેમજ એને ભેગી કરવાનો, વાપરવાનો તથા વેચવાનો છે. આ ઉપરાંત, નદી કે તળાવોમાંથી માછલી તથા અન્ય પેદાશોનો ઉપભોગ કરવાના અધિકારનો પણ એમાં સમાવેશ થાય છે. આ અધિકારને એક અર્થમાં વ્યક્તિગત અધિકાર પણ ગણી શકાય, કારણ કે જંગલ વિસ્તારોમાં રહેતી દરેક વ્યક્તિને આ ગૌણ પેદાશો ભેગી કરવાનો, વાપરવાનો તેમજ વેચવાનો અધિકાર આપે છે. પરંતુ એની સાથે જ એ પેદાશોનો ઉપભોગ ટકાઉ રીતે થાય છે કે નહીં તે જોવાની જવાબદારી સામુદાયિક એટલે કે ગ્રામસભાની છે. એટલે એ અર્થમાં સામુદાયિક અધિકાર ગણાય. જે જંગલો ગ્રામસભાના સંચાલન હેઠળ નહીં હોય તેમાં પણ ગૌણ વન પેદાશો ભેગી કરવાનો લોકોનો અધિકાર તો છે જ.

આ ઉપરાંત, આ કાયદો સ્થાનિક ગ્રામસભાને વ્યક્તિગત કબજા હેઠળની જમીનો સિવાયનાં જંગલોને સાચવવાના, વિકસાવવાના અને ટકાઉ ઉપયોગ માટે તેનું વ્યવસ્થાપન કરવાના અધિકાર પણ આપે છે. આ અધિકાર જે જંગલોને સ્થાનિક લોકો (આદિવાસીઓ કે અન્ય સમુદાયના) પરંપરાગત રીતે સાચવતા આવ્યાં હોય કે જેના પર તેમનો પરંપરાગત access રહેલો હોય તે જંગલો માટે અપાશે. જે જંગલો આ રીતે ગ્રામસભાના વ્યવસ્થાપન હેઠળ આવશે તેને સામુદાયિક વન સંસાધનો (community forest resources) ગણવામાં આવ્યાં છે.

આના પર બહુ ધ્યાન નથી અપાયું, પરંતુ કાયદાની આ અત્યંત મહત્ત્વની જોગવાઈ છે. જો એનો યોગ્ય અમલ કરાવવામાં આવે તો એ જંગલો પરના વન વિભાગના એકાધિકારને સમાપ્ત કરીને સ્થાનિક લોકોના કાયમી અધિકારો પ્રસ્થાપિત કરવાની દિશામાં લઈ જતું અત્યંત મહત્ત્વનું કદમ સાબિત થશે. અને આપણા દેશનાં જંગલોની અત્યારની બિસ્માર હાલતની કાયાપલટ કરવાની ગુરુચાવી પૂરી પાડશે. આ અધિકાર સ્થાનિક લોકોના હિતનો રક્ષણ માટે તો જરૂરી છે જ, પરંતુ જંગલોના રક્ષણ અને ઉછેર માટે પણ એટલો જ જરૂરી છે.

આ ઉપરાંત, જંગલોમાં રહેતા પણ ખેતી ન કરતા હોય એવા લોકો (આદિવાસી કે અન્ય સમુદાયો)ના અન્ય પરંપરાગત અધિકારોને પણ આ કાયદો માન્યતા આપે છે. જોકે એમાં વન્ય પ્રાણીઓના શિકારના અધિકારનો સમાવેશ નથી થતો. માલધારીઓના ચરિયાણ (grazing) અધિકારો, વગેરેનો એમાં સમાવેશ થઈ શકે છે.

# વન અધિકાર કાયદાની મુખ્ય જોગવાઈઓ

આ કાયદો અનામત જંગલ, રક્ષિત જંગલ (protected forests), બિનવર્ગીકૃત જંગલ, અનામત જાહેર કરવા ધારેલ (deemed) જંગલ, ઉપરાંત અભયારણ્ય તેમજ રાષ્ટ્રીય વનઉદ્યાનો - તમામ પ્રકારની જંગલ જમીનો પરના નીચેના અધિકારોને માન્યતા આપે છે. કલમ ૨ (ડી)

આ તમામ પ્રકારની જમીન પર રહેતા (એમાં ખેતી કરતા કે એનો ઉપયોગ કરતા) અને એના પર આધારિત એવા આદિવાસીઓ અને પરંપરાગત રીતે ત્રણ પેઢીથી રહેતા આવેલા અન્ય જંગલવાસીઓને અધિકારો આપે છે. કલમ ૪ (૧)

## વ્યક્તિગત અધિકારો

- ૧૩ ડિસેમ્બર ૨૦૦૫ સુધીના જંગલ જમીન પરના કબજાઓને વધુમાં વધુ ૪ હેક્ટરની મર્યાદામાં પતિ-પત્ની બન્નેના સંયુક્ત નામ પર કરવામાં આવશે. કલમ ૩ (૧)(એ), ૪ (૩,૪,૬)
- વિવાદી દાવાઓ કે પટ્ટા અને લીઝ પર આપેલી જમીનોને નામે કરવામાં આવશે. કલમ ૩ (બી, એફ, જી)
- જ્યાં સુધી ચકાસણી અને માન્યતા આપવાની કાર્યવાહી પૂરી ના થાય ત્યાં સુધી કોઈની જમીનો ખાલી કરાવી નહીં શકાય. કલમ ૪ (૫)
- ૧૩ ડિસેમ્બર ૨૦૦૫ પહેલાંનો કોઈનો જંગલ જમીનનો કબજો જો ગેરકાયદેસર છોડાવવામાં આવ્યો હોય, તો તેમને સ્થળ પર જ પુનઃસ્થાપન કે અન્ય જમીન પર પુનર્વસવાટનો અધિકાર રહેશે. કલમ ૩ (એમ)
- વનવસાહતનાં ગામોને (Forest Villages) અને સર્વે ન થયેલા વસવાટોને મહેસૂલી ગામોમાં ફેરવવાના અને તેમાં રહેતા લોકોને ખેતી તેમજ રહેણાકની જમીનો નામે કરવાના અધિકાર આપે છે. કલમ ૩ (એચ)

## સામુદાયિક અધિકારો

- વાંસ સહિતની ગૌણ વનપેદાશો પર માલિકી હક્ક તેમજ એને ભેગી કરવાના, વાપરવાના તથા વેચવાના અધિકાર આપે છે. કલમ ૩ (સી)
- ઉપરાંત, નદી-તળાવોમાંથી માછલી તથા અન્ય પેદાશો પર ઉપભોક્તા કે માલિકી હક્કો આપે છે. કલમ ૩(ડી)
- પરંપરાગત સાચવતા આવેલા હોય એ જંગલો સાચવવાના, વિકસાવવાના, કે વહીવટ કરવાના અધિકાર ગ્રામસભાને આપે છે. કલમ ૩ (આઈ), ૫
- એ ઉપરાંત, જીવવૈવિધ્યના accessનો તેમજ તેના જ્ઞાન પરનો બૌધ્ધિક અધિકાર આપે છે. કલમ ૩ (કે)
- અભયારણ્ય અને રાષ્ટ્રીય વન ઉદ્યાનોમાં રહેતા લોકોને પણ આ તમામ અધિકારો મળશે. એમાંના અમુક ક્રિટીકલ વાઈલ્ડ લાઈફ હેબિટાટના ખાસ કિસ્સાઓમાં લોકોને હટાવવા જ પડે એમ હોય તો જ એમને હટાવવામાં આવશે, પણ એમ કરતાં પહેલાં સુરક્ષિત આવક આપતું પુનર્વસવાટ કે વૈકલ્પિક વ્યવસ્થા આપતું પેકેજ તૈયાર કરીને લોકોને જણાવવામાં આવશે, અને ગ્રામસભાની એના પર મુક્ત સંમતિ મેળવવામાં આવશે તથા પુનર્વસવાટની જગ્યાએ બધી જ સગવડો અને જમીન ફાળવણી કરી દીધા બાદ જ લોકોને હટાવવામાં આવશે. એટલું જ નહીં, જે વાઈલ્ડ લાઈફ હેબિટાટમાંથી આ રીતે લોકોને હટાવ્યા હોય એને બીજા કામ માટે વાપરી શકાશે નહીં. કલમ ૪ (૨)
- ઉપરાંત, વિચરતી જાતિઓ (Nomadic) કે માલધારીઓના (pastoralist), ખેતી ન કરતા હોય, પણ જંગલનો ચરાણ માટે કે અન્ય ઉપયોગ પરંપરાગત રીતે કરતા આવેલા હોય એમના અધિકારોને પણ માન્યતા આપવામાં આવશે. કલમ ૩ (ડી,ઈ)
- આદિવાસીઓ કે અન્ય જંગલવાસીઓના પરંપરાગત રીતે ભોગવતા આવેલા આ ઉપરાંતના અધિકારોને (શિકાર કરવા સિવાયના) માન્યતા આપવામાં આવશે. કલમ ૩ (એલ)
- હેક્ટર દીઠ ૭૫થી ઓછાં ઝાડવાળી એક હેક્ટરની મર્યાદામાં જંગલજમીનને શાળા, ચેકડેમ, આંગણવાડી, દવાખાનું, લાઈટના થાંભલા, સસ્તા અનાજની દુકાન, નાની સિંચાઈ યોજના વગેરે ગામવિકાસનાં કામો માટે ૧૯૮૦ના વન (સંરક્ષણ) અધિનિયમ હેઠળ કેન્દ્ર દ્વારા તાત્કાલિક મંજૂરી આપી દેવામાં આવશે. આ કામો માટે ગ્રામસભાની મંજૂરી આવશ્યક છે. કલમ ૩ (૨)
- ઉપરાંત, આ તમામ અધિકારો નોંધવાના, ચકાસણી કરવાના તથા એની યાદી તૈયાર કરીને સબ ડિવિઝનલ કમિટીને મોકલવાના અધિકાર ગ્રામસભાને રહેશે. જિલ્લા કક્ષાની સમિતિનો નિર્ણય આખરી ગણાશે. કલમ ૬ ■

## આરક્ષિત વિસ્તારો માટેનો અપવાદ

ઉપર જોયું તેમ અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન જેવા આરક્ષિત વિસ્તારોમાં રહેતા લોકોના પણ આ તમામ અધિકારોને આ કાયદો માન્યતા આપે છે. પરંતુ એમાં એક અગત્યનો અપવાદ છે. જો નિષ્ણાતોના અભ્યાસ પછી રાજ્ય સરકારને એમ લાગે કે કોઈ અભયારણ્ય કે રાષ્ટ્રીય ઉદ્યાનનો કોઈ ચોક્કસ ભાગ એવો છે જ્યાં સ્થાનિક લોકોની હયાતિને કારણે જ વન્ય જીવોની કોઇ સ્પીસિસ કે તેના આવાસ (habitat)ને ભરપાઇ ન થઇ શકે એવું નુકસાન થઈ રહ્યું છે અને તેમનું અસ્તિત્વ જ જોખમમાં મુકાઈ ગયું છે, તો એ અભયારણ્ય કે રાષ્ટ્રીય ઉદ્યાનના એ ચોક્કસ ભાગને સરકાર critical wildlife habitat તરીકે જાહેર કરી શકશે. અને એમ કર્યા પછી એ ક્રિટિકલ વિસ્તારમાંથી લોકોને હટાવવા જ પડે એમ હોય તો એમને ત્યાંથી હટાવી શકશે. પરંતુ એમ કરતાં પહેલાં એ લોકોને સુરક્ષિત આવક આપે એવા પુનર્વસવાટનું વૈકલ્પિક પેકેજ તૈયાર કરીને લોકોને જણાવવું પડશે અને ગ્રામસભાની એના પર મુક્ત સંમતિ મેળવવામાં આવશે. પુનર્વસવાટની જગ્યાએ બધી જ સગવડો અને જમીનોની ફાળવણી કરી દીધા બાદ જ લોકોને હટાવી શકાશે. આવા ક્રિટિકલ વાઈલ્ડલાઈફ હેબિટાટમાં પણ આ કાયદા હેઠળના અધિકારોની નોંધણી અને માન્યતા આપવાનું કામ તો પહેલાં પૂરું કરવાનું જ રહેશે. નિષ્ણાતોની સમિતિની અભ્યાસની ભલામણોના આધારે જ આવા ક્રિટિકલ વાઈલ્ડલાઈફ હેબિટાટ જાહેર કરી શકાશે અને એ સમિતિમાં સ્થાનિક પરિસ્થિતિના નિષ્ણાત ઉપરાંત આદિજાતિ મંત્રાલયના પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવશે. આવા ક્રિટિકલ વાઇલ્ડ લાઇફ હેબિટાટમાંથી લોકોને હટાવવામાં આવ્યા હોય તો પછી એ હેબિટાટને બીજા કોઈ કામ માટે વાપરી શકાશે નહીં.

## દાવાઓ ચકાસવાની અને માન્ય કરવાની પ્રક્રિયા

ઉપર જણાવેલ તમામ વ્યક્તિગત અને સામુદાયિક અધિકારો માટેના દાવાઓની નોંધણી, ચકાસણી અને તેમને માન્યતા આપવાની પ્રક્રિયામાં ગ્રામસભાએ અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે. આખી પ્રક્રિયાની શરૂઆત જ ગ્રામસભાએ કરવાની રહેશે. તે બધા દાવાઓ એકત્ર કરશે, તેમની ચકાસણી કરશે અને તેમને માન્ય કે અમાન્ય કરતા નિર્ણય પણ લેશે. ત્યાર પછી તે આ તમામ દાવાઓને લગતા તેના નિર્ણય સાથેનો વિગતવાર અહેવાલ સબ-ડિવિઝનલ કમિટીને મોકલી આપશે. સબ-ડિવિઝનલ કમિટી એને ચકાસીને ગામવાર વન-અધિકારોનું પત્રક તૈયાર કરીને જિલ્લા કમિટીને મોકલી આપશે. આ ઉપરાંત ગ્રામસભાના નિર્ણય સામે કોઈએ અપીલ કરી હોય તો તેને સાંભળીને તે અંગે પણ નિર્ણય લેશે. જિલ્લા કમિટી એના પર આખરી નિર્ણય લેશે અને રેકર્ડ ઓફ રાઈટ્સમાં સુધારા કરવાને જરૂરી હુકમો કરશે.

આ કાયદા હેઠળ માન્ય કરાયેલ અધિકારો માટે ફોરેસ્ટ કન્ઝર્વેશન એક્ટ હેઠળ કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયની મંજૂરી લેવાની આવશ્યક્તામાંથી મુક્તિ આપવામાં આવી છે અને કોમ્પેશનસેટરી એફોરેસ્ટેશન કે NPV માટે પણ કોઈ નાણાં ચૂકવવા નહીં પડે.

આ કાયદાના પેટા નિયમો (rules) હજી તૈયાર નથી થયા. એ થયા પછી જ આખી પ્રક્રિયા ખરેખર કઈ રીતે ચાલશે તેની સ્પષ્ટ રૂપરેખા મળશે. અને આ કાયદાનો અમલ પણ સંસદ એ પેટા નિયમોને મંજૂરી આપી દે ત્યાર પછી જ શરૂ થશે. અત્યારે તો એ કાર્યવાહી ઝડપથી પૂરી થાય એની રાહ જ જોવી રહી.

## શું આ કાયદો પર્યાવરણ વિરોધી છે ?

ઉપરની જોગવાઈઓ જોતાં એ તો સ્પષ્ટ છે કે આ કાયદો જંગલ વિસ્તારોમાં રહેતા આદિવાસીઓ તેમજ અન્ય સ્થાનિક સમુદાયોના પાયાના અધિકારોને માન્યતા આપતું ઐતિહાસિક પગલું તો જાણે છે જ, પરંતુ એમ કરતી વખતે જંગલ કે વન્યજીવોનાં હિતોને હાનિ નહીં પહોંચે એની પણ એમાં પૂરતી કાળજી રાખવામાં આવી છે. એટલું જ નહીં, ઘણી રીતે તો એ જંગલો અને વન્યજીવોનાં હિતોને બઢાવો જ આપશે. એ રીતે એ આપણા દેશનાં જંગલોની કાયાપલટ કરવાની દૃષ્ટિએ પણ ઐતિહાસિક પુરવાર થાય તો નવાઈ નહીં.

એમાં લોકોને ખેતી તેમજ રહેણાક માટેની જમીનો નામે કરી આપવાની વાત છે એ સાચું. પરંતુ એમાં અત્યારે જ્યાં જંગલ ઊભાં હોય તે કાપીને નવી જમીનો આપવાની કોઈ વાત નથી. વરસોથી જે જમીનો પર લોકો ખેતી કરતા આવ્યા છે કે જેના પર તેમના રહેણાકનાં મકાનો છે તે જ જમીનો નામે કરી આપવાની વાત છે, જે ખરેખર તો ઘણાં વરસો પહેલાં થઈ જવું જોઈતું હતું.

૧૯૮૦ની બદલે ૨૦૦૫ની કટ-ઓફ ડેટ રાખવામાં આવી છે તે અંગે ઘણાને સવાલ થઈ શકે. પરંતુ એ તો વહીવટી સુગમતાના આશયથી જ કરાયું છે. અત્યારે બેસીને ક્યા ખેડાણો ૨૬ વર્ષ પહેલાંનાં છે અને ક્યા ત્યાર પછીના એ નક્કી કરવામાં અનેક વહીવટી ગૂંચવાડાઓ પેદા થઈ શકે. એને બદલે હાલ જે જમીનો લોકોના કબ્જામાં છે તે જમીનો નામે કરીને આ સવાલનો કાયમી ઉકેલ કરી દેવાનો માર્ગ પસંદ કરાયો છે.

બાકી મોટા ભાગનાં ખેડાણો તો જૂનાં જ છે. અને આમેય ૧૯૮૦ પછી કોઈ જંગલ જમીન આપવી નહીં એવો કોઈ કાયદો નથી. ઉદ્યોગો કે વિકાસનાં અન્ય કામો માટે હજી આજે પણ જંગલો ઊભાં હોય તેવી જમીનો પણ આપવામાં આવે જ છે ને !

જંગલોની સાચવણી, ઉછેર અને ટકાઉ ઉપયોગ માટેના વ્યવસ્થાપનનો અધિકાર તો આપણે જોયું તેમ સ્થાનિક સમુદાયો તેમજ જંગલો એમ બંનેનાં હિતોને જાળવણી માટે જરૂરી છે. એ વિના દેશના બિસ્માર જંગલોની કાયાપલટ કરવી શક્ય નથી એ વાત તો ૧૯૮૮ની વન નીતિમાં પણ સ્વીકારાયેલી છે.

ઘણા પર્યાવરણવાદીઓને મુખ્ય વાંધો અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન જેવા આરક્ષિત વિસ્તારોમાં પણ આ વન અધિકારો અપાશે તેનો છે. તેમના મતે આ વિસ્તારો વન્યજીવો માટે જ આરક્ષિત રખાવા જોઈએ અને ત્યાં રહેતા લોકોને ત્યાંથી ખસેડીને બીજે વસાવવા જોઈએ. અહીં પહેલી વાત તો એ છે કે ટાઈગર ટાસ્ક ફોર્સના અંદાજ મુજબ આપણા દેશમાં આવા કુલ ૬૦૦ આરક્ષિત વિસ્તારો છે જેમાં રહેતા લોકોની સંખ્યા લગભગ ૪૦ લાખ જેટલી છે. આટલા લોકોને હટાવીને બીજે વસાવવા એટલે શું તેનો આ પર્યાવરણવાદીઓને કોઈ અંદાજ છે ખરો ? પરંતુ આ તો વ્યાવહારિક સવાલ થયો. મૂળ સવાલ તો એ છે કે આમ કરવું ખરેખર જરૂરી છે ? શું એ વન્યજીવોના હિતમાં પણ છે ખરું ?

પ્રસિધ્ધ પર્યાવરણવિદ્ માધવ ગાડગીલે ભરતપુર પંખી અભયારણ્યનો એક સરસ દાખલો આપ્યો છે. એને નેશનલ પાર્કમાં ફેરવી દીધા બાદ વરસોથી ત્યાં રહેતા લોકોને હટાવી દેવામાં આવ્યા. પરિણામે એ લોકોની જે ભેંસો ત્યાંના સરોવરમાં ન્હાવા પડતી તે બંધ થઈ ગઈ. એનાં બે પરિણામ આવ્યાં - એક તો આખા સરોવરમાં બધે ખસનું ઘાસ ફેલાઈ ગયું અને બીજું ભેંસોના ગોબરમાંથી સરોવરની માછલીઓને જે ખોરાક મળતો તે બંધ થઈ જતા એમની સંખ્યા ઘટી ગઈ. અને એને પરિણામે રશિયાથી જે ક્રેઈન પક્ષીઓ ત્યાં આવતાં હતાં તેમનો ખોરાક (માછલીઓ) પણ ખૂટી ગયો અને એ ત્યાં આવતાં બંધ થઈ ગયાં. આમ, જેના રક્ષણ માટે સ્થાનિક લોકોને ત્યાંથી હટાવવામાં આવેલા એ ક્રેઈન પક્ષીઓને જ એમ કરવાથી સૌથી વધારે હાનિ પહોંચી. આપણે ત્યાં ગીરમાં પણ માલધારીઓના નેસડા હટાવવાથી સૌથી વધારે નુકસાન ગીરના સાવજને જ થયું છે.

આમ, મોટા ભાગના કેસોમાં તો સ્થાનિક લોકો અને વન્યજીવો વચ્ચે મૂળે ટકરાવ નહીં પરંતુ પરસ્પર અવલંબનનો સંબંધ છે. અને જે થોડોઘણો ટકરાવ છે તે તો સરકારે સ્થાનિક લોકોના અધિકારો ખતમ કરીને ઉપરથી ઠોકી બેસાડેલી કેન્દ્રીકૃત વ્યવસ્થાને કારણે જ પેદા થયો છે. અને એનો ઉપાય એ અધિકારો ફરીથી પ્રસ્થાપિત કરવામાં રહેલો છે, જે આ કાયદો કરે છે.

અહીં બીજી એક બાબત ધ્યાન પર લેવા જેવી છે. આપણે ત્યાં કેટલાયે વિસ્તારોમાં કોઈ પણ જાતના વૈજ્ઞાનિક સર્વે વગર જ, એટલે જ્યાં એની કોઈ જરૂર નથી એવી હજારો હેક્ટર જમીનોને 'આરક્ષિત' ઘોષિત કરી દેવામાં આવી છે. સુરપાણેશ્વર અભયારણ્યની વાત કરીએ તો ૨૪ ગામોની ૧૬,૫૦૦ હેક્ટર જમીનની મૂળ દરખાસ્તને વધારીને પછી તેમાં ૧૦૦ ગામોની ૬૧,૦૦૦ હેક્ટર જમીન સમાવી લેવામાં આવી. શું આ વધારો કોઈ વૈજ્ઞાનિક સર્વેના આધારે કરવામાં આવેલો? ના. સરદાર સરોવરનો વિરોધ કરી રહેલા પર્યાવરણવાદીઓને મનાવી લેવાનો જ એનો આશય હતો ! એ તો જાણે રાજી ન થયા, પરંતુ ૧૦૦ ગામોના લોકોના જીવન કાયમ માટે હાડમારીમાં મુકાઈ ગયા ! ખેર, આવા તો કેટલાયે દાખલાઓ આપી શકાય એમ છે.

આમ છતાં જ્યાં લોકોને ખસેડ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ જ ન હોય એવા ક્રિટિકલ વાઈલ્ડલાઈફ હેબિટાટમાંથી લોકોને ખસેડવાની જરૂરિયાતનો સ્વીકાર આ કાયદામાં કરવામાં આવ્યો જ છે. અલબત્ત, એ માટે લોકોના સુરક્ષિત પુનર્વસવાટની પૂર્વશરત મૂકવામાં આવી છે. પરંતુ એ તો વાજબી જ છે ને ?

તેમ છતાં ઘણા પર્યાવરણવાદીઓ 'લોકો અને વન્યજીવો તો એક સાથે રહી જ ન શકે'નું રટણ કર્યા કરે છે. આ કાયદો પસાર થયો એના આગલા સત્રમાં જ સંસદે વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટમાં એક સુધારો કર્યો છે. તેમાં આરક્ષિત વિસ્તારના લોકોને આડેધડ હકાલપટ્ટી સામે રક્ષણ અપાયું છે. બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી અને અન્યોએ આ સુધારાને પડકારતી એક પીટીશન સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી છે. તેમાં એમણે જે દલીલ કરી છે તે આ રટણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે : *'માણસ અને વન્ય પ્રાણીઓ બન્ને સાથે રહી શકવાની વાતો તો કાલ્પનિક પરિકથા છે, જે યુટોપિયન વિભાવના પર ખડી છે અને લોકગીતોથી પોષાય છે'... 'જો આવું સાથે વસવાનું સંભવિત હોત, તો યુગો પહેલાં વન્ય પ્રાણીઓને પણ કૂતરા કે ભૂંડની જેમ પાલતુ બનાવી દેવામાં આવ્યાં હોત'... 'જંગલવાસીઓના અધિકારોને માન્ય રાખવા એ તો ''અતિક્રમણ કરનારાઓને'' ટેકો આપવા બરાબર છે'.*

એ તો સ્પષ્ટ છે કે આવી દલીલ કરનારા આ પર્યાવરણવાદીઓને લાખો ગરીબ લોકોની તો જાણે કોઈ તમા નથી જ, પરંતુ ઈકોલોજીનાં પાયાનાં તથ્યોથી પણ તેઓ સાવ અજાણ છે. ■

# જંગલ જમીન માટેની લડત – એક નિજી વિહંગાવલોકન

*- તૃપ્તિ પારેખ*

૧૯૮૪નો જૂન મહિનો. અમે સૌ ત્યારે વડગામ (સરદાર સરોવર ડેમનું ડુબાણમાં જતું પહેલું ગામ)ના નીચલા ફળિયામાં રણછોડભાઈ તડવીના ઘરમાં રહેતા હતા. એક સવારે હજી ભોં-ભાંખળું પણ નહોતું થયું ને નજીકના ગામ - ઝેરના હિંમત ધોળા તડવીએ આવીને અમને જગાડ્યા. કહે, ''ચાલો, અબી ને અબી ચાલો. જંગલવાળા ઝાડાં થાણવા આવવાના સે.'' હજી અમે કાંઈ સમજીએ કે આનાકાની કરીએ એ પહેલાં તો હાથ ખેંચીને લઈ ગયા. અમારી ચાલવાની ઝડપે લગભગ બે-અઢી કલાકે ગામ પર પહોંચ્યા. ઝેર-ડુરચા ગામના લોકો ભેગા થઈને રાહ જોતા હતા. આખો પ્રશ્ન સમજ્યા. ઝેરની જમીન પર વન અધિનિયમની કલમ ૪ હેઠળનું જાહેરનામું (સરકારે આ જમીનો ''અનામત'' જંગલ તરીકે જાહેર કરવાનું નક્કી કર્યા અંગેનું જાહેરનામું) ૧૯૭૫માં બહાર પડેલું, અને કાયદા મુજબ ફોરેસ્ટ સેટલમેન્ટ ઓફિસરે લગભગ ૧૯૮૦-૮૨ની આસપાસ ગામ પર આવીને લોકોના જમીન પરના દાવા-હિતો નોંધેલાં, પરંતુ લોકોને કાયદેસર જમીન મળી નહોતી અને કાયદા મુજબનું છેલ્લું કલમ ૨૦ નીચેનું (જે તે જમીનને 'અનામત' જાહેર કરતું) જાહેરનામું પણ હજુ બહાર નહોતું પડ્યું. (મજાની વાત એ છે કે હજુ આજે પણ લોકોના નામે જમીન થઈ નથી કે કલમ ૨૦ હેઠળનું જાહેરનામું પણ બહાર નથી પડ્યું.)

જંગલખાતું કાયદાનું અર્થઘટન એવું કરે છે કે સરકાર જે દિવસથી જે તે જમીનને ''અનામત'' જંગલ જાહેર કરવાનું નક્કી કરતું જાહેરનામું (કલમ ૪નું) બહાર પાડે, ત્યારથી જ એ જમીનજંગલ જમીન ગણાઈ જાય. અને એને આધારે લોકોનાં હક્ક-હિતો હજુ નક્કી ના થયાં હોય, સેટલ ના થયાં હોય તો પણ તમામ જમીનો એમના હસ્તક આવી ગઈ હોય તેમ ગણીને જમીનો ખાલી કરાવવી ચાલુ કરી દે. ઝેર-ડુરચાના કિસ્સામાં આમ જ બનેલું. લોકોને જમીનો પરથી હટાવે નહીં એ માટે કોઈ જ આધાર દેખાતો નહોતો. તે વખતે રાજપીપળા સોશ્યલ સર્વિસ સોસાયટીના સ્વ. ફાધર જોસેફે પણ પ્રશ્નમાં રસ લીધો અને હાઈકોર્ટમાં કેસ કરવાનું નક્કી થયું. એ વખતે એમની કાનૂની સહાયની અમને મોટી ઓથ હતી. અમદાવાદ જઈને ગરીબોના ભેરૂ એવા વકીલ શ્રી ગિરીશભાઈ પટેલને મળ્યા. બંધારણની કલમ ૨૧ નીચે લોકોના જીવવાના મૂળભૂત અધિકાર પર જ જંગલખાતાની આ કાર્યવાહી કુઠારાઘાત કરે છે એવી મુખ્ય દલીલના આધારે પીટીશન કરવાનું નક્કી થયું. કવાંટ વિસ્તારમાં પણ આવું જ થઈ રહ્યું હતું. માણકા ગામના આગેવાનો શોધતા શોધતા રાજેશને મળ્યા. ગામ પર જઈ મિટિંગ કરી અને માહિતી ભેગી કરી. તે વાત વાયુવેગે ફેલાઈ અને જોતજોતામાં ચાલીસેક ગામની મિટિંગો કવાંટ વિસ્તારમાં થઈ ગઈ અને યાદીઓ બની ગઈ. આ લોકોનાં ખેડાણો પર ઝાડ થાપવાનું ત્રણ-ચાર વર્ષથી મોટાપાયે થઈ રહ્યું હતું. ૧૯૮૪માં હળ-બળદ જમીની નોટિસો પણ અપાઈ હતી. લોકો ઘાંઘાવાંઘા થઈને અહીં તહીં જતા હતા પણ કોઈ રસ્તો દેખાતો ન હતો. તેથી પાછળ ને પાછળ માણકા ગામની પીટીશન કરી. ત્યારે ચીફ જસ્ટિસ તરીકે ખૂબ બાહોશ અને ન્યાયી એવા જસ્ટિસ પોદ્દાર હતા. એમણે તુરંત પ્રશ્નને સમજીને જંગલખાતા સામે મનાઈ હુકમ આપી દીધો. ત્યારબાદ આર્ચ-વાહિની અને રંગપુર આશ્રમની ભેગી પીટીશન થઈ, જેમાં કવાંટ, નસવાડી, છોટાઉદેપુર તાલુકાનાં ગામોનો ભેગો કેસ મૂક્યો અને મનાઈ હુકમ મળ્યો. બસ, જમીન પર ટકી રહેવાનું પહેલું તરણું મળી ગયું. પહેલો આધાર મળી ગયો.

એ જ અરસામાં નર્મદાનાં ગામોમાં ફરતાં અને લોકોની જમીન અંગેની યાદીઓ બનાવતાં એક બાબત એકદમ ઊપસી આવતી હતી કે રાજપીપળાનાં ડુબાણ ગામોનાં ઘણાં કુટુંબો અને વડોદરા જિલ્લાનાં નસવાડી-છોટાઉદેપુરનાં ડુબાણ ગામોનાં તો મોટાભાગનાં કુટુંબો ખાતાની જમીનને બદલે જંગલની જમીન પર જ આધારિત હતાં. મહારાષ્ટ્રનાં ગામોમાં પણ એવી જ સ્થિતિ નજરે પડી. જંગલખાતા દ્વારા એમને 'અતિક્રમણ' કરનાર (encroachers)નું નામ આપવામાં આવેલું. જમીન સંપાદન અધિનિયમ હેઠળ સરકાર માત્ર ખાતાની જમીન ધરાવનાર કુટુંબોને જ વળતર આપવા બંધાયેલી. અને 'અતિક્રમણ' કરનાર તો સરકારની નજરે ચોર હતા તેથી એમના પુનર્વસવાટની તો સરકારને પડેલી જ નહોતી! એ જ સમયે સારી પુનર્વસવાટ નીતિ બને એ માટે સરકાર અને વર્લ્ડ બેંક પર અમારું દબાણ ચાલુ હતું. માર્ચ ૧૯૮૪માં ગુજરાત-મહારાષ્ટ્રનાં ડુબાણ ગામોની વિશાળ રેલીમાં સૌ પ્રથમવાર આ માંગ મૂકી. મે ૧૯૮૫માં વર્લ્ડ બેંક સાથે સરકારોનો કરાર થયો. અને સપ્ટેમ્બર ૧૯૮૫માં સરકારે 'અતિક્રમણ' કરનારાં કુટુંબોને પણ કુટુંબ દીઠ પાંચ એકર જમીન આપવાનો સિદ્ધાંત સ્વીકારતો પરિપત્ર બહાર પાડ્યો. આમ, સૌ પ્રથમવાર નર્મદાનાં ગામોમાં જંગલજમીન પર જીવતાં કુટુંબોના કબજાહક્કનો સ્વીકાર થયો અને ખાનગી જમીન માલિકો જેવું સ્ટેટસ મળ્યું.

નર્મદાના સંગઠન અને લડતને ધ્યાનથી જોઈ રહેલા, નર્મદા નદીની દક્ષિણે આવેલા ડેડિયાપાડા તાલુકાનાં વાંદરી, માથાસર વગેરે ગામોના લોકોએ પણ જંગલખાતાની હેરાનગતિથી થાકીને સંગઠન બનાવવાની ઠાની લીધી. ૧૯૮૭ના અંતમાં એક બાજુ નર્મદાની પુનર્વસવાટ નીતિ આવી અને બીજી બાજુ દેડિયાપાડાના લોકોનું એમનાં ગામોમાં પણ સંગઠન બનાવવાનું દબાણ વધતું ગયું. જંગલખાતાનો જે પ્રકારનો આતંક હતો, બહેનો સુધ્ધાં પર જે મારઝૂડ થતી હતી, એ જોઇને એમના પ્રશ્ને પડ્યા વગર ના રહેવાયું. બસ, ત્યારથી મંડાણ થયાં દેડિયાપાડાનાં સુરપાણેશ્વર અભયારણ્યનાં ગામોના જંગલખાતા સામેના સંઘર્ષનાં.

અલબત્ત, નર્મદાનાં ગામોથી વિપરીત, અહીં જંગલો સરસ હતાં. (પાછળથી ખબર પડી કે વર્કિંગ પ્લાન મુજબ બીજા વિસ્તારોમાં કૂપ પાડીને જે મૂળિયાંસોતી કટાઇ થઇ હતી, તેવા કૂપોનો વારો આ ગામોમાં ૧૯૮૦ પછી આવવાનો હતો, અને એ પહેલાં તો આ કટાઇ પર કેન્દ્ર સરકારનો પ્રતિબંધ આવી ગયો. દેડિયાપાડાનાં જંગલો કપાતાં બચી ગયાં!) આ ગામોને વનવિભાગે ૧૯૮૨માં ડુમખલ રીંછ અભયારણ્ય તરીકે જાહેર કરેલાં, જેથી ખેડાણો ખાલી કરાવવાની ઝુંબેશે જોર પકડેલું. ત્યાર પછી સરદાર સરોવરમાં ડુબાણમાં જતી ૧૧,૦૦૦ હેક્ટર (ઝાડવિહોણી) જંગલ જમીનના મુદ્દે પર્યાવરણવાદીઓએ ઉહાપોહ મચાવેલો. એટલે પછી સરકારે ડુમખલ અભયારણ્યના ૧૬,૫૦૦ હેકટર વિસ્તારને વધારીને ૧૯૮૯ સુધીમાં ૧૦૦ ગામોના કુલ ૬૧,૦૦૦ હેક્ટર વિસ્તારને સુરપાણેશ્વર અભયારણ્ય તરીકે જાહેર કરી દીધો. રાતોરાત આ ગામો અભયારણ્ય વિસ્તારમાં નાના નાના ટાપુઓ જેવા બની ગયાં અને લોકો જાણે કે એ ટાપુઓની જેલમાં ગોંધાઇ ગયા. એમના માટે ગૌણ વન પેદાશો એકઠી કરવા પર પણ પ્રતિબંધ આવી ગયો; જંગલ સાચવણી માટેની સહભાગી વન વ્યવસ્થા કે ભેજ અને જમીન સંરક્ષણ માટેની વોટરશેડ યોજના પર 'કાયદેસર' રીતે પ્રતિબંધ લાગી ગયો. વન વસાહતનાં ગામોને રેવન્યુ ગામોમાં ફેરવવા પર કે ૧૯૮૦ પહેલાંનાં જંગલજમીન ખેડાણો નામે કરવાના ૧૯૯૨ના ગુજરાત સરકારના ઠરાવના અમલ પર પણ બંધી આવી ગઇ. હદ તો એ છે કે હાલના રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ખાતરી યોજના અધિનિયમ હેઠળ પણ લોકોની કામની માંગણી કરતી અરજીના સંદર્ભે પ્રોગ્રામ ઓફિસર (એન.આર.ઇ.જી.એ) તરફથી જાન્યુઆરી ૨૦૦૭માં "જંગલ વિસ્તારમાં આવતાં ગામોમાં કોઇ પણ જાતની કામગીરી કરવાની રહેતી નથી" એવો સ્પષ્ટ જવાબ આપવામાં આવ્યો છે.

ટૂંકમાં, અભયારણ્યમાં પેઢીઓથી રહેતા આદિવાસીઓના જીવનના આધાર રૂપ પાયાના તમામ અધિકારો પર રોક આવી ગઈ. પણ, વક્રોક્તિ એ હતી કે ૧૯૬૦માં ૪૦ વર્ષ માટે સરકારે સેન્ટ્રલ પલ્પ મિલ (જે માંદી જાહેર થવાથી જે. કે. પેપર મિલે જેને ૧૯૯૦માં ખરીદી લીધી)ને જે લીઝ નીચે ૭ રૂપિયે પ્રતિ ટનના ભાવે વાર્ષિક ઓછામાં ઓછા ૬૦,૦૦૦ ટન વાંસ કાપી લઇ જવાની છૂટ આપેલી, એ લીઝનો અમલ અભયારણ્ય બન્યા પછી પણ (૧૧૧ રૂપિયા પ્રતિ ટન વાંસ જ્યારે આદિવાસીઓને રાહત દરે ૭૦થી ૮૦ પૈસે એક વાંસ લઈ જવા માટે) ચાલુ રહ્યો! પોતાના વિસ્તારના રહ્યા સહ્યા વાંસ પાણીના ભાવે જતા જોઇને લોકોના સંગઠને વાંસ લઇ જતા અટકાવ્યા. ગુજરાત હાઇકોર્ટમાં જ્યારે કેસ ચાલતો હતો, ત્યારે ગુજરાત સરકારે લીઝ ચાલુ રાખવાના પગલાને કાયદાના સાવ ઊંધા અર્થઘટન દ્વારા 'કાયદેસર' સાબિત કરવાનો પ્રયત્ન કર્યો. કોર્ટે નીમેલી સીબીઆઇ તપાસમાં તથા કોર્ટ કમિશનની તપાસમાં અમે જણાવેલી તમામ બાબતો સાચી પુરવાર થઇ અને અધિકારીઓ સામે ફોજદારી કેસ દાખલ કરવા માટે સીબીઆઈએ કાર્યવાહી શરૂ કરી. ત્યારે મિલ અને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓને બચાવી લેવા ગુજરાત હાઇકોર્ટમાં જે નાટકો ભજવાયાં તે વર્ણવવા જતાં, પીટીશનોમાં જેમ સેંકડો પાનાંની ફાઇલો થયેલી એમ, પાનાંનાં પાનાં ભરાય એમ છે.

નવેમ્બર ૨૦૦૦માં લીઝ પૂરી થતી હતી. સ્વાભાવિક હતું કે લીઝને લંબાવવામાં તો ન જ આવે. પણ, ના, જાન્યુઆરી ૨૦૦૧માં એને ફરીથી ૧૦ વર્ષ માટે લંબાવવામાં આવી! અને એ પણ ક્યારે ? જ્યારે ફેબ્રુઆરી ૨૦૦૦ની સાલમાં સુપ્રીમ કોર્ટે દેશભરનાં અભયારણ્યોમાંથી ઘાસનું તણખલું સુધ્ધાં લેવા કે ખસેડવા સામે સ્પષ્ટ મનાઇ હુકમ આપેલો ત્યારે. જ્યારે ત્યારના વન્ય પ્રાણી વોર્ડને સુપ્રીમ કોર્ટમાં સોગંદ પર જણાવેલું કે સુપ્રીમ કોર્ટના હુકમનો ગુજરાત સરકાર કડક અમલ કરી રહી છે ત્યારે. કાયદાના સ્પષ્ટ ભંગ અને સુપ્રીમ કોર્ટના હુકમના સીધા અનાદરની સામે અમે ગુજરાત હાઇકોર્ટમાં પીટીશન કરી, જે કાયદાકીય કોઇ જ નિર્ણય લીધા વગર આજની તારીખે પણ હાઇકોર્ટમાં પડી પડી ધૂળ ખાય છે. સુપ્રીમ કોર્ટે નીમેલી સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટી આગળ પણ અમે ફરિયાદ કરી. ત્રણ વન અધિકારીઓ તથા બે પર્યાવરણવાદીઓની બનેલી, આદિવાસીઓને 'ચોર' ગણતી કમિટીએ વન વિભાગને લીઝના અમલ સામે તો જાણે મનાઇ હુકમ આપ્યો, પણ લાગતા વળગતા વન અધિકારીઓ સામે કોઇ જ કાર્યવાહી ના કરી! અને જોવા જેવી વાત તો એ છે કે જેમણે કોર્ટના હુકમનો અનાદર કરેલો, તેમાંના એક અધિકારી આજે વન્ય પ્રાણી બોર્ડના સભ્ય છે! સ્પષ્ટ છે કે સરકાર તથા વન વિભાગને અભયારણ્યમાં વાંસ કે જંગલ બચે કે ના બચે એ માટે કોઇ રસ નથી. એ બાબત સુરપાણેશ્વર અભયારણ્યના અમારા ૨૦ વર્ષના અનુભવોમાંથી સ્પષ્ટપણે બહાર આવે છે.

એક બાજુ જ્યારે કાયદાના આવા કાવાદાવા કરીને મિલને અભયારણ્યમાંથી વાંસનો પુરવઠો આપવાનું ચાલુ હતું, ત્યારે બીજી બાજુ લોકો પર ખોટા કેસ કરવાનું, મારપીટ કરવાનું વગેરે પણ જંગલખાતા મારફત ચાલુ જ હતું. લોકોએ જમીન સુધારણાના ભાગ રૂપ કરેલી પાળાબંધી સામે ચાર-પાંચ કેસો તેમજ ગેરકાયદેસર ખેડાણના અસંખ્ય કેસો લોકો પર કરવામાં આવ્યા હતા. ત્રણ આદિવાસી જુવાનિયા સહિત મારા પર બળદની લૂંટનો ખોટો કેસ કરીને ધરપકડ કરીને કેસ ચલાવ્યો. આ તથા બીજા કેટલાય કેસોમાં સંસ્થાના ટ્રસ્ટી અને સુરતના અગ્રણી વકીલ કિરીટ પાનવાલા ખાસ દેડિયાપાડા, ભરૂચ આવીને હંમેશાં કેસ લડયા છે. ધીમે ધીમે સંગઠન મજબૂત થતું જતું હતું. માર ખાતા આવેલા હોવા છતાં કાયમ આરોપીના કઠેરામાં ખડા રહેતા આદિવાસીઓએ હવે મારપીટ સામે રેન્જર સહિતના વન અધિકારીઓ પર સામા કેસ કરવા શરૂ કર્યા. જેથી જેમ તેમ મારપીટ કરવા પર રોક લાગી. લોકોની હિંમત વધી. જંગલખાતાના બીટ ગાર્ડ-ફોરેસ્ટરને જોઈને પણ એક સમયે નાસી જતા લોકો હવે ડી.એફ.ઓ. સાથે પણ આંખમાં આંખ પરોવીને વાત કરતા થયા. ધીમે ધીમે વાતાવરણ બદલાતું જતું હતું. અને પછી તો એવી પરિસ્થિતિ ઊભી થઈ કે ગુજરાતના અન્ય વિસ્તારોમાં જ્યારે જંગલખાતાની હેરાનગતિ ચાલુ હતી, ત્યારે પણ, અને ખેડાણની દંડ પાવતીઓ ન હોવા છતાં, દેડિયાપાડાનાં સુરપાણેશ્વર અભયારણ્યનાં આ ગામોના લોકો પોતાની જમીનો સાચવી રાખવામાં સફળ થયા. અમે પણ જંગલ વિસ્તારના આવા અસંખ્ય અનુભવોને આટલા નજીકથી જીવીને - નિહાળીને ઘણું ઘણું શીખ્યા.

એ જ વરસોમાં સાબરકાંઠા, લીમખેડા, ગોધરા, દાહોદ વગેરે સ્થળોએ ‘દિશા’ સંસ્થાના મધુસૂદનભાઈ મિસ્ત્રી અને વિમળાબેન ખરાડીએ પણ જંગલ જમીન ખેડાણના પ્રશ્ને મોટી લડત છેડેલી. ધીમે ધીમે અંબાજી-ખેડબ્રહ્માથી માંડીને ડાંગ-ધરમપુર સુધીનાં ઘણાં નાનાં-મોટાં સંગઠનો પણ તેમાં જોડાયાં અને પૂર્વપટ્ટી વનવાસી સંગઠનની રચના થઈ. ગુજરાત સરકાર પર જંગલ જમીન નામે કરવા માટેનું મોટું દબાણ ઊભું થયું, ત્યારે ૧૯૯૨માં સરકારે ૧૯૮૦ સુધીની ખેડાણ જમીનો નામે કરવાનો ઠરાવ કર્યો. પણ એમાં માત્ર જંગલખાતાની દંડની પાવતીઓને જ આધાર ગણવામાં આવેલો. ગુજરાત અને દેશના મોટાભાગનાં જંગલ વિસ્તારોનાં આદિવાસી ગામોની એ વાસ્તવિકતા છે કે દંડની પાવતીઓ અનેક કારણોસર લોકો પાસે નથી. વળી, પાવતીઓમાં નોંધાયેલી સાવ જૂજ જમીનો જ નામે કરવાની વાત હતી. સરકારે જાણે એક હાથે આપીને બીજા હાથે પાછું લઈ લીધું. સરકારે જાહેર કર્યું કે લગભગ ૪૯,૦૦૦ ખેડૂતોની ૬૫,૦૦૦ હેક્ટર જેટલી જમીનોની યાદી મંજૂરી માટે કેન્દ્રમાં મોકલી આપી છે. પણ, હકીકતમાં જમીનો નામે કરવાની વન વિભાગની કોઈ ઈચ્છા જ નહોતી. અને મોટાભાગનાને જમીનની સનદ ના મળી. એમની વાત તો છોડો, પણ, જેમની પાસે ઠેઠ આઝાદી સમયની ચીફટને (વસાવા રાજા) આપેલી ખેડાણ હેઠળની જે જમીન માટેની સનદ હતી અને અનામત જંગલ જાહેર કરવાની પ્રક્રિયાના ભાગરૂપ ફોરેસ્ટ સેટલમેન્ટ અધિકારીએ લોકોના કબજા હક્કની જે જમીનો નોંધી હતી તે જમીનો હજુ આજે પણ નામે થઈ નથી! (સાગબારા તાલુકાનાં ૩૨ ગામોમાં એ સ્થિતિ છે.) મુખ્ય ન્યાયમૂર્તિ પોટ્ટીએ આપેલા મનાઈ હુકમ પર આધારિત ઘણા મનાઈ હુકમો અમે, રાજપીપળા સમાજ સેવા મંડળના સ્વ. ફાધર મેથ્યુ, સ્વ. ફાધર જોસેફ, તેમજ ત્યારબાદ ફાધર ઝેવિયર, ઉપરાંત ઘણાં સંગઠનોએ હાઈકોર્ટમાંથી મેળવીને જમીનોના કબજા સાચવી રાખ્યા. લડતનો આ બીજો દોર લગભગ એક દસકા કરતાં પણ વધુ લાંબો ચાલ્યો.

આ સંઘર્ષમાં ઊંટ પરનું છેલ્લું ભારે તરણું પડ્યું ૩ જી મે ૨૦૦૨ના પરિપત્રથી, જેમાં કેન્દ્રના વન મંત્રાલયે સપ્ટેમ્બર ૨૦૦૨ના અંત સુધીમાં તમામ દબાણો દૂર કરવાનો આદેશ બધાં રાજ્યોને આપ્યો. બસ, થઈ રહ્યું. એના પગલે દેશવ્યાપી બનેલા સંગઠન - ‘કેમ્પેઈન ફોર સર્વાઈવલ એન્ડ ડિગ્નીટી’ અને ગુજરાતની વિવિધ સંસ્થાઓ / સંગઠનોના ફેડરેશન એવી ‘ગુજરાત આદિવાસી મહાસભા’ દ્વારા આદિવાસીઓના અધિકાર અંકે કરવાનું અભિયાન છેડાયું. આ વિગતો “ખોજ”ના મે-જૂન ૨૦૦૫, (જાન્યુ-ફેબ્રુ ૦૬ના) અંકોમાં વિસ્તારથી આપી છે.

સંઘર્ષના ત્રીજા તબક્કાનાં સીધાં અને કપરાં ચઢાણ પછી ડિસેમ્બર ૨૦૦૬માં છેવટે આ કાયદો આવ્યો. અનેક નામી-અનામી સંગઠનો, સંસ્થાઓ, કર્મશીલો, બૌદ્ધિકો અને ખાસ તો સેંકડો-હજારો આદિવાસી ભાઈઓ / બહેનોની લાંબી લડતની આ મોટી સિદ્ધિ છે. અને વ્યક્તિગત રીતે અમારા માટે પણ નર્મદાની પુનર્વસવાટ નીતિના ઘડતર અને વિસ્થાપિતોના સારા પુનર્વસવાટ પછીની, ૧૯૮૪થી શરૂ થયેલ અને ૧૯૮૮થી ઘનિષ્ઠ બનેલ અભિયાનની આ બીજી મોટી ઉપલબ્ધિ છે. અલબત્ત, એનો સુપેરે અમલ થાય એ માટેની મથામણો અને આકરાં ચઢાણ, જેમાં જંગલ સંસાધનો પરના અધિકારનો પણ સમાવેશ છે - તેના માટેની સંઘર્ષયાત્રા હજુ બાકી છે. ■

[આ ટૂંકી કેફિયતમાં અમારા દૃષ્ટિકોણથી જ અને અમારા અનુભવોના આધારે જ મુખ્ય બનાવોની highlights માત્ર આપી છે. ભૂલથી કોઈનું યોગદાન ચૂકી જવાયું હોય તો દરગુજર કરશો.]

# સેઝ વિવાદ અંગે થોડું...

*- અંબરીષ મહેતા*

છેલ્લા થોડા સમયથી દેશમાં સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (સેઝ)ના મુદ્દે ભારે વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદની આંખે ઊડીને વળગે એવી એક વિશિષ્ટતા એ છે કે આ વિવાદ એક બાજુ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો, ઉદ્યોગપતિઓ અને ઉદ્યોગીકરણ કે ઉદારીકરણના હિમાયતીઓ અને બીજી બાજુ જમીન ગુમાવનારા ખેડૂતો અને ઉદ્યોગીકરણ કે ઉદારીકરણના વિરોધી એવા એક્ટીવીસ્ટો એવા બે સ્પષ્ટ ખેમામાં જ નથી ચાલી રહ્યો. એમાં બે નહીં, પણ અનેક ખેમા પડી ગયેલા જોવા મળે છે.

પશ્ચિમ બંગાળ સહિત મોટા ભાગની રાજ્ય સરકારો પોતાના રાજ્યમાં બને એટલા વધુ સેઝ સ્થપાય એ માટે હોડમાં જ ઊતરી છે. ફેબ્રુઆરી ૨૦૦૬માં આ કાયદાનો અમલ શરૂ થયો ત્યારબાદ ૩૮૮ જેટલી અરજીઓ થઈ, જેમાંથી ૧૦૫થી વધુને મંજૂરી પણ મળી ગઈ છે. ૬૩ અરજીઓ સાથે મહારાષ્ટ્ર સૌથી આગળ છે. દરિયાથી દૂર એવું હરિયાણા ૫૬ અરજીઓ સાથે બીજા ક્રમે છે. આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને તામિલનાડુ પણ એની પાછળને પાછળ છે. અત્યાર સુધી ઉદ્યોગીકરણમાં પાછળ રહી ગયેલા એવા પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, હરિયાણા, રાજસ્થાન જેવાં રાજ્યોની સરકારો ઉદ્યોગોને આકર્ષવા માટે મોટા પાયે 'સસ્તી' જમીનો પૂરી પાડવાની લોભામણી જાહેરાતો કરી રહી છે. પરંતુ કેન્દ્ર સરકારની વાત કરીએ તો વ્યાપાર મંત્રી કમલનાથ આ આખી યોજનાના રચયિતા છે અને એટલે એનો જોરદાર બચાવ કરી રહ્યા છે. પણ નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ અને પ્લાનિંગ કમિશનના ડેપ્યુટી ચેરમેન મોન્ટેકસિંહ આહલુવાલીયા આ આખીયે યોજના અંગે નાખુશ જણાય છે. રિઝર્વ બેંકના ગવર્નરે તો સેઝને અન્ય રીયલ એસ્ટેટ પ્રોજેક્ટ જેવો જ ગણવાની અને કોઈ જ વધારાના લાભ ન આપવાની સૂચના આપતો પરિપત્ર પણ બેંકોને જારી કરી દીધો છે. જો કે વડા પ્રધાન મનમોહનસિંહ આ યોજનાને ટેકો આપી રહ્યા હોવાનું જણાય છે અને આ યોજના કંઈ પાછી ખેંચાવા માટે નથી સર્જાઈ એવી જાહેરાત પણ કરી ચૂક્યા છે. અલબત્ત, વ્યાપક વિરોધના પરિણામે એમને પણ હાલ તુરત તો અસરગ્રસ્તોના 'પુનર્વસવાટ' માટેની નવી નીતિની જાહેરાત ન થાય ત્યાં સુધી સેઝ અંતર્ગત નવી યોજનાઓને મંજૂરી આપવા પર કામચલાઉ રોક લગાવવાની ફરજ તો પડી જ છે. બીજી બાજુ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાએ પણ એની સામે લાલબત્તી ધરી છે.

એનો વિરોધ કરનારાઓમાં જમીન ગુમાવનારા ખેડૂતો અને સામાન્ય રીતે ઉદ્યોગીકરણ કે ઉદારીકરણ અને વિશ્વીકરણના વિરોધી એવા એક્ટીવીસ્ટો તો જાણે મોખરે છે જ. પરંતુ એ ઉપરાંત ઉદારીકરણ અને મુક્ત અર્થતંત્રને ટેકો આપનારામાંથી પણ ઘણા એનો વિરોધ કરી રહ્યા છે. એમાં સૌથી મોટું નામ તો, અલબત્ત, વિશ્વીકરણ અને ઉદારીકરણના પ્રખર હિમાયતી એવા અર્થશાસ્ત્રી જગદીશ ભગવતીનું છે, જેમણે સ્પષ્ટપણે કહ્યું છે કે ભારતને સેઝની પાલખની કોઈ જરૂર નથી. ટાઈમ્સ ઓફ ઇન્ડિયાના જાણીતા કોલમનીસ્ટ સ્વામીનાથન અંકલેશ્વરીયાએ પણ એમ કહીને એની સામે ચેતવણી આપી છે કે એનાથી નિકાસ વધશે કે નહીં એ તો ખબર નથી પરંતુ વધારે પડતી રીયલ-એસ્ટેટ ઊભી કરી દેવાનો પરપોટો જરૂર પેદા થશે, જે વહેલો મોડો ફૂટ્યા વગર નહીં રહે. તો વળી ઉદારીકરણ અને શહેરીકરણના બીજા કેટલાક હિમાયતીઓ એ અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેનાં નવાં ઔદ્યોગિક નગરો (industrial town-ships) ઊભાં કરશે એ જ કારણસર આ યોજનાને ટેકો આપી રહ્યા છે. અહીં આ વિવિધ પક્ષોએ રજૂ કરેલી દલીલોમાંથી કેટલીક મુખ્ય દલીલો જ તપાસીશું.

## શું સેઝ જરૂરી છે ?

સેઝની તરફેણમાં સૌથી બળૂકી દલીલ એ છે કે દેશના કરોડો યુવક-યુવતીઓ માટે મોટા પાયે રોજગારી ઊભી કરવી હોય તો તે માટે નિકાસ આધારિત ઔદ્યોગિક ઉત્પાદનમાં ધરખમ વધારો થાય તે અત્યંત જરૂરી છે. અને એ માટેનું જો કોઈ ચાલક-બળ હોય તો તે સેઝ છે, જે ચીનના અનુભવ પછી હવે સાવ સ્પષ્ટ થઈ ગયું છે. ચીનમાં જે ઔદ્યોગિક ઉત્પાદન થઈ રહ્યું છે તેના ૧૦ ટકા જેટલું ઉત્પાદન પણ જો આપણે ભારતમાં કરી શકીએ તો પણ કરોડો રૂપિયાની રોજગારી ઊભી કરી શકીશું. મલેશિયામાં GDPના ૨૮ ટકા manufacturing ક્ષેત્રમાંથી આવે છે. એની સામે ભારતમાં માત્ર ૧૭ ટકા જ એમાંથી આવે છે. એ વધારીને કમ સે કમ ૨૫ ટકા પર પહોંચાડવું હોય તો પણ એ માટે જંગી મૂડીરોકાણ જરૂરી છે, જે લાવવાનો સારામાં સારો રસ્તો સેઝ ઊભા કરવાનો છે.

## સેઝ શું છે ?

સેઝનો વિચાર આમ તો નવો નથી. પહેલાં જેને free trade zone કે export processing zone કહેવાતો, એને જ લગભગ મળતી આવતી આ યોજના છે. આપણે ત્યાં આવો સૌથી પહેલો ફ્રી ટ્રેડ ઝોન કંડલામાં ૧૯૬૫માં સ્થાપવામાં આવેલો.

આનો મૂળ ઉદ્દેશ ઉદાર ટેક્ષ-માફી તેમજ કરવેરામાં રાહત આપીને દેશની અને વિદેશની ઉદ્યોગ કંપનીઓને ચીજવસ્તુઓના ઉત્પાદન (manufacturing) માટે અને સેવાઓ નિકાસ તેમજ ઈન્ફ્રાસ્ટક્ચરના વિકાસ માટે નાણાં રોકવા માટે આકર્ષવાનો છે. એનાથી જે તે વિસ્તારની આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળશે, રોજગારીની તકો વધશે અને અર્થતંત્રને બઢાવો મળશે એવી અપેક્ષા છે.

ધ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન એક્ટ ૨૦૦૫ હેઠળ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર કે કોઈ પણ વ્યક્તિ કે કંપની, ભેગા મળીને કે અલગ રીતે કોઈ પણ વસ્તુના ઉત્પાદન માટે કે સેવાઓ પૂરી પાડવા માટે 'ફ્રી ટ્રેડ એન્ડ વેરહાઉસિંગ ઝોન' તરીકે દેશના કોઈ પણ ભાગમાં સ્પેશિયલ ઈકોનોમિક ઝોન સ્થાપી શકે છે. કોઈ પણ વિસ્તાર એક વાર સેઝ તરીકે જાહેર થઈ જાય ત્યાર પછી વ્યાપાર અને વેરાને લાગેવળગે ત્યાં સુધી દેશ બહારનો પરદેશી વિસ્તાર ગણાશે.

આવો ઝોન સ્થાપવા ઈચ્છતી વ્યક્તિ કે એજન્સીએ રાજ્ય સરકારને કે કેન્દ્ર સરકારે સરકારી અધિકારીઓના બનાવેલા બોર્ડ ઓફ એપ્રુવલને અરજી કરવાની હોય છે. બોર્ડને એ અરજીને મંજૂર કરવાની, એમાં ફેરફારો સૂચવવાની કે નામંજૂર કરવાની પૂરી સત્તા આપવામાં આવી છે. આ યોજના હેઠળ બે પ્રકારના પ્રોજેક્ટોને મંજૂરી આપવામાં આવે છે. એક જ વસ્તુના ઉત્પાદન કે સેવાના નિકાસની યોજના માટે થોડા હેક્ટર જમીન આપવામાં આવે છે, જ્યારે મોટી યોજનાઓમાં ઓછામાં ઓછી ૧૦૦૦ હેક્ટર જમીન હોવી જરૂરી છે. આ બીજા પ્રકારના કેસમાં મુખ્ય 'ડેવલપર'ને જમીન આપવામાં આવે છે, જે પછી બીજા કો-ડેવલપર પણ રાખી શકે.

સેઝ નીચે આવરી લેવામાં આવનાર વિસ્તાર થોડા હેક્ટર હોય કે હજારો હેક્ટર હોય, એ તમામ જમીન રાજ્ય સરકાર જમીન સંપાદન અધિનિયમ હેઠળ ફરજિયાત જમીન સંપાદન કરીને ખાનગી ખેડૂતો પાસેથી મેળવીને આ યોજના હાથ ધરનાર 'ડેવલપર' ખાનગી કંપની કે સરકારી એજન્સીઓને આપે છે. રાજસ્થાન સરકારે તો એવું જાહેર કર્યું છે કે જમીનો 'અરજન્સી કલમ' હેઠળ સંપાદન કરવામાં આવશે અને જે તે ડેવલપરને 'કન્સેશનલ રેટ' પર આપવામાં આવશે. મોટા વિસ્તારને આવરી લેતા સેઝમાં ૨૫ ટકા (હવે એ વધારીને ૪૦ ટકા કરવામાં આવ્યો છે) વિસ્તારને જે તે વસ્તુઓના ઉત્પાદન, સેવાઓની નિકાસ કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે વાપરવો ફરજિયાત છે. એ સિવાયનો વિસ્તાર બિન-ઔદ્યોગિક હેતુઓ માટે વાપરી શકાશે.

આ વિસ્તારમાં પાણી, વીજળી અને અન્ય સગવડો પણ રાજ્ય સરકારે પૂરી પાડવાની હોય છે. ઈલેક્ટ્રીસીટી ડ્યુટી પર માફી આપવામાં આવે છે. એ ઉપરાંત, સેઝ અંતર્ગત ઉદ્યોગો/સેવાઓને રાજ્ય સરકાર દ્વારા સેલ્સ ટેક્ષ, ઓક્ટ્રોય, મંડીવેરો, તેમજ અન્ય વેરાઓ અને લેવીઓમાંથી માફી આપવામાં આવી છે. સેઝ માં પણ જે તે રાજ્યમાં પ્રવર્તમાન શ્રમ અને પર્યાવરણીય કાનૂનો લાગુ પડશે. જો કે એમાં જાહેર સુનાવણીની જરૂરિયાતમાંથી એને મુક્તિ આપવામાં આવી છે.

કેન્દ્ર સરકાર દ્વારા ડેવલપરને ૧૦ વર્ષ માટે અને વ્યક્તિગત પ્રોજેક્ટોને ૫ વર્ષ માટે ઈન્કમટેક્ષમાં માફી આપવામાં આવી છે. સર્વિસ ટેક્ષ, અને આયાત માટેની કસ્ટમ ડ્યુટીમાં પણ ૧૦૦ ટકાની માફી આપવામાં આવી છે. દેશના અન્ય ભાગોમાંથી જે માલ સામાન કે સેવાઓ લેવામાં આવે તે દેશની બહાર થતી નિકાસ ગણાશે એટલે એના પર કોઈ એક્સાઈઝ ડ્યુટી પણ નહીં લાગે. આ ઉપરાંત સેઝના વિકાસ માટે તેમજ એમાં સ્થપાનાર ઉદ્યોગો માટે ૧૦૦ ટકા વિદેશી હૂંડિયામણ (FDI)ની છૂટ આપવામાં આવી છે. આયાત માટે કોઈ લાયસન્સની જરૂર નહીં રહે. પરંતુ સેઝમાં પેદા થયેલ માલ દેશના અન્ય ભાગોમાં લઈ જવો હોય તો તે દેશ બહારથી આવેલો ગણાશે અને એ રીતે એના પર આયાત માટેની કસ્ટમ ડ્યુટી ભરવાની થશે.

જે તે સેઝના વહીવટ માટે કેન્દ્ર સરકાર ડેવલપમેન્ટ કમિશ્નરની નિમણૂક કરશે, જે તેના મુખ્ય કર્તાહર્તા હશે. ઉદ્યોગોનો વિકાસ થઈ રહ્યો છે કે નહીં તેના પર નજર રાખવાની સાથે સાથે શ્રમ અને પર્યાવરણીય કાનૂનોનો અમલ પણ તેમણે જ કરવાનો રહેશે. દિવાની અને ફોજદારી કામો માટે અલાયદી કોર્ટો ઊભી કરવામાં આવશે. ■

અહીં સૌથી પહેલી વાત તો એ છે કે ઔદ્યોગિક ઉત્પાદન વધારવાની અને ખેતી પરથી લોકોનું ભારણ ઓછું કરવાની જરૂરિયાત સ્વીકારીએ, જે આમ પણ સ્વીકારવા યોગ્ય છે, તો પણ એ માટે સેઝના ટાપુ ઊભા કરવા જરૂરી છે કે નહીં તે સવાલ છે. જગદીશ ભગવતીએ સરસ રીતે સમજાવ્યું છે તેમ સેઝ જેવી યોજનાઓ તો પાલખ જેવી છે જેની મદદથી જે દેશો લાંબા સમય સુધી બંધ અર્થતંત્ર હેઠળ રહ્યા હોય, તે ખુલ્લી અર્થવ્યવસ્થાની દિશામાં આગળ વધવાની શરૂઆત કરે છે. એમાં આશય એ હોય છે કે એક વાર આવા સ્પેશિયલ ઝોનમાં ખુલ્લી અર્થવ્યવસ્થાથી થતા લાભ દેખાવા માંડે તો પછી દેશના બાકીના ભાગોમાં પણ બીજા તે અપનાવી શકાય.

હવે આપણે ત્યાં તો છેલ્લાં પંદર વર્ષમાં ખુલ્લી અર્થવ્યવસ્થાની દિશામાં આગળ વધવામાં આમેય ખાસ્સી પ્રગતિ થઈ ચૂકી છે. એટલે આપણે ત્યાં અત્યારે સેઝની વાત કરવી એ તો મકાન બંધાઈ ગયા પછી પાલખ ઊભી કરવા જેવું જ છે. આમ, આ પ્રશ્ને આપણે ચીન પાસેથી કોઈ પાઠ શીખવાની જરૂર જ નથી. મુખ્ય પાઠ જે શીખવાનો હતો તે તો દેશની અર્થવ્યવસ્થાને વૈશ્વિક અર્થવ્યવસ્થા સાથે integrate કરવાનો, જે શીખી ચૂક્યા છીએ. હવે તો એ પ્રક્રિયાને આગળ વધારવા માટે હજી જે સુધારા કરવા જરૂરી છે તે માટેની સ્પષ્ટ નીતિઓ અપનાવવાની જ જરૂર છે, નહીં કે સેઝના ટાપુઓ ઊભા કરવાની. ચીનને સેઝની જરૂર હતી કારણ કે એણે નિકાસલક્ષી રણનીતિ અપનાવેલી અને એ માટે દેશના પૂર્વી દરિયાકાંઠાના ચાર પ્રાંતોમાં નવી નીતિઓ અજમાવી જોવાનું નક્કી કરેલું. ત્યારે અને હજી આજે પણ ત્યાં બાકીના દેશની અર્થવ્યવસ્થા તો બંધ જ છે. પ્રો. ભગવતીએ ઉઠાવેલા આ પાયાના સવાલનો કોઈ જવાબ સેઝના પુરસ્કર્તાઓએ આપ્યો નથી.

બીજો સવાલ એ છે કે જો સેઝની નીતિ અપનાવવાનું નક્કી કરવામાં આવે તો પણ એ સ્પષ્ટપણે દેશના કોઈ ચોક્કસ વિસ્તારોમાં, ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં, જ્યાં બંદરો ઉપલબ્ધ હોય, ત્યાં એ લાગુ કરી શકાય કે કરવી જોઈએ. એને બદલે આપણે ત્યાં જે નીતિ અપનાવવામાં આવી છે તેમાં સેઝને દેશના કોઈ ચોક્કસ વિસ્તાર પૂરતા જ સીમિત નથી રાખવામાં આવ્યા. દેશના કોઈપણ રાજ્યના કોઈપણ વિસ્તારમાં એ ઊભા કરવાની છૂટ આપવામાં આવી છે. આ પણ સેઝના મૂળ આશયની જ વિરુદ્ધ જતી વાત છે. એમાં પછી કોઈ સ્પેશિયલ ઝોન જેવું રહેશે જ કેવી રીતે ? જો આખા દેશમાં ગમે ત્યાં સેઝ સ્થાપી શકાવાના હોય તો પછી એ સ્થાપવાની પણ કોઈ જરૂર ખરી? એના બદલે આયાત અને નિકાસ સંબંધી જે છૂટછાટો આપવી જરૂરી હોય તે આખા દેશ માટે આપી દેવાનો સીધો સાદો રસ્તો કેમ નહીં અપનાવવો? ચીનમાં જે સેઝ સ્થપાયા છે તે એના પૂર્વી ભાગના ચાર પ્રાંતોની દરિયાઈ પટ્ટીના ચોક્કસ વિસ્તારમાં જ સ્થપાયા છે, નહીં કે આખા દેશમાં બધે છૂટા છવાયા.

દેશના કોઈપણ ભાગમાં સેઝ સ્થાપી શકાશે એ સાચું. તેમ છતાં, અનેક જાતની રાહતો આપીને સેઝની અંદરના અને સેઝની બહારના ઉદ્યોગો તેમજ લોકો સાથેનો અસમાન વ્યવહારનો પ્રશ્ન તો ઊભો જ રહે છે. બંધારણે બક્ષેલ કાયદા સમક્ષની સમાનતાના મૂળભૂત અધિકારનું જ અહીં હનન થાય છે.

## સેઝથી મનસ્વી સત્તા અને ભ્રષ્ટાચાર ઘટશે કે વધશે ?

દેશભરમાં જુદી જુદી જગ્યાઓએ છૂટાછવાયા પથરાયેલા આવા સેઝના વહીવટ માટે બ્યુરોક્રસીની જે આખી ભરમાર ઊભી કરવી પડશે તેનાં પરિણામો શું આવશે તેનો ખાસ વિચાર કરાયો હોય એમ લાગતું નથી. આ નીતિ મુજબ જે વિસ્તારો સેઝ તરીકે જાહેર થાય તે તમામને વ્યાપાર અને જુદા જુદા વેરાઓને લગતી બાબતોમાં દેશ બહારના પરદેશી વિસ્તારો તરીકે ગણવાના છે. એનો અર્થ એ થયો કે દેશના અન્ય ભાગોમાંથી આ વિસ્તારોમાં જે માલ-સામાન કે સેવાઓ લઈ જવામાં આવશે તેને દેશ બહાર થતી નિકાસ ગણાશે અને એટલે એના પર દેશની અંદર થતી સામાન્ય હેરાફેરી પર જે જુદા જુદા વેરા લાગે તે નહીં લાગે. તે જ પ્રમાણે આ વિસ્તારોમાંથી દેશના અન્ય વિસ્તારોમાં જે માલ-સામાન કે સેવાઓ આવશે તે દેશ બહારથી આવતી આયાત તરીકે ગણાશે અને એ માટે એ તમામ પર આયાત કર વસૂલ કરવાનો થશે. એ તો સ્પષ્ટ છે કે આવા દરેક સેઝમાંથી થનાર હેરાફેરી પર નજર રાખવા માટે તેમજ આયાત-વેરા ઉઘરાવવા માટે નવી ચેક-પોસ્ટો અને બ્યુરોક્રસીની ફોજ ઊભી કરવી પડશે અને તે દેશભરમાં પથરાયેલા આવા અનેક નાના મોટા સેઝ માટે ઊભી કરવી પડશે. એ તો સ્પષ્ટ છે કે એમાં ખાસ્સો ખર્ચ થશે, જે સાવ બિન-જરૂરી ખર્ચ જ ગણાય. એટલે જ કદાચ નાણાં મંત્રી શ્રી ચિદમ્બરમ્‌ને એમ કહેવાની ફરજ પડી હશે કે આ નવા સેઝ માટે કસ્ટમ અધિકારીઓની જે નવી ફોજ ઊભી કરવી પડશે તેને પોષવાની ક્ષમતા નાણાં મંત્રાલય નથી ધરાવતું.

આ સિવાય જે તે સેઝની અંદરના વહીવટ માટે પણ કેન્દ્ર સરકારના અધિકારીઓની મોટી વણઝાર ઊભી કરવાની થશે. આ યોજના એ રેશનાલ પર બનાવવામાં આવી છે કે લાંબી-પહોળી વિધિઓ ન રાખતાં સિંગલ વિન્ડો ક્લીયરન્સની પ્રથા અપનાવવાથી ઉદ્યોગો સ્થાપવામાં

અનુકૂળતા પડશે. પણ કાયદો તેમજ નિયમોમાં બોર્ડ ઓફ એપ્રુવલ, એપ્રુવલ કમિટી, ડેવલમેન્ટ કમિશ્નર, સ્પેશિયલ ઈકોનોમિક ઝોન ઓથોરિટી, ઈન્સ્પેકશન એજન્સી જેવી અનેક ઓથોરિટીઓને વિવિધ સત્તાઓ આપવામાં આવી છે. તેમાંય દરેક સેઝ માટેના મુખ્ય વહીવટકર્તા એવા ડેવલપમેન્ટ કમિશ્નરના હાથમાં તો ડેવલપર કે ઔદ્યોગિક એકમો યોજના મુજબ કામ કરી રહ્યા છે કે નહીં તે જોવાથી માંડીને, કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ પર્યાવણીય કે મજૂર કાયદાઓનું પાલન થઈ રહ્યું છે કે નહીં તે જોવા સુધીનાં અનેક કામો માટેની અમર્યાદિત કહી શકાય એવી સત્તા કેન્દ્રીકૃત કરવામાં આવી છે. એમાં એ ડેવલપમેન્ટ કમિશ્નર પોતાની જ જુદી જુદી ભૂમિકા વચ્ચેના સંઘર્ષને કઈ રીતે નિવારશે એનો કોઈ વિચાર સુધ્ધાં કરવામાં આવ્યો નથી અને સત્તાના વિભાજનના પાયાના સિદ્ધાંતને જ બાજુ પર મૂકી દેવામાં આવ્યો છે. આખી વિચારણા કંઈક એવી હોવાનું જણાય છે કે વહીવટને સરળ અને ઝડપી બનાવવાનો ઉપાય એક જ વ્યક્તિને બધી સત્તા આપી દેવામાં છે, નહીં કે બિન-જરૂરી કે જટીલ કાયદાઓ અને નિયમો દૂર કરવામાં કે સરળ બનાવવામાં. પરંતુ એ તો સ્પષ્ટ છે કે એનાથી વહીવટ સરળ અને પારદર્શી તો નહીં જ બને, એથી વિપરીત એકહથ્થુ સત્તા અને ભ્રષ્ટાચારને જ બઢાવો મળશે.

## રેન્ટ સીકીંગ

એટલું જ નહીં, સેઝની દરખાસ્તોને મંજૂરી આપવાની આખી પ્રક્રિયા જ રાજકીય નિર્ણયોને અધીન છે જે રેન્ટ સીકીંગ અને ભ્રષ્ટાચારને જ બઢાવો આપે. એના બે સ્રોત છે. પહેલો સ્રોત એ કે દેશમાં ગમે ત્યાં ગમે તે ઉદ્યોગ માટે સેઝ સ્થાપવાની છૂટ છે અને પરિણામે સેઝ માટેની દરખાસ્તોને મંજૂર કે નામંજૂર કરવાના કોઈ વસ્તુગત માપદંડો નક્કી નથી કરાયા. રાજ્ય સરકારો જે દરખાસ્તો મંજૂર કરે તે જ દરખાસ્તો કેન્દ્ર સરકાર પાસે જાય. અને ત્યાં પણ રાજકારણીઓ અને અમલદારોની બનેલી એપ્રુવલ કમિટીને યોગ્ય લાગે તે મંજૂર થાય અને બાકીની નામંજૂર. કોને મંજૂરી આપવી અને કોને નહીં એ કોઈ વસ્તુગત આધારે નહીં પરંતુ જે તે કમિટીના સબ્જેક્ટીવ આકલન ઉપર આધાર રાખે. મંજૂરી આપી દીધા બાદ પણ જે તે કમિટીને કે ડેવલપમેન્ટ કમિશ્નરને એમ લાગે કે ડેવલપર યોજના મુજબ કામ કરતા નથી કે કરી શકે એમ નથી તો તે મંજૂરી પાછી લઈ લેવાની પણ તેમને સત્તા છે. આ ઉપરાંત જે તે દરખાસ્તને મંજૂરી મળશે કે નહીં મળે તેની સાથે કરોડો રૂપિયાની કરરાહત મળશે કે નહીં મળે તે સવાલ પણ જોડાયેલો છે. એટલે સ્વાભાવિક જ એમાંથી રેન્ટ સીકીંગ, ભ્રષ્ટાચાર અને સગાંવાદને બઢાવો મળે જ મળે.

## લેન્ડ ગ્રેબીંગ

રેન્ટ સીકીંગ અને ભ્રષ્ટાચારનો બીજો સ્રોત, અલબત્ત, સેઝ માટે જરૂરી હજારો એકર જમીનોની રાજકીય ફાળવણીમાં રહેલો છે. એમાં સાવ સસ્તા ભાવે સરકારી જમીનો ફાળવી આપવાની વાત તો જાણે છે જ. પરંતુ એ ઉપરાંત સરકારો દ્વારા ખેડૂતો પાસેથી હજારો એકર ખાનગી જમીનો સાવ સસ્તામાં ફરજિયાત સંપાદન કરીને પછી ડેવલપરોને આપવાની વાત પણ છે. પ. બંગાળ, હરિયાણા, ઓરિસ્સા કે રાજસ્થાન જેવાં ઉદ્યોગીકરણમાં પાછળ રહી ગયેલાં રાજ્યો તો ઉદ્યોગોને આકર્ષવા માટે સસ્તી જમીન ફાળવી આપવાની જાણે હોડમાં જ ઊતર્યાં છે. પરિણામે દેશભરમાં જમીન ગુમાવનારા ખેડૂતોમાં આ યોજના સામે તીવ્ર આક્રોશ ફેલાઈ ગયો છે. અને આ યોજના ખેડૂતોની જમીનો આંચકી લેવા માટેની લેન્ડ ગ્રેબીંગ યોજના જ છે એવી બૂમો ઊઠી રહી છે. આમ થાય એ સ્વાભાવિક જ છે. સરકારો ખાનગી ડેવલપરોની આવી યોજનાઓને આ રીતે 'જાહેર હેતુ'ની ગણે અને એ માટે જમીન સંપાદન અધિનિયમનો ઉપયોગ કરીને ખેડૂતોની જમીનો સસ્તા ભાવે ફરજિયાત આંચકી લે ત્યારે આવી બૂમો ન ઊઠે તો જ નવાઈ લાગે.

આ સવાલ, અલબત્ત, સેઝ પૂરતો જ સીમિત નથી. એ સિવાય પણ રાજ્ય સરકારો દ્વારા ખેડૂતોની જમીનો સાવ સસ્તામાં સંપાદન કરી લઈને પછી ઉદ્યોગોને ફાળવી આપવાની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે. કલિંગનગર અને સિંગુરમાં કંઈ સેઝ નથી સ્થપાઈ રહ્યા, અને છતાં ત્યાં પણ આ જ સવાલ છે. એ તો સ્પષ્ટ છે કે આવા કોઈ પણ ખાનગી વિકાસ માટે રાજ્ય સરકારો પોતાની eminent domain સત્તાનો ઉપયોગ કરીને ખેડૂતો પાસેથી તેમની જમીનો ફરજિયાત સપાંદન કરે એ કોઈ રીતે વાજબી કે બંધારણીય ન ઠેરવી શકાય. જમીન સંપાદન અધિનિયમનો ઉપયોગ માત્ર 'જાહેર સુવિધાઓ' (public goods) ઊભી કરવા પૂરતો જ મર્યાદિત હોઈ શકે. 'ખોજ'ના અગાઉના અંકોમાં આ અંગે (જુઓ 'ખોજ' અંક જાન્યુ-ફેબ્રુ. ૦૬, જુલાઈ-ઓગસ્ટ ૦૬) વિગતે ચર્ચા કરી છે, એટલે એને અહીં ફરી નથી દોહરાવતા.

અહીં એ નોંધવું જોઈએ કે ઉદ્યોગને સસ્તી જમીન પૂરી પાડવાની આ હોડમાં ગુજરાત સરકાર હજી સુધી નથી જોડાઈ. આપણે ત્યાં ઉદ્યોગો માટે જમીનો મેળવવા માટે સામાન્ય રીતે કન્સેન્ટ એવોર્ડ પર આધાર રાખવામાં આવે છે. ખેડૂતોને સ્વીકાર્ય હોય એવી કિંમત ચૂકવવાની જવાબદારી ઉદ્યોગપતિઓ ઉપર નાંખવામાં આવી છે અને સરકાર એમાં જબરજસ્તી નથી કરતી. ૨૦૦૧માં દ્વારકા પાસે પોશીત્રા સેઝ

સ્થાપવાની વાત આવેલી ત્યારે ખેડૂતોએ જમીન આપવા સામે જોરદાર વિરોધ કરેલો. ત્યારે પણ સરકારે વચમાં પડીને ફરજિયાત સંપાદનનો માર્ગ નહોતો અપનાવ્યો અને પરિણામે એ યોજના પડતી મૂકવી પડેલી. (જો કે હજી કાગળ ઉપર તો એ મંજૂરી હજી ચાલુ જ છે, એટલે ગમે ત્યારે એનાં ચક્રો ફરી શરૂ થઈ શકે એવી આશંકા રહે જ છે.) એટલે આ મુદ્દે ગુજરાતમાં દેશના અન્ય ભાગો જેવો ઊહાપોહ નથી જોવા મળતો. પરંતુ અહીં પણ જમીન સંપાદન અધિનિયમ હેઠળની નોટિસો તો અપાય જ છે અને એ રીતે ખેડૂતો પર એમણે એમની જમીન તો આપવી જ પડશે એવું દબાણ તો કામ કરે જ છે. અને એ ઉપરાંત જરૂર પડ્યે ફરજિયાત જમીન સંપાદન કરવાનો માર્ગ પણ સરકારે હજી ખુલ્લો તો રાખ્યો જ છે.

## શું સેઝથી ખરેખર નિકાસ વધશે ?

ટાઈમ્સ ઓફ ઇન્ડિયાના જાણીતા કોલમનીસ્ટ સ્વામીનાથન અંકલેશ્વરીયા ઐયરે એક નવો જ સવાલ ઊભો કર્યો છે. એમનું કહેવું છે કે અત્યારે સેઝ ઊભા કરવા માટેની જે હોડ લાગી છે તે વધારે તો રીયલ-એસ્ટેટ માટેની જ હોડ છે, નહીં કે નિકાસલક્ષી ઉદ્યોગો સ્થાપવાની. સેઝ ઊભા કરવા માટે ડેવલપરોની તો લાઈન લાગી ગઈ છે. પરંતુ સેઝમાં જ પોતાનાં એકમો સ્થાપવાની એવી કોઈ હોડ નિકાસલક્ષી ઉદ્યોગોમાં લાગી હોય એવું જણાતું નથી. એનું એક કારણ એ છે કે જે ઉદ્યોગો નિકાસમાં ખરેખર ગંભીર રસ ધરાવે છે તેમને માટે બંદરથી કારખાનાનું અંતર જેવી બાબતો વધારે મહત્ત્વ ધરાવે છે. અને અત્યારે જે સેઝ સ્થપાઈ રહ્યા છે તેમાં કેટલાયે દરિયાથી ઘણે દૂર અને ચારે બાજુએ જમીનથી ઘેરાયેલા એવા હરિયાણા અને રાજસ્થાન જેવાં રાજ્યોમાં આવેલા છે. હરિયાણા તો સેઝ માટેની ૫૩ દરખાસ્તો સાથે અત્યારે દેશભરમાં બીજા નંબરે છે. એમાંની ઘણી દરખાસ્તો તો ડી.એલ.એફ. અને યુનિટેક જેવી મૂળે રીયલ-એસ્ટેટ સાથે સંબંધ ધરાવતી કંપનીઓએ જ કરી છે. આનું એક કારણ એ છે કે સરકારે સેઝમાં ૭૫ ટકા જેટલા વિસ્તારમાં (હવે તે ઘટાડીને ૬૦ ટકા કરવામાં આવ્યો છે) બિન-ઔદ્યોગિક બાંધકામો - રહેણાકનાં મકાનો, સ્કુલો, હોટલો, વગેરે - બાંધવાની છૂટ આપી છે. ડેવલપરોને તો આમાં ઘી-કેળાં જ છે. એક બાજુ સરકારે સસ્તા ભાવે સંપાદન કરેલી જમીનો હાથમાં આવી જાય અને બીજી બાજુ અનેક પ્રકારની કર રાહતો મળે. એટલે સેઝ માટે એમની લાઈનો લાગે એ સ્વાભાવિક છે.

પરંતુ આવી રાહતોના આધારે જે વધારે પડતાં બાંધકામો થઈ જાય એમાં પાછળથી કોઈ ઉદ્યોગો આવે જ નહીં અને એટલે કોઈ રહેવા પણ ન આવે એ સંભાવના મોટી છે. આઈ.ટી. જેવા એક જ ઉદ્યોગ માટેના નાના સેઝમાં કદાચ આવા પ્રશ્નો નહીં થાય. પરંતુ દરિયાથી દૂર એવા વિવિધ ઉદ્યોગો માટેના મોટા સેઝમાં તો એ ચોક્કસ ઊભા થઈ શકે. અને સેઝના નામે રીયલ-એસ્ટેટ ઊભી કરવાનો જે પરપોટો ફૂલી રહ્યો છે તે ફૂટી જાય. એ તો સ્પષ્ટ છે કે આમ થાય એવી વકી મોટી છે. અને એમ થાય ત્યારે દેશના કેટલાયે લોકોએ એની ભારે કિંમત ચૂકવવી પડશે. રિઝર્વ બેંકના મતે તો રીયલ-એસ્ટેટનું બજાર આમ પણ અત્યારે વધારે પડતું ગરમ છે અને એનો પરપોટો ગમે ત્યારે ફૂટી જાય એમ છે. અને સેઝની યોજના એમાં બળતામાં ઘી પૂરવાનું જ કામ કરશે.

## શહેરી વિકાસ માટે સેઝ ?

સ્વામીની આ વાત સામે સૌવિક ચક્રવર્તી જેવા કેટલાક વળી એમ કહે છે કે એનાથી માત્ર રીયલ-એસ્ટેટના વિકાસને પ્રોત્સાહન મળે તો એ પણ કંઈ ખોટું નથી અને એનાથી સરવાળે તો દેશના લોકોને ફાયદો જ થશે. અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચરવાળા નવા ‘કંપની ટાઉન’ વિકાસ પામશે, જે આજની ખાડે ગયેલી વ્યવસ્થાવાળાં શહેરોમાં રહેતા લોકોને વસવાટ કરવા માટેનો બીજો સારો વિકલ્પ પૂરો પાડશે. પરંતુ એ તો સ્પષ્ટ છે કે શહેરી ગવર્નન્સ સુધારવાનો આ કોઈ ઉપાય નથી. નિકાસની જેમ જ અહીં પણ ‘કેન્દ્રીય આયોજન’ના વિચારમાંથી બહાર નીકળીને શહેરોના સ્વયંભૂ વિકાસને પ્રોત્સાહન આપે એવી સ્પષ્ટ નીતિઓ અપનાવવાની જરૂર છે, નહીં કે આવાં ખાનગી શહેરોના આવા ટાપુઓ ઊભા કરવાની (જુઓ ‘ખોજ’ અંક નવેં-ડિસેં ૦૬). અને અહીં તો હજારો એકર જમીન એક જ કંપની હસ્તક મૂકવાની વાત છે, જે તમામ જાહેર તેમજ ખાનગી વિકાસ ઉપર ઈજારો ધરાવશે. અને એ ઉપરાંત પણ એને અનેક જાતની કર રાહતો આપવામાં આવશે. એ તો સ્પષ્ટ છે કે મુક્ત બજાર આધારિત વિકાસ સાથે આ વાત કોઈ રીતે સુસંગત નથી. આવી રીતે કોઈ ઔદ્યોગિક કોલોની કદાચ વિકાસ પામી શકે, નહીં કે ધબકતાં શહેરો.

આમ, ઔદ્યોગિક વિકાસ હોય કે શહેરી વિકાસ, સેઝની આ યોજના કોઈ રીતે કામની નથી. મુક્ત બજાર આધારિત વિકાસમાં તો એને કોઈ સ્થાન હોઈ જ ન શકે અને તાત્કાલિક પાછી ખેંચાવી જોઈએ. એ ઉદારીકરણ કે વિશ્વીકરણનું નહીં, પરંતુ રાજ્ય નિર્દેશિત વિકાસની હજીયે ચાલુ રહેલી જૂની માનસિકતાનું જ પરિણામ છે. અને સૌએ ભેગા મળીને એ સામે કોમન મોરચો ઊભો કરવાની જરૂર છે. ■

# સમયના સૂર અને ગરીબીની ગાથા

*- પ્રો. કે.વી.પટેલ*

વીસમી સદીના ઉત્તરાર્ધમાં ગરમાગરમ ચર્ચા હોય કે ઝમકદાર ખર્ચા- એ બધાના કેન્દ્રસ્થાને ઘણુંખરું એક વિષય જો રહ્યો હોય તો એ છે ગરીબી. માનવસમાજ સર્જાયો ત્યારથી જ એક નજરે ચડે એવું લક્ષણ - ગરીબી - એની સાથે જોડાયેલું રહેલું છે. એ જુગજૂની હોવા છતાં એના પ્રત્યે જોવાની દૃષ્ટિ અને અભિગમ સમયના સૂરના તાલે બદલાતા રહ્યા છે. આપણે અહીં જે ગરીબીની ચર્ચા કરી રહ્યા છીએ તે માત્ર ભૌતિક સ્વરૂપની અર્થાત્ ભૂખમરા અને સાધનવિહીનતા સાથે સંકળાયેલ ગરીબીની વાત છે. વધારે અમીર સામે ઓછો અમીર પણ ગરીબ લાગે. અહીં એવા સાપેક્ષ ગરીબો તેમજ નૈતિક, વૈચારિક કે બૌદ્ધિક ગરીબોની ચર્ચા નથી. આપણી ચર્ચાના કેન્દ્રસ્થાને તો આવક અને ખર્ચનાં બે પાસાં ભાગ્યે જ સમતોલ કરી શકતા હોય એવા, ભૌતિક સાધનોની અછતથી પીડાતા નિર્ધનો છે. આવા નિર્ધનો અને ભૂખમરાથી પીડાતા લોકો અને એમની સમસ્યા તરફ જોવાના દૃષ્ટિબિંદુમાં સમયાંતરે ઘણાં પરિવર્તનો થયેલાં છે. ઐતિહાસિક રીતે જોતાં અત્યાર સુધીમાં આવા નોખા તારવી શકાય એવા પાંચ તબક્કાઓ જોવા મળે છે, જેમાં ગરીબી પ્રત્યે જોવાના દૃષ્ટિબિંદુ અને અભિગમો ઉત્ક્રાંતિના એક એક ઉપલા પગથિયાનો નિર્દેશ કરતા હોય. ભિન્નભિન્ન દૃષ્ટિબિંદુને કારણે દરેક તબક્કામાં ગરીબીની ઓળખ, નિદાન, નાબૂદીની શક્યતા અને એના માટેની વ્યૂહરચનાઓ પણ અલગ સ્વરૂપની છે.

## નૈતિક / ધાર્મિક દૃષ્ટિબિંદુ

પહેલાં ગરીબી તરફ નૈતિક અને ધાર્મિક દૃષ્ટિબિંદુથી જોવામાં આવતું. એવી માન્યતા સેવાતી કે કોઇપણ વ્યક્તિની ગરીબી અને દુઃખ એના પોતાના પૂર્વજન્મના અનૈતિક કે ધર્મ વિરુદ્ધના આચરણનું અર્થાત્ પાપકર્મોનું ફળ છે, ઇશ્વરે કરેલ વાજબી દંડ છે. પોતાની ગરીબી માટે વ્યક્તિ પોતે જ જવાબદાર છે. એમાં અન્ય વ્યક્તિઓ કે સમાજનો દોષ નથી. આવા નિદાનને કારણે એનો ઉપચાર પણ વ્યક્તિએ પોતે જ પોતાનું વર્તન પુણ્યમય બનાવીને કરવો- એવો ઉપદેશ આપવામાં આવતો. ગરીબી એ અંગત બાબત ગણાતી હોવા છતાં ગરીબોને દાનપુણ્ય દ્વારા મદદ કરવી એ ધાર્મિક અને નૈતિક રીતે આવકાર્ય અને ઇચ્છનીય ગણાતું. જોકે કોઇ એવું નહોતું માનતું કે ગરીબોની ગરીબી આવા દાનપુણ્યથી નાબૂદ કરી શકાશે. ધર્મના વડાઓ એવું ઠસાવતા કે ''તમે દાન આપશો તો એનું પુણ્ય તમને ગરીબીમાં સરી પડતા બચાવશે અથવા આ ભવે દાન કરશો તો આવતા ભવે ગરીબી દૂર થશે'' વગેરે. આ જ પ્રકારની વિચારસરણીના ભાગરૂપે અમુક લોકો ગરીબીને ભાગ્યાધીન કે ગ્રહાધીન માનવા અને મનાવવા લાગ્યા. એમાંથી જાત જાતના મંત્ર, તંત્ર, વિધિ, દોરા - ધાગા તથા દાનપુણ્યના નુસખાઓની હારમાળા સર્જાઈ. આના કારણે દાનપુણ્યના ઠેકેદારોનો એક સ્થાપિત હિતવાળો વર્ગ ઊભો થયો. યુરોપમાં તો એક સમયે ઉઘાડેછોગ પૈસાના બદલામાં સ્વર્ગપ્રવેશના પરવાના લખી આપવામાં આવતા. ભારતમાં પણ ધર્મના નામે નિર્દોષ પ્રાણીઓની થોકબંધ આહુતિ આપવાની પરંપરા ઊભી થઇ જ હતી ને !

## સામાજિક અસરો

ગરીબી જો આમ તદ્દન અંગત બાબત હોય તો પછી સમાજના અમીર વર્ગની કે સમગ્ર સમાજની કોઇ જવાબદારી કે ફરજ ખરી? શરૂઆતમાં આવી જવાબદારી પણ વ્યક્તિગત સ્વરૂપની જ હતી. અમીરો પોતાનું ધન દાનપુણ્યમાં વાપરે તો એનો સદુપયોગ થતો એમ ગણાતું. એમને એનાથી પોતાની અમીરી ટકી રહેશે કે વધશે એવો વિશ્વાસ રહેતો. ધીરેધીરે કેટલાક સંનિષ્ઠ, સંવેદનશીલ અને વિચારવંત લોકોને લાગ્યું કે ''ગરીબી ભલે વ્યક્તિગત બાબત હોય, ગરીબી માટે સમાજ કે બિનગરીબ જવાબદાર ન હોય, પણ જો સમાજમાં ગરીબી પ્રવર્તતી હોય તો એના છાંટા સમગ્ર સમાજના જીવનધોરણ ઉપર પડ્યા વગર ન જ રહે. સમાજને ભલે ગરીબી સાથે કારણને છેડે લાગતું વળગતું ન હોય, પરંતુ પરિણામોને છેડે તો ગરીબી સમાજને અસર કરવાની કે નહીં?'' આમ વિચારસરણીનો એક નવો તબક્કો શરૂ થયો. ગરીબી પ્રત્યેનું દૃષ્ટિબિંદુ નૈતિકતા તરફથી ખસીને સામાજિક અસરો તરફ વળ્યું. લોકો વિચારવા માંડયા કે ગરીબી સાથે કેટલાંક લક્ષણો કે અપલક્ષણો જેવાં કે ભૂખમરો, ગંદકી, રોગચાળો, નિરક્ષરતા, અજ્ઞાન, ગુનાખોરી, કુવ્યસન, અસભ્યતા વગેરે સંકળાયેલાં હોય છે. જે સમાજમાં વિવિધ રોગો અને ખાસ કરીને ચેપી રોગોથી પીડાતા ગરીબ લોકો વસતા હોય તે સમાજનો અમીર વર્ગ રોગમુક્ત રહી શકે ખરો? મુંબઇ જેવાં મહાનગરોમાં જેણે વહેલી સવારે કે મોડી રાત્રે અમુક વિસ્તારોમાં થઇને ફરવા જવાનો પ્રયત્ન કર્યો હોય તેમને ખ્યાલ આવી ગયો હશે કે ગરીબોની મજબૂરી એમના ફરવા જવાના ઉત્સાહને કેવો તોડી પાડે છે! રસ્તા અને રેલવેના પાટાની આજુબાજુનું વાતાવરણ ગરીબીની સમગ્ર સમાજ ઉપર પડનાર અરુચિકર અસરનું એક નાનું સરખું પાસું માત્ર છે. હજારો લોકો ભૂખથી ટળવળતા હોય અથવા ભીખ માટે સતત આજીજી કરતા હોય એવા વાતાવરણમાં કોઇ સંવેદનશીલ વ્યક્તિ પોતાના પરિશ્રમથી પેદા કરેલ પ્રામાણિક

રોટલો પણ શાંતિથી આરોગી શકે ખરી? બીજાની પાસે વધારાનો રોટલો હોય તો ભૂખ્યો માણસ એ ખાવા માંગે. સભ્ય સમાજના નીતિ-નિયમો એમ કહે છે કે માણસે પોતાનો રોટલો રળીને કે ખરીદીને ખાવો જોઇએ. અને ખરીદવાની તાત્કાલિક તેવડ ન હોય તો એણે ઉછીનું કે ઉધાર માગીને ચલાવવું જોઇએ. વાસ્તવમાં ઉધારી, શાખ, વેચાણ વગેરે સભ્યતાનાં, વિકાસનાં પગથિયાં ગણાય છે. જો કોઇ સમાજ જરૂરતમંદ વ્યક્તિઓને વેચાતું, ઉધાર કે મફત ન આપી શકતો હોય તો એ વ્યક્તિ અન્ય કોઇ રસ્તો અપનાવવા લલચાય –એ રસ્તો છેતરપીંડી, ચોરી, લૂંટ કે ધાડ જેવા સભ્ય સમાજની પરિભાષામાં ગુનાઈત ગણાતાં કાર્યોનો પણ હોય. આનાથી સમાજના સ્થાપિત નિયમોનો ભંગ થાય, શાંતિ કે સ્થિરતા જોખમાય અને વાતાવરણ અસલામત બને. શરૂઆતમાં આવું વર્તન ઘણુંખરું માનવીની કે માનવજૂથની મજબૂરીનું પરિણામ હોય. ધીરે ધીરે એ ધંધો બને. આગળ જતાં એ આદત શોખ કે ગૌરવ બની બેસે. આવાં કૃત્યો ઘણી વખત કેટલીક વ્યક્તિ, વર્ગ, સ્થળ કે પ્રદેશની ઓળખ કે લાક્ષણિકતા બની જતાં હોય છે. આમ, ઉત્તરોત્તર નૈતિકતાનું પતન થવા લાગે અને સમાજવ્યવસ્થાની સ્થિરતા જોખમાય.

આમ, ગરીબીની સામાજિક અસરને કારણે ગરીબી તરફનો અભિગમ બદલાયો. આથી ગરીબોને રાહત આપતાં કેટલાંક સામૂહિક કાર્યોની શરૂઆત થઇ. ધર્માદા દવાખાનાં, ધરમશાળાઓ, પરબો, અન્નક્ષેત્રો, સાર્વજનિક શાળાઓ, મફત વાંચનાલયો, કૂવા, વાવ, તળાવ વગેરે બાંધવાની એક સર્વસ્વીકૃત અને સન્માનનીય પ્રથા શરૂ થઇ. ગરીબી માટે સમાજ ''જવાબદાર નથી'' એવી માન્યતાની જગાએ ''સમાજ ભલે જવાબદાર ન હોય પણ સમાજ એની માઠી અસરોથી પ્રભાવિત થાય છે'' અને સામાજિક પ્રવૃત્તિથી ''ગરીબી ભલે નાબૂદ ન થાય'' પરંતુ ''એવી પ્રવૃત્તિ સમાજની સુખાકારી માટે આવશ્યક છે'' એવી વિચારસરણી વહેતી થઇ. ગરીબોને સહાયભૂત થવાની ગણતરી પાછળ પોતાને ગરીબીની માઠી અસરોથી બચાવી લેવાની વૃત્તિ અગ્રેસર બની.

## રાજકીય સંદર્ભ

ગરીબી અંગેના દૃષ્ટિબિંદુના ત્રીજા તબક્કામાં ગરીબી એ વ્યક્તિની અંગત બાબત છે અને સમાજ એના માટે જવાબદાર નથી, એ અવધારણા સામે પ્રશ્નો ઊભા થયા. કાર્લ માર્કસ જેવા ઉદ્દામવાદી વિચારકોએ એને ધરમૂળથી પડકારી પ્રશ્ન ઉઠાવ્યો કે, ''કોણે કહ્યું કે ગરીબી માટે સમાજ જવાબદાર નથી?'' આ વિચારસરણીવાળા ચિંતકો તો ખુલ્લંખુલ્લા કહેવા લાગ્યા કે ''સમાજમાં ઘણા લોકો ગરીબ છે કારણ કે મુઠ્ઠીભર લોકો ધનિક છે.'' આ ધનિકો જેવા કે જાગીરદારો, જમીનદારો, મિલમાલિકો, શેઠિયાઓ વગેરે ઉત્પાદનનાં સાધનો ઉપર કબજો જમાવી બેઠા છે. તેઓ શ્રમજીવીઓનું શોષણ કરી એમને ગરીબીમાં સબડતા રાખે છે. આમ, ગરીબી એ સામાજિક વ્યવહાર અને વ્યવસ્થાનું જ પરિણામ છે એવી માન્યતા ઉપર તો માર્કસે શ્રમજીવીઓને હાકલ કરી કે ''વિશ્વના શ્રમજીવીઓ ! તમે સંગઠિત બનો, તમારે તો ગુલામીની જંજીરો સિવાય કંઇ જ ગુમાવવાનું નથી.'' આ જંજીરો તોડવી એટલે જેમણે શ્રમજીવીઓને આર્થિક રીતે ગુલામ બનાવ્યા છે એમને તથા એ કાર્યમાં જેમણે સાથ આપ્યો છે એ બધાને ઊથલાવી નાખવા. માર્કસની દૃષ્ટિએ તો શ્રમજીવીઓનું શોષણ કરવા માટે પ્રવર્તમાન રાજ્યસત્તા પણ મિલમાલિકો તથા જાગીરદારો જેટલી જ જવાબદાર હતી. એટલે આ બધો હુમલો છેવટે તો રાજસત્તા ઉપર જ હતો. રાજ્ય વહીવટનું કામ એટલે કાયદો તથા વ્યવસ્થાની જાળવણી. પરંતુ એ જાળવણીના નામે રાજ્યસત્તા શોષણલક્ષી અર્થવ્યવસ્થા ટકાવી રાખવાના જુલમમાં ભાગીદાર બનતી. ઉદ્દામવાદી વિચારસરણી પ્રમાણે ગરીબી હટાવવા માટે ચાલુ અર્થવ્યવસ્થા તોડવાનું જરૂરી હતું અને એને તોડવા માટે એને પોષનાર રાજ્યવ્યવસ્થા બદલવી પડે. આમ, ત્રીજા તબક્કામાં ગરીબી સામાજિક બાબત ન રહેતાં રાજકીય મુદ્દો બની. આ નિદાન પ્રમાણે ગરીબીની હયાતી રાજકીય અસ્થિરતાનાં બી રોપે છે. માત્ર 'ગરીબી હટાવો' એવાં સૂત્રોથી લોકો ઉત્તેજિત થઇ જાય છે. અને એવા સૂત્રધારોને જનતા ખોબલે ખોબલે મત આપવા ઊમટી પડે છે. અસ્થિરતાને આહ્‌વાન આપવામાં કોને અને કેવી રીતે રસ પડે, એ દર્શાવતો એક સ્વાનુભવ યાદ આવે છે.

ઉદ્દામ વિચારસરણી માટે જાણીતા એક રાજ્યમાં સમાજના વિકાસમાં બેંકોની ભૂમિકા અંગેની રાજ્યકક્ષાની વિચારગોષ્ઠિમાં મારે એક પ્રમુખ વકતા તરીકેની ફરજ નિભાવવાની હતી. ગોષ્ઠિમાં ભાગ લેનારાઓમાં સદર રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાના ઉચ્ચસ્તરીય બેંક અધિકારીઓ અને સરકારી અમલદારો હતા. ઉદ્‌ઘાટક તરીકે આવેલ રાજ્યના નાણાંમંત્રી, જે પોતે એક નામી અર્થશાસ્ત્રી પણ છે, એમણે પોતાના પ્રવચનમાં રીતસરનો ધડાકો જ કર્યો. પોતાના જોશીલા વકતવ્ય દરમિયાન એમણે કહ્યું, રાજ્યના ઘણા યુવકો મારી પાસે આવીને સલાહ માગે છે કે એમણે સમાજસેવા માટે શું કરવું? હું એમને એમ કહું છું કે ''તમારે સમાજનું હિત સાધવું હોય તો બેંકની શાખાઓ બાળી મૂકો.'' સભામાં સોપો પડી ગયો. મારી સાથે વ્યાસપીઠ પર બેઠેલ બેંકરો અને આયોજકો દિગ્મૂઢ બની ગયા. નાણાંપ્રધાન જેવી જવાબદાર વ્યક્તિ ખુદ બેંકોને બાળવાની સલાહ આપે એ કેવું બેહૂદું! બેંકો અહીં રાજ્યના વિકાસમાં ભાગીદાર થવા આવી છે. વિધિની વક્રતા તો જુઓ! અહીં બેંકરો શી રીતે કામ કરી શકે? જ્યાં વિનાશને જ નોતરુ દેવાનું હોય ત્યાં વિકાસની વાત કેવી!

વાતાવરણને કાર્યલક્ષી ને સુમેળભર્યું બનાવી વિકાસ કાર્યોમાં સરકાર અને લોકોની સાથે સહકાર સાધવામાં બેંકોની ભાગીદારીની ગાડી પાટે ચડાવવાની જરૂર હતી. ગોષ્ઠિનો હેતુ જ એ હતો. અહીં તો સહકારને બદલે સંઘર્ષનું રણશિંગું ફુંકાઇ રહ્યું હતું. ઉદ્‌ઘાટન પ્રવચન પૂરું થતાં જ મેં માઇક સંભાળ્યું. મેં શરૂ કર્યું : ''વિદ્વાન નાણાંમંત્રીએ રજૂ કરેલ મંતવ્યો આજના કાર્યક્રમના હેતુ સાથે ખૂબ સુસંગત છે. એની પાછળની સૂક્ષ્મ ભાવના તાર્કિક રીતે સમજવાની જરૂર છે. પ્રધાનશ્રીએ યુવાનોને બેંકો બાળવાની સલાહ આપી એ ઉપલક દૃષ્ટિએ ઘણી ડરામણી વાત છે. આ વાત બેંકરો માટે જોવા જઇએ તો ધમકી તથા પડકાર રૂપ છે. એમાં એક દિશાસંકેત છે. અને પડકારોને તકમાં ફેરવવાના વ્યૂહની ચાવી પણ છે. મારે એ જાણવું છે કે પ્રધાનશ્રીએ જે યુવકોને બેંકો બાળવાની સલાહ આપી એ યુવકો કોણ હતા? બેંકના કર્મચારી હતા? બેંકની સેવાનો લાભ લઇ પ્રગતિ કરનાર ધંધાર્થીઓ હતા? બેંક પાસેથી લોન મેળવવામાં નાસીપાસ થયેલ હતાશ અરજદારો હતા ? બેંકો પાસે પોતાના જેવા લોકો માટે કોઇ ઉપયોગી યોજના નથી એવું માનનાર નિરાશાવાદીઓ હતા ? પોતાને રોજીરોટીના સાંસા છે અને બેંક કર્મચારીઓને ઘી-કેળાં છે એમ વિચારીને દુઃખી થનાર દ્વેષી અને દુભાયેલ આત્માઓ હતા ? કે પછી બેંકો એ તો મૂડીવાદીઓના હાથનાં શોષણ માટેનાં હથિયારો છે એવા સિદ્ધાંતના સમર્થક ઉદામવાદીઓ હતા? મને ખાતરી છે કે મંત્રીમહોદયની સલાહ સાંભળી એમ સક્રિય અમલનો સહેજ પણ વિચાર કરનારાઓમાં ઉપર ગણાવેલ વર્ગોમાંના પ્રથમ બે વર્ગના યુવકો તો હોઇ શકે જ નહીં. એ પછીના વર્ગોમાં મોટાભાગના માનવીઓ બેંકો પાસેથી વિવિધ પ્રકારની સેવાઓના અપેક્ષાર્થીઓ છે. એમની અપેક્ષાઓ જેટલે અંશે સંતોષાશે એટલે અંશે તેઓ બેંકોના સમર્થકો અને રક્ષકો બનશે. ''બેંકોની નીતિરીતિ અને કાર્યપદ્ધતિ આ લોકોના હિત સાથે સુસંગત હોવી જોઈએ'' એવો સૂર છે. ''આપણે આજની ગોષ્ઠિમાં આવા સહિયારા પુરુષાર્થ માટેના અવસરો શોધવાના છે.'' આ શબ્દો સાંભળતા પ્રધાનશ્રીના મોં ઉપરનો મલકાટ જ કહી આપતો હતો કે ગાડી પાટે ચડી ગઇ છે.

## આર્થિક વિચારસરણી

સમાજ, અર્થતંત્ર તથા રાજ્યની સ્થિરતા અને વધતી જતી ગરીબી એક બીજા સાથે સુસંગત નથી. ચોથા તબક્કામાં ગરીબી પ્રત્યેનું દૃષ્ટિબિંદુ આર્થિક તર્ક-આધારિત હતું. ગરીબોના અસંતોષને દમનથી કચડવામાં આવે એમાં સમાજને કોઇ ફાયદો ખરો? ઊલટું, ગરીબી ચાલુ રહે તો એની માઠી અસરો સમાજના ઉદ્યોગધંધાની વૃદ્ધિ ઉપર જરૂર પડવાની, એવી વિચારસરણી ઉદય પામી. અર્થશાસ્ત્રીય દૃષ્ટિકોણથી જોઇએ તો જગતની સમગ્ર આર્થિક પ્રવૃત્તિના બે અંતિમ છેડા એટલે ઉત્પાદન અને ઉપભોગ. સભ્ય સમાજમાં આ ઉપભોગ ક્યારે શક્ય બને? ઉપભોક્તાએ કાં તો જરૂરી ચીજો જાતે ઉત્પન્ન કરી લેવી પડે અથવા તો બીજા પાસેથી ખરીદવી પડે. આમ અર્થતંત્રમાં આત્મનિર્ભર ઉત્પાદકો અને ઉપભોક્તા હોય અથવા તો ઉત્પાદનનું વિશિષ્ટીકરણ થાય અને ઉત્પાદક તથા ઉપભોક્તા વચ્ચે વિનિમયની કડી ઉમેરાય. વિનિમય માટે માંગ અને પૂર્તિનું અસ્તિત્વ જરૂરી ગણાય. માંગનો મૂળ આધાર જરૂરિયાત, પણ વ્યવહારુ આધાર ખરીદશક્તિ અને ખરીદશક્તિનો સ્રોત આવક. ગરીબી એટલે જરૂરી આવકનો અભાવ. જે સમાજમાં ગરીબી હોય ત્યાં ખરીદશક્તિની ઊણપ વર્તાય. ખરીદશક્તિ ન હોય તો ઉપભોક્તાએ તો વસ્તુ વગર ચલાવી લેવું પડે જ પરંતુ સાથેસાથે ઉત્પાદનની માંગ પણ રુંધાય. પરિણામે ઉદ્યોગધંધાની વૃદ્ધિ અટકે. ગરીબોનું તો જે થવું હોય તે થાય પરંતુ ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓનો નફો ઓછો થાય એ નક્કી. આમ, અર્થતંત્રનો પાયો બોદો બને. ગરીબી અંગેનું આર્થિક દૃષ્ટિબિંદુ ગરીબીની બજાર ઉપર પડનારી માઠી અસરને સ્પષ્ટપણે સમજી શકે છે. ગરીબીની હયાતી સમગ્ર અર્થતંત્રની વૃદ્ધિમાં અડચણરૂપ પરિબળ હોઇ એની નાબૂદીમાં સૌ ધંધાર્થીઓનું હિત સમાયેલ છે, એવી નક્કર સમજ આ ચોથા તબક્કામાં પ્રવર્તવા લાગી.

## વિકાસલક્ષી અભિગમ

ગરીબી અંગેના દૃષ્ટિબિંદુની ઇતિહાસયાત્રા આટલેથી અટકતી નથી. ગરીબીને હવે એક અસરકારક સામાજિક, રાજકીય અને આર્થિક પરિબળ તરીકે, નીતિના પ્રાથમિકતાપાત્ર ધ્યેય તરીકે સ્વીકૃતિ મળી છે. ગરીબીને હવે સમાજનો સૌથી મોટો શત્રુ માનવામાં આવે છે. એની હયાતી એ સમાજની સુરક્ષા, સુખાકારી, શાંતિ અને વિકાસ માટે જોખમકારક છે. એને હટાવવાનું ખૂબ જ ઇચ્છનીય છે. એટલું જ નહીં, એને નાબૂદ કરવાનું શક્ય પણ છે. આ વિશ્વાસના આધારે તો તે વખતના વિશ્વબેંકના પ્રમુખ રોબર્ટ મેકનામારાએ 'ગરીબી ઉપર સીધા હુમલા'ની હાકલ કરેલી. ગરીબી પ્રત્યેનો હવેનો અભિગમ વિકાસલક્ષી બન્યો છે. એ અભિગમ અન્વયે ગરીબી ઉન્મૂલન અને સર્વાંગી વિકાસ એ બંને પરસ્પર પૂરક પ્રક્રિયાઓ છે. સમાજનો વિકાસ સાધવો હશે તો ગરીબી હટાવવી પડશે અને ગરીબી હટાવવી હશે તો ઇચ્છિત ગતિ અને દિશાની વિકાસપ્રક્રિયા સાધવી પડશે. આ વિકાસપ્રક્રિયાને તર્કબદ્ધ રીતે સમજવામાં ન આવે તો એક એવું વિષચક્ર સર્જાય જેમાં ગરીબી અને વિકાસવિહીનતા બંને એકબીજાને આગળ ધકેલતાં રહી સમાજને પાછળ હડસેલતાં જાય. ગરીબી પ્રત્યેના વિકાસલક્ષી અભિગમનું હાર્દ આ સમજણમાં છુપાયેલું છે.

હવે ગરીબોને સમાજ માટે બોજારૂપ ન સમજતાં એમનામાં રહેલી વિકાસક્ષમતા ઓળખવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ગરીબોની જરૂરિયાતોને માંગમાં ફેરવી શકાય તો કેવડાં મોટાં બજારો ઊભાં થાય! બજારોનો ફેલાવો અને વિકાસ એટલે આર્થિક સમૃદ્ધિનો માર્ગ. આના કારણે વિશ્વના વિકસિત દેશો ગરીબ પણ વિકાસશીલ રાષ્ટ્રો તરફ ભાવિ બજારો વિકસાવવાની દૃષ્ટિથી જોવા માંડયા છે. આ પહેલાં ગરીબીની હયાતી બજારના ફેલાવામાં માત્ર અવરોધક બળ રૂપે જ જોવાતી. ગરીબીને નકારાત્મક પરિબળ તરીકે જોતો આ આર્થિક દૃષ્ટિકોણ હતો. એક પ્રચલિત ઉદાહરણ જોઇએ. જો કોઇ એક પ્રદેશના લોકો પગરખાં પહેરતા જ ન હોય તો એના બે વ્યાવહારિક અર્થ તારવી શકાય. નકારાત્મક દૃષ્ટિથી જોતાં એમ લાગે કે આ પ્રદેશમાં પગરખાંના ઉત્પાદન કે વેચાણ માટે કોઇ અવકાશ જ નથી. અહીં પગરખાંના ઘરાક કે બજાર જ નથી. આ થયું ટૂંકા ગાળાનું આર્થિક દૃષ્ટિબિંદુ. આની સામે આધુનિક વિકાસલક્ષી દૃષ્ટિબિંદુ એમ કહેશે કે અરે, અહીં તો પગ એટલાં પગરખાં ખપાવી શકાય એમ છે. ગરીબી પ્રત્યેનો વિકાસલક્ષી અભિગમ ગરીબી અને ગરીબોમાં વિકાસ માટેની અબાધિત તકો નિહાળે છે. ગરીબો પાસે વણસંતોષાયેલ માંગ છે, ફાજલ સમય અને વણવપરાયેલ શ્રમ-શક્તિ છે. એ સમય અને શક્તિનો ઉત્પાદક ઉપયોગ કરવામાં આવે તો માંગ અને પૂર્તિની એક પરસ્પર બળ આપનાર ગતિલક્ષી પ્રક્રિયા શરૂ કરી શકાય.

ગરીબી પ્રત્યેના આધુનિક અભિગમનું સૌથી મહત્ત્વનું લક્ષણ છે, ગરીબી-નિવારણ કાર્યમાં ગરીબોની પોતાની ભાગીદારી. આ ભાગીદારી માત્ર યોજનાઓના લાભ પૂરતી નથી, પણ જવાબદારીમાં અને નિર્ણયપ્રક્રિયામાં પણ છે. અને એનાં મુખ્ય ઘટક તરીકે કુટુંબને ગણવામાં આવે છે. અમીર કુટુંબ એકાદ ધંધો ખોટનો કરે તો એના કુટુંબના જીવનધોરણ પર ખાસ અસર નથી પડતી. પણ ગરીબોની બાબતમાં પ્રવૃત્તિની નિષ્ફળતાનો પહેલો અને સીધો ઘા એના રસોડા ઉપર પડતો હોઇ સમગ્ર પરિવારે અને ઘરની સ્ત્રીએ એનાં માઠાં ફળ ભોગવવાં પડે છે. આના કારણે હવેની ગરીબીનાબૂદી યોજનામાં નિર્ણય પ્રક્રિયામાં કુટુંબો અને સ્ત્રીઓની ભૂમિકાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

ગરીબોને વિકાસપ્રક્રિયામાં જોતરવા કેવી રીતે? જગતભરમાં સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં લઇને આના માટે વિવિધ વિકલ્પો વિચારવામાં આવી રહ્યા છે. આમાંનો એક વ્યાપક સ્વરૂપે વિચારાઇ રહેલો અને ઘણી જગાએ સફળ રીતે અજમાવેલ વિકલ્પ છે -સ્વસહાયતા સમૂહ -સેલ્ફ હેલ્પ ગ્રુપ. કોઇપણ ગરીબ વ્યક્તિ કે કુટુંબ એકલું અટૂલું, આર્થિક રીતે કમજોર અને અસહાય ગણાય. એક ચોક્કસ વિકાસલક્ષી ધ્યેયવાળા, ઓછાં સાધનવાળા પણ સકારાત્મક વિચારસરણીવાળાં ગરીબ પરિવારોનો સમૂહ આર્થિક રીતે પોષણક્ષમ ઘટક બની શકે છે. એમાંનો દરેક સભ્ય વ્યક્તિગત રીતે બેંકની સહાયતા મેળવવા માટે ભલે લાયકાત ન ધરાવતો હોય પરંતુ તેમનું સમાન લક્ષણવાળું જૂથ સામૂહિક રીતે બેંકની નાણાંકીય સહાય મેળવવા સક્ષમ લેણદાર બની શકે છે. આવી વિચારસરણી ઉપર રચાયેલ સ્વસહાયતા સમૂહોનો સફળ પ્રયોગ ૨૦મી સદીના અંત સુધીમાં વિકસતા અને વિકસિત એવા ૫૯ દેશોમાં ચાલી રહ્યો છે. એમાં યુ.એસ.એ., ફ્રાન્સ અને નેધરલેન્ડનો પણ સમાવેશ થાય છે. બાંગલાદેશની ગ્રામીણ બેંકે આમાં પહેલ કરીને સફળ રાહ ચીંધ્યો છે. ૧૯૭૮થી ૨૦૦૦ના ગાળામાં બાંગલાદેશ ગ્રામીણ બેંકે ૨૩ લાખ સભાસદોને વગર જામીને ધિરાણ કર્યું છે. ભારતમાં પણ અમદાવાદની 'સેવા' બેંકે અત્યંત ગરીબ એવી શ્રમજીવી સ્ત્રીઓને બેંકની માનનીય ગ્રાહકો બનાવી છે એટલું જ નહીં, એમનામાં બેંકનું સફળ સંચાલન કરવાનો વિશ્વાસ, શ્રદ્ધા અને કાર્યક્ષમતા પેદા કર્યાં છે. ભારતમાં પણ નાબાર્ડના માર્ગદર્શન હેઠળ ૧૯૯૨થી શરૂ થયેલ લઘુધિરાણ પ્રોજેક્ટ અંતર્ગત બેન્કોએ લગભગ ૨૩ લાખ સ્વસહાય સમૂહો દ્વારા ૩.૩ કરોડ કુટુંબોને આર્થિક રીતે પગભર થવાના રાહ ઉપર ચાલવામાં સહાય કરી છે. નાના અને સીમાન્ત ખેડૂતો પણ અદ્યતન ડેરી ટેકનોલોજીનો કેવી રીતે ગૌરવભેર લાભ લઇ શકે એનું સફળ ઉદાહરણ અમૂલે પૂરું પાડ્યું છે.

## ઉપસંહાર

આમ, સમયના ઝંઝાવાતોની થપાટો ખાતી પડતી-આખડતી અને છતાં સમયના સૂરો સાથે તાલ મિલાવવાનો પ્રયત્ન કરતી ગરીબી પોતાની ગાથાને નૈતિક, સામાજિક, રાજકીય અને આર્થિક કોઠાઓની ભૂલભૂલામણીમાંથી બચાવીને હવે વિકાસલક્ષી અભિગમના કોરસ સુધી ખેંચી લાવી છે. ગરીબોની ઉત્પાદક ક્ષમતાને ઓળખી એને યોગ્ય માર્ગે વાળવામાં આવે તો હાલમાં જોખમરૂપ લાગતી ગરીબી ખુદ વિશાળ તકોનો એક સ્રોત બની શકે તેમ છે. ગરીબોની આવકમાં થનાર વધારો ઘણા લાંબા સમય સુધી સીધે સીધો બજારમાં ઠલવાવાનો. આને કારણે ગરીબીનાબૂદીના ત્રણ તાત્કાલિક લાભાર્થીઓ હોવાના; ગરીબો પોતે, ચાલુ ઉત્પાદકો અને નવા વ્યવસાયીઓ. ચાલુ ઉત્પાદકો અને નવા વ્યવસાયીઓને મળનારી ધંધાદારી તક એ ગરીબી પ્રત્યેના આધુનિક અભિગમનું મહત્ત્વનું પાસું છે. એટલે જ તો હવે ગરીબીનાબૂદીમાં વપરાયેલ નાણાંને દાન કે ખર્ચ નહીં પણ મૂડીરોકાણ તરીકે ગણવામાં આવે છે. અસરોનો વ્યાપ અને ઊંડાણ જોતાં આ પ્રકારના વિકાસલક્ષી અભિગમનો ઉદય ભલે ઉત્ક્રાંતિના એક તબક્કા રૂપે થયો હોય, પરંતુ એ ઘટના કોઇ ક્રાંતિકારી કૂદકાથી ઓછી આશ્ચર્યજનક નથી. ■

# મારે ન્યાય-વ્યવસ્થા બદલવી છે - ૬

*- કિરીટ પાનવાલા*

અત્યાર સુધી ફોજદારી તથા દિવાની ન્યાય-વ્યવસ્થાની ઘણી બધી નિર્બળતાઓ અને ક્ષતિઓ વિષે આપણે ચર્ચા કરી. આ નિર્બળતાઓ અને ક્ષતિઓ તરફ પાર્લામેન્ટ, સરકાર કે ન્યાયતંત્રનું છેક ધ્યાન નથી, એવું નથી. આ નિર્બળતાઓ અને ક્ષતિઓ દૂર કરી દિવાની ન્યાય-વ્યવસ્થાને ચેતનવંતી બનાવવા સિવિલ પ્રોસીજર કોડમાં થોડાં વર્ષો પહેલાં સુધારા થયા. ફોજદારી ન્યાય-વ્યવસ્થાને વધુ બહેતર બનાવવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ માં ૨૦૦૫ માં કેટલાક સુધારા કરવામાં આવ્યા અને હાલમાં ધી કોડ ઓફ ક્રિમીનલ પ્રોસીજર (એમેન્ડમેન્ટ) બીલ, ૨૦૦૬ થી ફરી આ કોડમાં સુધારા સૂચવવામાં આવ્યા છે. આ બીલ રાજસભા સમક્ષ રજૂ થયું છે. તેમાં જે કેટલાક સુધારાઓ દર્શાવવામાં આવ્યા છે તે ખસૂસ કાબિલે-તારીફ છે. મોટા ભાગના ગુનાઓ સંબંધે આરોપીઓ સામે કામ ચલાવવાનો ઈજારો રાજ્યનો છે. કારણ કે મોટા અપરાધોને રાજ્ય સામેના અપરાધો ગણવામાં આવે છે એટલે ખાનગી ભોગ બનનાર તેવા ગુનાઓ સંબંધે કામ ન ચલાવે તો પણ રાજ્ય તે ગુનાઓ સંબંધે આરોપીઓ સામે કામ ચલાવશે તેવી વ્યવસ્થા આપણે કાયદા દ્વારા કરી છે. પણ સરકારના પ્રતિનિધિઓ બિનઆવડતને કારણે કે પછી આરોપીઓ સાથે મળીને કેસનો વીંટો વાળી નાખે તો પણ ભોગ બનનારે નિઃસહાય બની જોઈ રહેવાનું – કંઈક એવી સ્થિતિ હાલમાં છે. તેમાં આ સૂચિત બીલથી રાહત આપવાનો પાર્લામેન્ટનો ઈરાદો છે અને પ્રોસીક્યુશન સાથે કોઓર્ડીનેટ કરીને કામ ચલાવવા પોતાનો વકીલ રોકવાની ભોગ બનનારને પરવાનગી આપી શકાય તેવી સત્તા કોર્ટોને આપવામાં આવી છે. નવા કાયદામાં બળાત્કાર જેવા સ્ત્રીની ગરિમા વિરુદ્ધના ગુનાઓનો ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો છે અને તે સંબંધે ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. દા.ત. શક્ય હોય ત્યાં સુધી આવા કેસો સ્ત્રી જજ દ્વારા ચલાવવામાં આવે. આવા ગુનાની તપાસ ભોગ બનનારના રહેઠાણે કરવામાં આવે. શક્ય હોય ત્યાં સુધી આ ગુનાઓની તપાસ સ્ત્રી ઑફિસર મારફતે કરવામાં આવે. ભોગ બનનાર વ્યક્તિ અઢાર વર્ષથી નીચેની વયની હોય તો તેની પૂછપરછ તેના માતાપિતા અથવા સામાજિક કાર્યકર મારફતે કરવામાં આવે વગેરે. તપાસમાં ઓડિયો–વિડિયો-ઈલેક્ટ્રોનિક ઉપકરણો વાપરવા અંગે પણ જોગવાઈઓ છે.

વધુ મહત્ત્વની જોગવાઈ સાહેદોના જવાબો કઈ જગ્યાએ, તારીખે અને સમયે લીધા તે લખીને સાહેદના જવાબની નકલ તાત્કાલિક મેજિસ્ટ્રેટશ્રીને મોકલવાની રહેશે. અત્યાર સુધી ફરિયાદ સિવાય બીજાં કોઈ સ્ટેટમેન્ટો આ રીતે મેજિસ્ટ્રેટશ્રીને મોકલવાના હતા નહિ, જેને કારણે સાહેદોનાં સ્ટેટમેન્ટો લખી લઈ આગલી તારીખમાં બતાવી દેવાતાં હતાં. તેને લીધે તપાસ કરનાર અધિકારીને સાહેદોના જવાબો ઊભા કરવા પર્યાપ્ત સમય મળી રહેતો હતો. સાક્ષીઓ કોર્ટોમાં ફરી જાય છે, જેને લીધે મોટા ભાગના કેસો પુરવાર થઈ શકતા નથી અને સજાનો દર બહુ નબળો રહે છે – આ સમસ્યા માથાના દુઃખાવા સમાન બની રહી છે. સાક્ષીઓને ફરી જતા યાને હોસ્ટાઈલ થતા અટકાવવાનો એક નુસ્ખો આ કાયદામાં દર્શાવવામાં આવ્યો છે. એને નુસ્ખો એટલા માટે કહું છું કે એના સફળ થવાની કોઈ ગેરંટી નથી. નુસ્ખો એ છે કે મૃત્યુદંડની કે દસ વર્ષ કે વધુ કારાવાસની સજાના કેસોમાં, યોગ્ય તપાસ સંદર્ભે તપાસ કરનાર અધિકારીને જે સાહેદોનો પુરાવો મહત્ત્વનો અને અનિવાર્ય જણાય, તે સાહેદોનાં નિવેદનો તેણે જાતે નોંધવાનાં નહિ, પણ નજીકના મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કે જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ દ્વારા નોંધાવવાનાં રહેશે. આવા સાહેદ કોઈ પણ દાબદબાણ કે ધાકધમકી વગર સ્વેચ્છાએ સ્ટેટમેન્ટ આપે છે કે કેમ તે અંગે મેજિસ્ટ્રેટ ખાતરી કરે. ત્યારબાદ તેવા સાહેદનું સ્ટેટમેન્ટ રેકર્ડ કરવાનું રહેશે. સૂચિત બીલમાં કલમ-૧૬૪-ખ થી આ જોગવાઈ કરવામાં આવી છે. આ જ બીલમાં કલમ-૩૪૪-ક ની જોગવાઈ કરી, ટ્રાયલ વખતે આવાં નોંધાયેલાં સ્ટેટમેન્ટ વિરુદ્ધ જાણીબૂઝીને ઈરાદાપૂર્વક બોલનાર સામે કોર્ટ સમરી રાહે પગલાં ભરી ઓછામાં ઓછી ત્રણ મહિનાની અને વધારેમાં વધારે બે વર્ષ સુધીની સજા કરી શકશે. ફરી જતા સાહેદોને નાથવામાં આ જોગવાઈઓ ફળીભૂત થશે ખરી?

આપણા ફોજદારી કાયદામાં ગુનાઓ સંબંધેની કામગીરી જાણે ટુ-ટાયર સીસ્ટમને અનુસરે છે. પ્રથમ તબક્કામાં પોલીસ દ્વારા તપાસ યાને અન્વેષણ થાય છે. બીજા તબક્કામાં આરોપી સામે ટ્રાયલ ચાલે છે અને તેને શિક્ષા ફરમાવવી કે નહિ તેનો નિર્ણય થાય છે. આ કારણે સાહેદોના જવાબો બે વખત થાય છે. એક તો પોલીસ સમક્ષ

સ્ટેટમેન્ટના સ્વરૂપમાં અને બીજું, કોર્ટ સમક્ષ ટ્રાયલ દરમ્યાન જુબાનીના સ્વરૂપમાં. આપણા કાયદા મુજબ સાક્ષીએ પોલીસની રૂબરૂ જે સ્ટેટમેન્ટ કે નિવેદન આપેલું હોય છે તે સ્ટેટમેન્ટ કે નિવેદન પુરાવામાં ગ્રાહ્ય જ નથી. કોર્ટ તેને વાંચી શકે જ નહિ. સાહેદ કોર્ટ રૂબરૂ જે જુબાની આપે તે જ આખરી ગણાય. જો કે પોલીસ નિવેદન સાવ નિરર્થક છે એમ કહી શકાતું નથી. આપણી ન્યાય-વ્યવસ્થામાં તે આરોપીને તેની સામેના પુરાવાનો ખ્યાલ આપે છે અને તે પુરાવા સામે તેને બચાવ ઘડવાની પૂરતી તક આપે છે. કાયદાના શાસનના સિદ્ધાંત મુજબ તેમજ કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ આ તક આપવી જરૂરી ગણાય છે. બીજું, જ્યારે સાક્ષી પોલીસ રૂબરૂ નિવેદનમાં જે હકીકત જણાવે તેનાથી વિપરીત યા વિસંગત કે વિરોધાભાસી હકીકત કોર્ટમાં જણાવે ત્યારે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૬૨ હેઠળ પોલીસ, સ્ટેટમેન્ટ સાહેદને કોન્ટ્રાડિક્ટ કરવા માટે વાપરી શકાય છે. દા.ત. સાહેદે પોલીસ રૂબરૂ એમ કહ્યું હોય કે મરનારનો ખૂની A હતો અને કોર્ટ રૂબરૂ તે એવી જુબાની આપે કે A નહિ પણ B ખૂની હતો – તો સાહેદની કોર્ટ રૂબરૂની જુબાની, તેના અગાઉ લેવાયેલા પોલીસ સ્ટેટમેન્ટથી વિરોધાભાસી છે એમ કહી શકાય. આમ, પોલીસ નિવેદન સાક્ષીને જુઠ્ઠો સાબિત કરવા માટે વાપરી શકાય છે. ફરિયાદ પક્ષે પણ કેટલાક સંજોગોમાં સાક્ષીને કોન્ટ્રાડિક્ટ કરવા આ સ્ટેટમેન્ટનો સહારો લેવો પડે છે. દા.ત. બનાવ જોયો છે તે હકીકત સાક્ષી પોલીસ રૂબરૂ જણાવે છે, પણ કોર્ટ રૂબરૂ જણાવતા નથી અને ફરી જાય છે; ત્યારે સરકારી વકીલશ્રી, સાહેદનું પોલીસ સ્ટેટમેન્ટ ઉપર ધ્યાન દોરી શકે અને તેને જુઠ્ઠો ઠેરવી શકે. એ રીતે ફરિયાદપક્ષના બાકીના કેસને તે સાહેદથી થતું નુકસાન અટકાવી શકે. આ રીતે પોલીસ સ્ટેટમેન્ટનો ઉપયોગ કોન્ટ્રાડિકશન્સ તથા મહત્ત્વનાં ઓમીસન્સ માટે થઈ શકતો હોય છે.

પરંતુ આ દ્વિસ્તરીય પદ્ધતિ કેટલે અંશે અન્યાયની જનેતા બની રહે છે તેનો આપણે કયાસ કાઢવો જોઈએ. એક તો પોલીસ નિવેદન થાય પછી લાંબે ગાળે કોર્ટમાં જુબાની થતી હોય છે; તે સમયગાળા દરમ્યાન સાક્ષીને ઘણી વાર બનાવની વિસ્મૃતિ થાય છે; તેની યાદદાસ્ત ધૂંધળી પડી જાય છે; તેથી લાંબે ગાળે આરોપી પક્ષે થતી ઊલટતપાસમાં તે બરાબર જવાબો આપી શકતો નથી અને આરોપી છૂટી જાય છે. અલબત્ત, મૂલ્યાંકનનાં ધોરણો આવા લાંબા ગાળાને ધ્યાનમાં લેવાનું કહે છે; પણ તો ય ફરિયાદપક્ષના કેસને મોટે ભાગે નુકસાન થતું હોય છે. બીજું, સાક્ષી પોતાની યાદદાસ્તને અકબંધ રાખવામાં સફળ થાય તો પણ, આ વચગાળાના સમયગાળા દરમ્યાન પોલીસ તપાસ પૂરી થતાં હવે તેને પોલીસનો ડર નથી રહેતો. ખરું જ કહેવું પડે એવી સ્થિતિ જેટલી હદે પોલીસ પેદા કરી શકે છે તેટલી હદે કોર્ટ પેદા કરી શકતી નથી, એ હકીકત છે. આટલાં વર્ષોમાં હજારો કેસમાં હજારો સાહેદો કોર્ટોમાં ફરી ગયા છે. તેમની સામે દેખાવ ખાતર નોટિસ કાઢવામાં આવી હોય એવું પણ જવલ્લે જ બન્યું છે. એકાદ ઝહિરાના કેસમાં સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરી. પણ તેમાંથી ય બૃહદ્ રીતે જોતાં ન્યાયતંત્રે ખાસ પ્રેરણા લીધી હોય તેમ જણાતું નથી અને કોઈ પગલાં લેવાનું શરૂ કર્યું હોય તેવું જણાતું નથી. અલબત્ત, અમારા એક ચુસ્ત અને ગાળ ખાવાની હિંમત ધરાવનાર જજે લાંચ રૂશ્વતના એક કેસમાં ફરી ગયેલા સરકારી પંચ ઉપર કાર્યવાહી કરી. તેના સમાચાર અખબારમાં છપાયા. એ વાતને છએક મહિના થયા. આ છ મહિના દરમ્યાન ફરી જવાનો ઈરાદો ધરાવનાર કેટકેટલાંય સરકારી પંચોએ તેમ કરવાની હિંમત કરી નહીં. પોલીસ થર્ડ ડિગ્રીથી ધાક ઉત્પન્ન કરે તે ઇચ્છવાજોગ નથી; પણ કોર્ટ કાનૂન મુજબ તેમની ફરજમાં આવતી કાર્યવાહી કરી ધાક ઊભો કરે તો પણ ખાસ્સો ફેર પડી શકે છે. વધુમાં, તપાસ દરમ્યાનના નિવેદનથી માંડીને ટ્રાયલ વખતની જુબાની સુધીના આ સમયગાળા દરમ્યાન હકીકતોની જાણકારીના પોતાના આ મહામૂલા ખજાનાને સાચવવાનું સાક્ષી માટે કેટલું અઘરું હોય છે! એના પર ધાકધમકી આવે, આરોપી તરફે સંબંધો શોધી રિશ્તેદારોનું દબાણ થાય, સમાજને વચ્ચે લાવવામાં આવે, લોભ-લાલચ, પ્રલોભનો અપાય વગેરે – કોઈ પણ કારણસર ટ્રાયલ વખતે મોટા ભાગના કેસોમાં સાહેદો સાથે આરોપીઓએ પતાવી દીધું હોય છે.

દ્વિસ્તરીય પદ્ધતિ એ કારણે પણ નિષ્ફળ જણાય છે કે પ્રથમ તબક્કે તપાસ દરમ્યાન નિવેદન લેનાર પોલીસ કંઈ ક્રાઈમની એક્સ્પર્ટ નથી. એમાંના ભાગ્યે જ એક ટકા લોકોએ કાયદાનો અભ્યાસ કરેલો હોય છે. કાયદાની અજ્ઞાનતા ધરાવનાર કાયદાના રખેવાળ હોય તેનાથી મોટો વિરોધાભાસ કયો હોઈ શકે? મારે ત્યાં લૂંટ થઈ. પોલીસમાં મેં મારી રીતે સ્ટેટમેન્ટ લખાવવાનું શરૂ કર્યું. જેટલું જાણતો હતો તેટલું લખાવવા લાગ્યો. પોલીસ અધિકારી કહે, એમ નહિ; અમે કહીએ તેમ જ લખવું પડે! જો વકીલને આમ કહેવામાં આવે તો સામાન્ય માણસનું શું ગજું? એ બાપડાએ તો પોલીસની આંખે જ બનાવને જોવાનો હોયને! પછી કોર્ટમાં બનાવ વિષે આરોપીના વકીલ પૂછે ત્યારે એ ખોટા સ્ટેટમેન્ટ પ્રમાણેની જુબાનીમાં કઈ રીતે ટકી શકે? અને ખરું કહેવા જાય તો પોલીસ સ્ટેટમેન્ટ સાથે વિરોધાભાસ પેદા થાય. આરોપી સાથે મળી ગયેલા પોલીસ અધિકારીઓ સાહેદના સ્ટેટમેન્ટમાં મહત્ત્વનો ફેરફાર કરી દે. ખરેખર આરોપીએ ચપ્પુથી માર્યું હોય ત્યાં લાકડી બતાવી દે. આરોપીનો બેડો પાર! બિનકાર્યક્ષમ અને અપ્રામાણિક

પોલીસ, સાહેદોના ફરી જવાના કારણે પેદા થતા અન્યાય જેટલો જ અન્યાય પેદા કરે છે. ફ્રાન્સમાં સરકારી વકીલ કે જે કેસ ચલાવવાના હોય તે પ્રથમથી જ તપાસ સાથે જોતરાયેલા હોય છે. આવી પદ્ધતિ વિષે વિચારી શકાય ખરું. પણ જ્યાં સુધી દ્વિસ્તરીય પદ્ધતિને સંબંધ છે ત્યાં સુધી ઉપર જણાવેલી મોટા ભાગની સમસ્યાઓ રહેવાની.

આદર્શ પરિસ્થિતિ એ જ હોઈ શકે કે એકસ્તરીય પદ્ધતિ જ હોય; પણ તે શકય નથી. એટલા માટે કે બનાવ બને કે તરત સાહેદોના સ્ટેટમેન્ટો લેવાના હોય. તે તબકકે આરોપી હોય કે ન હોય. આરોપી ન હોય તો ટ્રાયલ કોના પર ચાલે? હોય તો પણ પુરાવા એકત્ર કરવામાં સમય લાગે એટલે તરત ટ્રાયલ ચાલી શકે નહિ. કલમ-૧૬૪(ખ) ની જોગવાઈ એ રીતે જોતાં આકર્ષક જણાય. સાહેદનું સોગંદ પર કોર્ટ રૂબરૂ સ્ટેટમેન્ટ લેવાય, એટલે પછી તે ફરે નહિ. ફરે તો સજા થઈ શકે. બીજી બાજુ મેજિસ્ટ્રેટશ્રી તેના પર કોઈ દાબદબાણ કે ધાકધમકી નથી ને, તેની ખાતરી કરે, જે સ્ટેટમેન્ટ ખરું હોવાની બહુધા ગેરંટી આપે; પણ આ જોગવાઈ પણ અનેક પ્રશ્નો સર્જે તેમ છે. સૌથી પ્રથમ તો આ રીતે સ્ટેટમેન્ટો નોંધાવવાના હોય તો આપણા મેજિસ્ટ્રેટો પર કામનું કેટલું બધું ભારણ વધી જાય. આમેય તેઓ અકલ્પ્ય કામનું ભારણ વેંઢારી રહ્યા છે. કલ્પેશ જરીવાલા વિ. સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૦૩ (૧) જી.એલ.એચ. પાના નંબર : ૨૬૭)ના કેસમાં ગુજરાત હાઈકોર્ટના વિદ્વાન ન્યાયમૂર્તિશ્રી રાઠોડ સાહેબે આ હકીકતની નોંધ લઈને, મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ આ કારણે કેસ ઝડપથી ચાલી શકે તેમ ન હોઈ, આરોપીને જામીન આપેલા. નવા મેજિસ્ટ્રેટોની મોટા પાયે ભરતી કરવી પડે, જેનો આર્થિક બોજો પરવડે તેમ છે કે કેમ તે પણ વિચારવું પડે. વળી, તેમ કરીએ તો પણ રોજ રોજ આવાં નિવેદનોની નોંધણી મેજિસ્ટ્રેટશ્રી માટે ઔપચારિકતા બની રહે; વળી સાક્ષી આ સમયગાળા દરમ્યાન આખરે તો પોલીસના વર્ચસ્વ હેઠળ જ હોય; તેમજ પોલિસ અધિકારી અને મેજિસ્ટ્રેટનો ઘરોબો સાક્ષીના નિવેદનની સ્વૈચ્છિકતા પર જરૂર અસર કરે – આ બધા મુદ્દાઓનો પણ વિચાર કરવો પડે; કારણ કે એક વાર તપાસ દરમ્યાન સાક્ષીનું સ્ટેટમેન્ટ ખરું કે ખોટું નોંધાઈ ગયું પછી તે જુબાની આપવાની સ્વતંત્રતા ખોઈ બેસે છે. તેને તે સ્ટેટમેન્ટ પ્રમાણે જ જુબાની આપવી પડે છે. આ જ કારણે તપાસ દરમ્યાન સાક્ષીઓના સ્ટેટમેન્ટો મેજિસ્ટ્રેટશ્રી દ્વારા નોંધાવવાની કાનૂની જોગવાઈઓ હાલમાં હયાત હોવા છતાં તે સફળ રહી નથી. એવું નથી કે કલમ-૧૬૪-ખ થી જ આવી જોગવાઈ કરવામાં આવી છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૬૪માં સાહેદોનાં સ્ટેટમેન્ટો આ રીતે રેકર્ડ કરવાની જોગવાઈ હાલમાં પણ છે જ; ફકત ૧૬૪-ખ થી અમુક પ્રકારના કેસોમાં આવાં સ્ટેટમેન્ટો લેવાની બાબતને ફરજિયાત કરી છે એટલું જ. હાલની કલમ–૧૬૪ની જોગવાઈ નિષ્ફળ જવાનું કારણ એ છે કે કોર્ટ આવાં સ્ટેટમેન્ટોને સાક્ષીની મુકતપણે જુબાની આપવાની સ્વતંત્રતામાં અડચણરૂપ ગણે છે. સાક્ષીને કોઈ પણ રીતે બાંધી લેવો, શુદ્ધ ન્યાયના હિતમાં નથી એમ કોર્ટો માને છે. જો કે આવી જોગવાઈઓ પછી કોર્ટની રાય બદલાય પણ ખરી. એ જે હોય તે, પણ સાક્ષીઓને કોર્ટમાં બોલતા કરવાનો આ પ્રયાસ સત્ય અને ન્યાયની દૃષ્ટિએ કદાચ એટલો કારગત ન નીવડે.

સાક્ષીઓ ફરી જવાને કારણે કે બીજાં કારણોએ કોર્ટ કેસોમાં સજાનો દર નબળો રહ્યો છે તે હકીકત પણ સત્તાધીશોના ધ્યાન બહાર નથી જ. સજાનો દર કઈ રીતે વધે તે બાબતે માલીમાથ કમિટીએ એવું સૂચન કર્યું છે કે કેસને પુરવાર ગણવા માટે મૂલ્યાંકનનાં જે ધોરણો છે તે ધોરણો હળવાં કરવાં જોઈએ. હાલમાં કોઈ પણ ફોજદારી કેસને, વાજબી શંકાથી પર રહીને પુરવાર કરવાનો હોય છે. જો આરોપી નિર્દોષ હોવાની વાજબી શકયતા હોય તો તેનો લાભ આરોપીને મળે. આમ, ફોજદારી કેસ ૧૦૦% પુરવાર કરવાનો હોય. બીજી બાજુ દિવાની કેસોને સંબંધ છે ત્યાં સુધી તેમાં પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીનો સિદ્ધાંત કામ કરે છે. એટલે કે જે પક્ષ કેસને ૫૧% પોતાની તરફ કરી શકે તે જીતે. માલીમાથ કમિટીનું સૂચન એવું છે કે ફોજદારી કેસોમાં હયાત છે તે ૧૦૦% નહિ; દિવાની કોર્ટોના ૫૧% ય નહિ; ૭૫% જેટલો પુરાવો માલમ પડે તો સજા કરવી જોઈએ. એ રીતે પણ દિવાની કેસો કરતાં પુરાવો ક્રિમીનલ કેસમાં ચુસ્ત રહેવાનો જ. સજાનો દર વધારવા માટેનો આ રસ્તો મને વાજબી જણાતો નથી. આ રસ્તો કેટલો જોખમી છે તે નજીકથી જોઈએ તો ખબર પડે. સુરત સહિત દેશમાં વર્ષો સુધી સજાનું પ્રમાણ ૬% કેસોમાં જ જોવા મળતું. છેલ્લાં બે વર્ષો દરમ્યાન આ પ્રમાણ સૂરતમાં ૧૬ થી ૧૮ ટકા જેટલું થયું છે. આ સજાનો દર વધવાનું સીધું કારણ જાણે એવું પુરવાર કરે છે કે થોડો ઘણો પુરાવો આવે તો પણ સજા કરો તેવી ઉપરથી સૂચના મળી હોય. આમેય સાક્ષીઓ ફરી જાય છે, બહુ ઓછા કેસોમાં સાક્ષીઓ બોલતા હોય છે, જેમાં બોલે તેમાં પુરાવાના મૂલ્યાંકનના ચક્કરમાં બહુ પડવાનું નહિ. સરતપાસમાં સાક્ષી બોલી જાય, એટલે ગયો જ સમજો. પછી ઊલટતપાસ દરમ્યાન ભલે આરોપીને વાજબી શંકાનો લાભ મળતો હોય તેવો પુરાવો આવ્યો હોય.

માલીમાથ કમિટીનું સૂચન આપણને કંઈક આ દિશામાં લઈ જવા માંગે છે. પોતે કે પોતાના સગા આરોપી ન હોય ત્યાં સુધી આ

સૂચન બધાને રાસ આવે તેવું છે. સમાજહિતમાં આમ કરવું જરૂરી છે એમ માનનારો મોટો વર્ગ છે; પણ કાયદાના શાસનમાં માનનારાઓએ બે વાર વિચાર કરવો પડે. બંધારણમાં આર્ટિકલ-૨૧ છે, જે મુજબ કોઈ પણ વ્યકિતને જીવવાનો અધિકાર છે. વ્યકિત-સ્વાતંત્ર્યનો અધિકાર છે. કોઈ પણ વ્યકિતનું સ્વાતંત્ર્ય છીનવી શકાય નહિ, સિવાય કે કાયદા દ્વારા પ્રસ્થાપિત પ્રક્રિયા દ્વારા. આ પ્રક્રિયા યોગ્ય, વાજબી અને ન્યાયી હોવી જોઈએ. મેનકા વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (એ.આઈ.આર. ૧૯૭૮, પાના નંબર : ૫૯૭) ના કેસમાં તેમજ ફ્રાંસિસ વિ. યુનિયન ટેરીટરી (એ.આઈ.આર. ૧૯૮૧, પાના નંબર : ૭૪૬)માં આ સિદ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવ્યો છે. માલીમાથ કમિટીના સૂચન મુજબ ૭૫% પુરાવાથી કેસને સાબિત માની સજા કરવાની પ્રક્રિયાને યોગ્ય, વાજબી અને ન્યાયી ગણી શકાશે ખરી? એ રીતે સજા કરી વ્યકિતનું સ્વાતંત્ર્ય હણી લેવું, આર્ટિકલ-૨૧ના ભંગ બરાબર ન ગણાય? આપણી મુશ્કેલી એ છે કે નાગરિક સ્વાતંત્ર્ય અને મૂળભૂત અધિકારોના જતનની આપણને ભાગ્યે જ ચિંતા છે.

કેસ સો ટકા પુરવાર કરવો એટલે શું, એ પણ આપણે ભાગ્યે જ સમજીએ છીએ. વાજબી શંકા એટલે ગમે તેવી શંકા નહિ. એવું કદી હતું નહિ અને છે નહિ. જેને સો ટકા કહેવામાં આવે છે તે પુરાવાનાં મૂલ્યાંકનનાં ધોરણો મુજબ પણ સાહેદ ખરી જુબાની આપવા આવ્યો છે તેવા અનુમાનથી જ  કોર્ટે શરૂઆત કરવાની હોય છે. ઈજા પામનાર સાહેદ તેમજ મરનારનો સગો સાહેદ, ખરા આરોપીને બાજુ પર મૂકી ખોટાને સંડોવે નહિ તેમ માનવાનો કાયદો આજે પણ છે. આ સાહેદોના પુરાવાની પ્રોબેટીવ વેલ્યુ અતિશય ઊંચી છે. ડાઈંગ ડેકલેરેશન એકલા પર સજા થઈ શકે છે. જેના પર બળાત્કાર થયો છે તે સ્ત્રી (પ્રોસીકયુટ્રીક્ષ) પોતાની ઈજ્જતને નેવે મૂકી કોર્ટમાં ખોટું કહેવા આવે નહિ તેવો કાયદો આજે પણ છે. આજુબાજુના કે તટસ્થ સાહેદો વગર કેસ પુરવાર થઈ શકે નહિ તેવું આજે પણ નથી. તપાસ કરનાર પોલીસ અધિકારી તપાસમાં ક્ષતિ કરે તો તેનો લાભ આરોપીને આજે પણ મળતો નથી. સાક્ષી ફરી જાય તો પણ તેનો અમુક પુરાવો જે ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતો હોય તે પ્રવર્તમાન કાયદા મુજબ વાપરી શકાય છે. સાક્ષીના પુરાવામાં અમુક વિસંગતતાઓ તો રહેવાની જ; એવી નાની વિસંગતતાઓ સચ્ચાઈની ગેરંટી છે તેવો કાયદો આજે પણ છે. સાક્ષી અમુક બાબતમાં ખોટો સાબિત થાય તો પણ તેના બીજા પુરાવાને ફગાવી દેવો તેવું કંઈ નથી. Falsus In Uno Falsus In Omnibusનું maxim આપણા દેશમાં પુરાવાના મૂલ્યાંકનમાં કામ લાગતું નથી.

સાક્ષી બોલી જાય તો આરોપીને છોડાવવો આજે પણ મુશ્કેલ છે, પણ સાક્ષીના પુરાવાને તર્કના આધારે ચકાસવો જ નહિ, એ સરાસર અન્યાયી છે. એને નિરપેક્ષ રીતે મૂલવવો નહિ તે કોઈ રીતે યોગ્ય નથી. ઊલટતપાસમાં તે ટકે છે કે નહિ તે જોવું નહિ, આ કોઈ રીતે વાજબી નથી. સુપ્રીમ કોર્ટના વિદ્વાન ન્યાયમૂર્તિ શ્રી ચંદ્રચૂડે કહ્યું છે તેમ સાક્ષીના પુરાવાને યાંત્રિક રીતે સ્વીકારી શકાય નહિ. તેને નિરપેક્ષતાની એરણ પર મૂલવવાનો હોય છે. સાક્ષીના પુરાવાને ચકાસ્યા વિના માની લેવાનો હોય કે પછી માલીમાથ કમિટી સૂચન કરે છે તેમ અડધો પડધો ટકેલો હોય તેવો પુરાવો પણ માની લેવો, એ વાત નિર્દોષ વ્યકિતને પણ દંડે તેવી બની રહે. એ વાત આ દેશમાં પોલીસરાજ લાવવા બરાબર છે. પોલીસે રજૂ કરેલ સાક્ષી ખરો જ છે એમ માનવાનું કેટલું આફતરૂપ બની રહે! જેસિકા લાલ કેસમાં સજા થવાથી ન્યાયતંત્ર માટેની આસ્થા વધી છે તેવું થોડા દિવસ અગાઉ ભૂતપૂર્વ કાયદામંત્રી શ્રી શાંતિભૂષણે એક અખબારમાં લખ્યું; એ સાચું ય છે; પણ એ કેસમાં પુરાવો શું હતો અને પુરાવાનું મૂલ્યાંકન કેવું હતું એના પર ભાગ્યે જ કોઈ અખબારે ચર્ચા કરી છે. એ કેસમાં પુરાવો ન હોય તો ય સજા કરવી જોઈએ એવું લગભગ બધા માને છે. કેસ જ એવો છે કે બધાને ગળા સુધીની ખાતરી છે કે આરોપીઓ દોષિત છે. પણ એવા અપવાદરૂપ કેસને બાદ કરતાં ન્યાયતંત્ર માટેની આસ્થા વાજબીપણે કરેલી સજાથી વધે.

યોગ્ય, વાજબી અને ન્યાયી રીતે જ આરોપીની જિંદગી કે સ્વાતંત્ર્ય છીનવી શકાય; નહિ તો કાયદાના શાસનનો, બંધારણનો, આર્ટિકલ–૨૧ નો ભંગ થાય. બળાત્કારના કેસમાં ભોગ બનનારની ઊલટતપાસ થવી ન જોઈએ એવો એક પ્રબળ મત પ્રવર્તે છે. એક તો બળાત્કારને લીધે સ્ત્રીને ભોગ બનાવવાની અને બીજું કે આડાઅવળા સવાલોવાળી ઊલટતપાસના એણે ભોગ બનવાનું. 'સુગંધનું સરનામું' નામે એક નાટક જોયેલું. એમાં એક સ્ત્રી પર બળાત્કાર થયેલો. વકીલે ઊલટસૂલટ સવાલો પૂછીને આરોપીને બચાવી લીધેલો. ભોગ બનનાર સ્ત્રીના પતિએ આ વકીલની પત્ની સાથે મળીને વકીલની પત્ની પર બળાત્કાર કર્યાનું નાટક કરેલું અને વકીલને અહેસાસ કરાવેલો કે આવા સંજોગોમાં તેની મનોસ્થિતિ કેવી દુ:ખદાયક બની રહે છે. આ એક કડવું સત્ય છે, અને છતાં ભોગ બનનાર સ્ત્રીએ ઊલટતપાસની વૈતરણી પાર કરવી જ રહી. ન્યાય દ્વારા સત્ય અને વાજબીપણાને ઉજાગર કરવા સજાનો દર વધારવો એ એકમાત્ર વિકલ્પ નથી. સજાનો દર વધારવા પુરાવાનાં મૂલ્યાંકનનાં ધોરણોને હળવાં બનાવી દેવાં એ કોઈ રીતે યોગ્ય વિકલ્પ નથી. એ સિવાય પણ ન્યાય-વ્યવસ્થાને અસરકારક બનાવવાનું વિચારી શકાય છે. (ક્રમશઃ) ■

# તમારા મનને મુક્ત કરો - ૪

## રાજકીય અર્થશાસ્ત્ર શીખનાર માટેની માર્ગદર્શિકા

*- સૌવિક ચક્રવર્તી*

## મુક્ત વ્યાપાર શા માટે જરૂરી છે?

ભારતે મુક્ત વ્યાપારને ૫૦ વર્ષ સુધી રૂંધી રાખ્યો. એટલે ૫૦ વર્ષ સુધી આપણે વિદેશી વસ્તુઓને સહેલાઈથી વેચનાર 'વેપારી' ના બની શક્યા. આપણી દુકાનોમાં એવી વસ્તુઓ જ મળતી, જે 'Made in India' હોય. વિદેશી ચલણ પરના નિયમન અને આયાત પરના ભારે કરવેરાને કારણે હજુ પણ વિદેશી વ્યાપાર પર ખાસ્સા પ્રતિબંધો છે. આપણી બધી જરૂરિયાતો માટેનું ઉત્પાદન આપણે જાતે જ કરવું જોઈએ એવી *સ્વદેશી*ની વિભાવના આ પ્રતિબંધોને વાજબી ઠેરવે છે. આપણે આગળ જોયું કે આત્મ-નિર્ભરતા એ મનુષ્યો માટે આર્થિક આપઘાત સમાન છે. તો દેશ આત્મનિર્ભરતા કેળવે એ શું વાજબી છે?

ધારો કે આપણો વ્યાપાર મુક્ત હોય, ચલણ માટે ખુલ્લી સ્પર્ધા હોય, અને આખી દુનિયાની ચીજવસ્તુઓ આપણાં બજારોમાં છૂટથી મળતી હોય, તો શું એનાથી ભારતીય ઉદ્યોગો નાશ પામશે? કે પછી એના કારણે ભારતમાં ખરા અર્થમાં ઉદ્યોગીકરણ વિકસશે?

જ્યારે ચીજ-વસ્તુઓ બજારમાં છૂટથી ઉપલબ્ધ હોય, ત્યારે આમાંની ઘણી વસ્તુઓના અનેક ગ્રાહકો ઊભા થશે અને એથી એનું મજબૂત બજાર ઊભું થશે. વ્યાપારીઓ વિદેશી ઉત્પાદકો પાસેથી આ ચીજવસ્તુઓ વધુ ને વધુ મેળવીને ભારતમાં રવાના કરશે. થોડા જ સમયમાં ઉત્પાદકોને ખ્યાલ આવવા માંડશે કે ભારતમાં બહુ સારું બજાર છે તેથી તેઓ ત્યાંથી અહીં સુધી મોકલવાનો ખર્ચ ઓછો કરવા એ વસ્તુઓ ભારતમાં જ બનાવવાનું પસંદ કરશે. ભારતમાં એનું ઉત્પાદન ચાલુ થશે તો ભારતના પડોશી દેશો - પાકિસ્તાન, બાંગ્લાદેશ અને નેપાળને પણ એ વસ્તુઓ વધુ સસ્તી મળી શકશે.

આમ, વ્યાપાર પહેલાં વિકસે અને ઉત્પાદન એને અનુસરે છે. વ્યાપારીઓ બજાર ઊભું કરે છે અને આ બજારને ઉત્પાદકો સેવા પૂરી પાડે છે.

ભારતના સંદર્ભમાં જોઈએ તો એનું સારામાં સારું ઉદાહરણ ઉત્તર-પૂર્વી રાજ્યો છે. એ દેશનો સૌથી અણવિકસિત ભાગ છે. આપણે એનો 'વિકાસ' કરવા માગીએ છીએ, એને ઔદ્યોગિક બનાવવા ઈચ્છીએ છીએ. એ કેવી રીતે કરશું? બહારની દુનિયાને પ્રવેશ નહીં આપીએ અને માત્ર સ્થાનિક ઉત્પાદનને જ પ્રોત્સાહન આપીશું તો બહુબહુ તો થોડા-ઘણા નાના ઉદ્યોગો ઊભા થશે.

એના બદલે એનાં દ્વાર વ્યાપારીઓ માટે ખુલ્લાં કરી દેવામાં આવે તો? અને આપણા વ્યાપારીઓને આ વિસ્તારમાં ફેલાઈ જવા દઈએ. ધીમે ધીમે આ રાજ્યોની પ્રજા જે વસ્તુઓને વધુ પસંદ કરશે, એ વસ્તુઓના ઉત્પાદકો ત્યાં જ એને પેદા કરવાના પ્લાન્ટ નાખશે. અને વ્યાપારીઓ બન્ને બાજુનો વ્યાપાર ચાલુ કરશે. ઘણા વ્યાપારીઓ ઉત્તર-પૂર્વી રાજ્યોમાં પેદા થયેલી વસ્તુઓને બહાર, વિદેશોમાં પણ વેચવાનું ચાલુ કરશે.

### બ્રિટિશકાળ વખતનો મુક્ત વ્યાપાર

આવું જ અંગ્રેજોના સમયમાં બનેલું. બ્રિટને ૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યાં સુધી મુક્ત વ્યાપારની નીતિ અપનાવેલી. એ સમયે ભારત કાપડ નહીં, પણ ઈંગ્લેંડની કાપડ બનાવવાની મશિનરી સૌથી વધુ આયાત કરતું! ૧૯૧૯ના બ્રિટીશ ટ્રેડ કમિશનના અહેવાલે નોંધ્યું છે તેમ બ્રિટનની ઈજનેરી વસ્તુઓનો વેપાર કરતી મોટી પેઢીઓએ ભારતમાં જાતે જ એનું ઉત્પાદન કરવાનું શરૂ કરી દીધેલું, અને તેઓ હવે પોતાની વસ્તુઓને ઈંગ્લેંડમાં વેચવા બહુ રાજી નહોતા. પહેલાં તેમણે શરૂઆત કરી હતી બ્રિટનમાં મળતી ઈજનેરી વસ્તુઓનો વેપાર કરવાથી; પણ હવે તેઓએ એક સારું સ્થાનિક બજાર ઊભું કર્યું, સ્થાનિક કક્ષાએ એનું ઉત્પાદન શરૂ કર્યું, અને પછી તો તેઓ ભારતમાં પોતે બનાવેલી આ વસ્તુઓ વેચવાનું જ વધુ પસંદ કરતા.

આજના આધુનિક, વિશ્વીકરણ તરફ આગળ વધતા જતા વિશ્વમાં મુક્ત વ્યાપાર અપનાવવાથી ભારત વિશ્વ-કક્ષાનું ઉત્પાદક કેન્દ્ર બની શકે એમ છે. એ પ્રમાણે થવાનું જોકે ચાલુ થઇ ગયું છે, કારણ કે વિશ્વના ઉત્પાદકો સામાન્ય રીતે જ્યાં એમનું મોટામાં મોટું બજાર હોય તેની આસપાસ જ સસ્તામાં સસ્તાં ઉત્પાદનનાં સ્થળો શોધે જ. મહાકાય રમકડાં અને દોડવાનાં બુટ વગેરેની કંપનીઓ પોતાની ડિઝાઇન અને માર્કેટિંગ માટેની નાની ઓફિસો અમેરિકા અને યુરોપમાં રાખે છે, પણ ઉત્પાદન બધું દૂર પૂર્વના દેશોમાં કોન્ટ્રાકટ પર કરાવડાવે છે. પ્રકાશકો વધુ શ્રમ માગી લેતું ટાઇપનું અને પ્રિન્ટીંગનું કામ તાઇવાન અને સિંગાપોરમાં કોન્ટ્રાકટ પર આપે છે, અને સંપાદન કે પ્રુફ-રીડીંગનું કામ પોતાની પાસે રાખે છે. ભારત મોટું બજાર છે. ભારત ઉત્પાદન ક્ષેત્રે વિશ્વકક્ષાની સત્તા બની શકે એમ છે. એના માટે એ મુક્ત વ્યાપારની નીતિઓ અપનાવે અને સારી ઇન્ફ્રાસ્ટ્રકચર-સેવા સુવિધા ઊભી કરવામાં પૈસા રોકે તો પૂરતું છે.

આપણે સારી સુવિધાઓ જરૂર ઊભી કરવી પડશે. જ્યાં રસ્તા અને વીજળી ન હોય, જ્યાં સારાં બંદરો, એરપોર્ટો અને રેલ્વે નહીં હોય, ત્યાં કોઇ પોતાની ફેક્ટરી નહીં નાખે. વિશ્વની મોટી કંપનીઓ ભારતમાં ઉત્પાદનના પ્લાન્ટ નાખવા ઇચ્છશે, કારણ કે અહીં મજૂરી સસ્તી છે; પણ ઇન્ફ્રાસ્ટ્રકચરની કંગાળ સુવિધા એમને ભગાડી મૂકશે. જાહેર નાણાં રસ્તા તેમજ કાયદો અને વ્યવસ્થા જેવી જાહેર વસ્તુઓ પાછળ જ ખર્ચવા પડશે. સારું પોલીસતંત્ર, કાર્યશીલ ન્યાયતંત્ર, સારા રસ્તા અને વીજળી તથા પાણી માટેની કાર્યક્ષમ સેવાઓ હોય, તો દુનિયાભરના ઉત્પાદકો ભારતમાં ઉત્પાદનનાં એકમો શરૂ કરશે. *(ઘણાને એ ચિંતા હોય છે કે વિદેશી ઉત્પાદકો જો ભારતમાં પોતાનાં ઉત્પાદન એકમો શરૂ કરશે, તો સ્વદેશી ઉદ્યોગકારોને મોટો ઘાટો પડશે. એની પાછળ એવી અવધારણા રહેલી હોઇ શકે કે આપણા ઉદ્યોગો વિદેશી ઉદ્યોગોની સરખામણીમાં પછાત છે અથવા તો એની સામે ટકી શકે એમ નથી. પહેલામાં પહેલું તો આ બીક કે અવધારણા પાછળ ખરેખર કોઇ વસ્તુલક્ષી આધાર છે ખરો? જો ના હોય તો ગભરાવાને કોઇ કારણ નથી. અને જો હોય તો વધુ ઊંડો પ્રશ્ન એ છે કે આપણા દેશના લાખો કરોડો ગ્રાહકોએ હલકી કક્ષાના માલ-વસ્તુઓથી જ ચલાવી લેવું કેટલે અંશે વાજબી છે? અને મુઠ્ઠીભર સ્વદેશી ઉદ્યોગોના નબળા માલનો બચાવ કરવાનું શું કારણ છે ? વિદેશી ઉત્પાદકો અહીં પોતાનાં ઉત્પાદન એકમો શરૂ કરે એના વિરોધમાં બીજો વાંધો એ લેવામાં આવે છે કે એનાથી આપણાં નાણાં વિદેશમાં ચાલ્યાં જશે. પણ વાસ્તવિકતા એનાથી બિલકુલ ભિન્ન છે. વિદેશી કંપનીઓએ અહીં ઉત્પાદન એકમો સ્થાપવા જે ગંજાવર મૂડી રોકાણ કરવું પડે છે એ વિદેશનું છે. તેઓ આપણા હજારો લાખો લોકોને કૌશલ્યવાળી કે કૌશલ્ય વગરની કામગીરીમાં રોજી પૂરી પાડે છે. અને આપણા લાખો-કરોડો ગ્રાહકોને સરવાળે સારો, સસ્તો અને વૈવિધ્યવાળો માલ મળી રહે છે. વિદેશી કંપનીઓ સામેનો અન્ય વાંધો એ પણ ઊભો કરવામાં આવે છે કે તેઓ કામદારોને ત્યાં જે વેતનો ચૂકવે છે તેની તુલનામાં અહીં સાવ મામૂલી વેતનો ચૂકવે છે. એ સાચી વાત છે. પણ આપણે આ વેતનોની સરખામણી અહીં કામદારોને સામાન્યપણે જે વેતન મળે છે એની સાથે કરવાની હોય, નહીં કે વિદેશમાં ચૂકવાતાં વેતનો સાથે. તો ખ્યાલ આવે છે કે વિદેશી કંપનીઓ દ્વારા ચૂકવાતાં વેતન આપણે ત્યાં સામાન્યપણે ચૂકવાતાં વેતનો કરતાં વધુ હોય છે. સરવાળે આપણને તો ફાયદો જ ફાયદો છે. તો વિદેશી નાણાં અહીં ઉત્પાદનમાં રોકાય એની સામે શા માટે વિરોધ હોવો જોઇએ? અને આપણે આગળ જોયું તેમ ઉત્પાદન હંમેશાં વ્યાપારની પાછળ પાછળ આવે છે. વિદેશી માલનો વ્યાપાર વધશે તેમ તેમ માલ પણ અહીં જ પેદા થાય એ માટે વિદેશી કંપનીઓ પોતાનાં એકમો અહીં નાખશે.)*

આપણે વિશ્વકક્ષાના ઉત્પાદક કેન્દ્ર તરીકે આગળ આવવું હોય તો આયાત પરના તમામ પ્રતિબંધો કાઢી નાખવા જોઇએ. 'સ્વદેશી'નો વિચાર આર્થિક રીતે આત્મઘાતી છે. આપણે હકીકતમાં જરૂર છે મુક્ત વ્યાપાર અને પાયાની સુવિધાઓની.

## મુક્ત વ્યાપાર અને ખેતી

'અનાજની બાબતમાં આપણે આત્મનિર્ભર હોવા જોઇએ' અથવા 'અનાજની સુરક્ષા હોવી જોઇએ' એના નામે સામાન્ય રીતે ખેતી ક્ષેત્રે મુક્ત વ્યાપારનો વિરોધ કરવામાં આવે છે.

ભારતના કિસાનો પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ ભારતની અન્નક્ષેત્રની તમામ જરૂરિયાતો પૂરી પાડે. એ શું સારું કહેવાય ? જે અનાજ આપણે કાર્યક્ષમ રીતે ના પેદા કરી શકતા હોઇએ એને આયાત કરવું શું વધુ સારું ન ગણાય ? આપણે આ પ્રશ્નને સ્હેજ તપાસી જોઇએ.

જો આ વ્યાપાર મુક્ત હોય, તો એવી ઘણી વસ્તુઓ છે જેની આયાત કરવી ભારત માટે વધુ સારું છે. દા.ત. મૌરેશિયસ કે જાવાથી સસ્તી ખાંડ કે જ્યાં ઘઉં સસ્તા હોય ત્યાંથી ઘઉં મંગાવીએ.

આપણા ખેડૂતો ઘઉં અને શેરડીની ખેતી તો કરે છે પણ વીજળી અને પાણીની સબસિડી સાથે. જો એની પૂરી કિંમત વસૂલ કરવામાં આવે તો તેઓ પાયમાલ થઇ જાય. અને આ સબસિડીને લીધે એનો વધારે

પડતો ઉપયોગ થાય છે જેથી પર્યાવરણને પણ નુકસાન છે અને મહેસૂલમાં પણ ઘાટો પડે છે.

### તો ભારતનો ખેડૂત શું પકવશે?

નાનાં-નાનાં ખેતરો ધરાવતો આપણો ખેડૂત ફળફળાદિ કે શાકભાજી ઉગાડે તો એને સારો નફો મળે. ટોકિયોના બજારમાં એક સફરજન રૂ.૧૫૦૦ માં વેચાય છે અને ટેટી રૂ. ૪૦૦૦ માં વેચાય છે. તેથી આપણો ખેડૂત ફળ-શાકભાજી ઉગાડીને વેચે અને ઘઉં અને ખાંડ ખરીદે એ એના માટે નફાકારક બને.

પણ એને માટે સિંચાઈની વ્યવસ્થા તથા સારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા જોઈએ, જેથી નાનાં ખેતરોમાંથી પણ ખેડૂતો સારું ઉત્પાદન લઈ શકે અને ઝડપથી બગડી જતી (perishable) વસ્તુઓને તેઓ ઝડપથી દેશનાં અને આંતરરાષ્ટ્રીય બજારમાં પહોંચાડી શકે. બાકી આજે તો આવાં દેશી ફળો ગામોમાં જ સડી જતાં જોવા મળે છે. ઉત્તરાંચલમાં પીચ કે સ્ટ્રોબેરી; બિહારમાં લીચી કે કેરી; ઉત્તર-પૂર્વી દેશોમાં અનાનસ વગેરે. એવું જ ફૂલોની બાબતમાં છે. ઝારખંડના ખેડૂતો ફૂલોના નિષ્ણાત છે. કુમાઉના પર્વતોમાં હું એક વૃદ્ધાને મળ્યો હતો, જે પોતાના નાના ખેતરમાં લસણ વાવીને પોતાનો ગુજારો કરતી.

ખરેખર, ખેડૂતોને જરૂર છે સ્વતંત્રતાની : દેશનાં તેમજ વિદેશનાં બજારોમાં પ્રવેશની સ્વતંત્રતા અને નવી ટેકનોલોજી મેળવવાની સ્વતંત્રતા. સિંચાઈ-વીજળી, સારા રસ્તાઓ અને સ્વતંત્રતા હોય, અને જો વ્યાપાર મુક્ત હોય તો આપણા ખેડૂતો, પોતાનાં નાનાં-નાનાં ખેતરો હોવા છતાં, આંતરરાષ્ટ્રીય બજારમાં અને આંતરરાષ્ટ્રીય શ્રમ વિભાજનમાં ભાગીદાર બની શકે અને સમૃદ્ધ બની શકે. પણ ખાટલે મોટી ખોડ એ છે કે આપણા ખેડૂતો મન ફાવે ત્યાં પોતાનું ઉત્પાદન વેચી શકતા નથી. આ પ્રતિબંધો ખેડૂતોના વિકાસને રૂંધી રહ્યા છે. ખેડૂતો પોતાનો માલ ક્યાં વેચે એના ઉપર રાજ્યે પ્રતિબંધો શા માટે રાખવા જોઈએ એનું કોઈ તાર્કિક અને વિવેકપૂર્ણ કારણ નથી.

**આર્થિક સ્વતંત્રતા એ આપણા સૌનો - ખેડૂતો સહિતનો - જન્મસિદ્ધ અધિકાર છે.**

**વિચારવા અને વાગોળવાના મુદ્દાઓ :**

- સ્વદેશી એટલે ભારતીય ઉત્પાદકોનો માલ જ લેવો. દેશના ઉત્પાદનને સરકાર દ્વારા રક્ષણ મળે, એનાથી ગ્રાહકોને કોઈ લાભ ખરો ?
- દેશમાં આવતી લગભગ બધી જ વસ્તુઓ પર કસ્ટમ ડ્યુટી નાખવામાં આવે છે. આ ટેક્ષનો ગ્રાહકોની દષ્ટિએ કોઈ અર્થ ખરો ?
- ફેકટરીઓમાં પેદા થતા માલને કોઈપણ બજારમાં વેચવા પર કોઈ પ્રતિબંધ નથી, કોઈ ટેક્ષ નથી, તો ખેતરોમાં પેદા થતી વસ્તુઓ પર શા માટે ?

*What is prudence in the conduct of every private family, can scarce be folly in that of a great kingdom. If a foreign country can supply us with a commodity cheaper than we ourselves can make it, better buy it of them with some part of the produce of our own industry, employed in a way in which we have some advantage....In every country, it is and must be the interest of the great body of the people to buy whatever they want of those who sell it cheapest. The proposition is so very manifest, that it seems ridiculous to take any pains to prove it; nor could it ever have been called in question, had not the interested sophistry of merchants and manufacturers confounded the common sense of mankind. Their interest is, in this respect, directly opposite to that of the great body of the people.*

*- Adam Smith, Wealth of Nations, 1776*

# મીણબત્તી બનાવનારાઓની અરજી

*- ફ્રેડરિક બેસ્ટિયાટ*

પ્રતિ,

માનનીય વિધેયકો અને સાંસદો :

અરજદાર : મીણબત્તી, ફાનસ, કોડિયું, દીવાસળી વગરે બનાવનારાઓ; અને તેલ, દિવેલ, મીણ, કેરોસીન વગેરેના ઉત્પાદકો.

મહોદયો,
આપ સૌ સાચા માર્ગ પર છો. આપ ગૂઢ થિયરીઓને નકારો છો તેમજ વધુ ઉત્પાદન અને નીચા ભાવ અંગે આપને ઝાઝું માન નથી. આપની સૌથી વધુ ચિંતા અને નિસ્બત ઉત્પાદક માટે છે. આપ સૌ એને વિદેશી સ્પર્ધાથી મુક્ત રાખવા માગો છો, એટલે કે દેશના બજારને દેશના ઉદ્યોગો પૂરતું સીમિત રાખવા માગો છો.

આપની થિયરીને કાર્યાન્વિત કરવા માટે આપને મોટી તક પૂરી પાડવા માટે અમો સૌ આપની પાસે આવ્યા છીએ - એને આપની થિયરી કહેવી ? અરે, થિયરી જેટલી ભ્રામક કોઇ ચીજ નથી. તો પછી આપનો મત કહેવો ? આપની વ્યવસ્થા ? આપનો સિદ્ધાંત ? પણ મત કે વ્યવસ્થા તરફ આપને અણગમો છે; અને સિદ્ધાંત જેવી બાબતમાં આપ માનતા નથીઃ તેથી અમે એને આપની પ્રથા કે વ્યવહાર કહીશું - કોઈપણ થિયરી કે સિદ્ધાંત વગરનો વ્યવહાર.

અમે એક શક્તિશાળી વિદેશી હરીફથી પીડાઈ રહ્યા છીએ. એ એવો હરીફ છે, જે અમારા કરતાં એટલી તો સારી સ્થિતિમાં કામ કરે છે અને એટલો તો પ્રકાશ પેદા કરે છે કે દેશના બજાર પર એકદમ ઓછી કિંમતે છવાઇ જાય છે. એ જેવો દેખા દે છે કે અમારો માલ વેચાતો બંધ થઇ જાય છે. બધા ગ્રાહકો એના તરફ વળી જાય છે અને બહોળો વ્યાપાર ધરાવતો અમારો ઉદ્યોગ સાવ ઠપ્પ થઇ જાય છે. અમારો આ હરીફ બીજો કોઇ નહીં, પણ સૂર્ય છે, જેને આપણા કોઇ દુશ્મન દેશે અમારી સામે યુદ્ધ આદરવા મોકલી આપ્યો હોય એવી અમને ઊંડે ઊંડે શંકા છે.

અમારી આપને અરજ છે કે આપ એવો કાયદો પસાર કરો કે બધી જ બારીઓ-બારણાં, શટર્સ, તિરાડો, ઉઘાડિયાં, અજવાળિયાં; ટૂંકમાં, જેમાંથી સૂર્યપ્રકાશ ઘરમાં આવી શકે એમ હોય એવાં તમામ દ્વારો-તિરાડો કે કાણાં વગેરે બંધ કરી દેવા કે પૂરી દેવાનો આદેશ આપવામાં આવ્યો હોય. કારણ કે સૂર્યપ્રકાશ અમારા સૌના ઉદ્યોગો માટે ખતરનાક છે, અને અમે દેશની એટલી સેવા કરી છે કે દેશ અમને આવા અસમાન મલ્લ સામે કુસ્તી કરવા એકલા છોડી ના દઇ શકે. તેથી, મહેરબાન સાહેબો, અમારી વિનંતીને ગંભીરતાથી લેશો અને અમોને સાંભળ્યા વગર અમારી આ અરજને કાઢી ના નાખશો. અમારી અરજના ટેકામાં અમો નીચે મુજબનાં કારણો રજૂ કરીએ છીએ :

જો આપ કુદરતી પ્રકાશ આવતો રોકી દો અને એથી કરીને કૃત્રિમ પ્રકાશની જરૂરિયાત ઊભી કરો તો દેશના કેટલા બધા ઉદ્યોગોને પ્રોત્સાહન મળી શકશે !

જો દેશમાં ચરબી (તેલ માટે)ની વધુ જરૂર ઊભી થશે, તો વધારે ઘેટાં-બકરાં વગેરેની જરૂર પડશે, જેમને માટે વધુ ઘાસચારો જરૂરી બનશે, જેથી વધુ ખેતરો ઘાસ-ચારા માટે વપરાશે; જેને લીધે માંસ, ઉન, ચામડું અને ખાસ તો છાણિયું ખાતર વધુ મળશે. બીજું, જો દેશ વધુ તેલ વાપરશે, તો તેલ પેદા કરતા પાકોનું ઉત્પાદન વધશે. એના માટે થઇને છાણિયા ખાતરથી ફળદ્રુપ બનેલી જમીનોનો વધુ સારો ઉપયોગ થશે. જેથી આપણી વેરાન જમીનો આવાં રેઝીનવાળાં ઝાડોથી છવાઇ જશે. પહાડો પર સાવ વ્યર્થ જતાં ફૂલોની વ્યર્થ જતી સુગંધનો ખજાનો લઇને આવતા અસંખ્ય ભમરા અને મધમાખીઓ ભેગી થશે. આમ, ખેતીનું એકપણ ક્ષેત્ર એવું નહીં હોય જેમાં વૃદ્ધિ નહીં થાય.

આવું જ વહાણવટા ક્ષેત્રે બનશે. વ્હેલનું તેલ *(ત્યારે વ્હેલનું તેલ વાપરવામાં આવતું)* મેળવવા હજારો વહાણો ઊમટી પડશે, જે દેશનું ગૌરવ વધારશે. અને દેશના ઉત્પાદનની વિશિષ્ટતા અંગે તો શું કહેવું? મીણબત્તીના વિવિધ પ્રકારનાં સ્ટેન્ડ - કાંસા, સ્ફટિક કે અનેક પ્રકારની ધાતુઓમાંથી બનાવેલાં - જોવા મળશે.

મહોદયો, દેશની મોટામાં મોટી મિલોના પૈસાદાર માલિકોથી માંડીને માચિસ વેચનારા સાવ નાના ફેરિયાઓ સુધીનો એકપણ દેશવાસી એવો નહીં હોય જેની સ્થિતિ અમારી આ અરજ સ્વીકારવાથી ન સુધરે. એ માટે વધુ કાંઇ વિચારવાની પણ જરૂર નથી.

મહોદયો, અમે આપના વિરોધને કલ્પી શકીએ છીએ. પણ, એ તમામ કારણો એ જ હશે, જેને મુક્ત વ્યાપારની હિમાયત કરતાં જૂનાં પુરાણાં પુસ્તકોમાંથી આપે લીધાં હશે. અમો આપને પડકાર ફેંકીએ છીએ કે આપ

જે કોઇ પણ શબ્દ ઉચ્ચારશો, એ એવો નહીં હોય જે સીધો જ તમારી સામે અથવા તમારી નીતિને દોરવણી આપતા સિદ્ધાંતની સામે ન જતો હોય.

શું આપ અમને એમ કહેશો કે આ રક્ષણથી અમને ફાયદો થશે, પણ દેશને એથી કશો લાભ નથી, કારણ કે ગ્રાહકોને એથી વધુ ખર્ચ ભોગવવાનો આવશે?

એનો જવાબ અમારી પાસે છે : ગ્રાહકોનાં હિતોની દલીલને આગળ ધરવાનો અધિકાર આપની પાસે હવે રહ્યો નથી. જ્યારે જ્યારે ઉત્પાદક અને ગ્રાહકનાં હિતો સામ-સામે આવ્યાં છે, ત્યારે ત્યારે આપે ગ્રાહકને ત્યજી દીધો છે. ''ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા'' અને ''રોજગારી વધારવા''ના નામે આપે એમ કર્યું છે. એ જ કારણસર આપે અમારા કેસમાં પણ એમ જ કરવું જોઇએ.

અલબત્ત, આ વિરોધને તમે પોતે પણ કલ્પી જ લીધો હશે. જ્યારે તમને એવું કહેવામાં આવ્યું કે લોખંડ, કોલસો, સીસમ, ઘઉં અને કાપડ ઉદ્યોગના મુક્ત પ્રવેશમાં ગ્રાહકનું હિત રહેલું છે, ત્યારે તમે જવાબ આપ્યો : ''હા, પણ ઉત્પાદકનું હિત આ બધાને બાકાત રાખવામાં રહેલું છે.'' સાચી વાત! જો ગ્રાહકોનું હિત કુદરતી પ્રકાશ આવે એમાં રહેલું હોય, તો ઉત્પાદકોનું હિત એને રોકવામાં રહેલું છે.

તમે એમ કહો કે ''પણ ઉત્પાદક અને ગ્રાહક એક જ વ્યક્તિ છે. જો ઉત્પાદકને રક્ષણથી નફો થતો હોય, તો એ ખેડૂતને પણ સમૃદ્ધ બનાવશે. એથી ઊલટું, જો ખેતી સમૃદ્ધ હશે, તો એ ઉત્પાદિત વસ્તુઓ માટેનું બજાર ખોલશે.'' સાચી વાત! જો તમે અમને દિવસ દરમિયાન પણ પ્રકાશ આપવાની ઈજારાશાહી આપી દો, તો સૌથી પહેલાં તો અમે અમારા ધંધા માટે મોટા પાયા પર ચરબી, કોલસો, તેલ, રેઝિન, મીણ, દારુ, ચાંદી, લોખંડ, કાંસું અને સ્ફટિક વગેરે ખરીદી લઇશું; અને વધુમાં, અમે અને અમને માલ-સામાન પૂરો પાડનાર કેટલાયે લોકો પૈસાદાર થઇ ગયા હોવાથી વધુ વસ્તુઓ વાપરશું અને આમ દેશી ઉદ્યોગોના ક્ષેત્રમાં પણ સમૃદ્ધિ ફેલાવીશું.

શું તમે એમ કહેશો કે સૂર્યપ્રકાશ તો કુદરતની મફત ભેટ છે, અને એટલે આવી ભેટને નકારવી એનો અર્થ સંપત્તિ મેળવવાના બહાના હેઠળ સંપત્તિને જ નકારવી એવો થાય? પણ જો તમે આવું માનતા હો, તો એનાથી તો તમે તમારી પોતાની નીતિને જ મોટો ધક્કો પહોંચાડો છો. એ યાદ કરો કે અત્યાર સુધી તમે જેટલે અંશે મફત ભેટ મેળવી હોય એટલે અંશે અને એ જ કારણે વિદેશી વસ્તુઓને હંમેશાં બાકાત રાખી છે. અમારી અરજ તો આપની સ્થાપિત નીતિ સાથે પૂરેપૂરી સુસંગત છે તેથી એને મંજૂર રાખવાનું પૂરેપૂરું કારણ છે.

કોઈપણ વસ્તુના ઉત્પાદનમાં શ્રમ અને કુદરત જુદા જુદા દેશ અને આબોહવામાં જુદા જુદા પ્રમાણમાં મદદ કરે છે. કુદરત જેટલી મદદ કરે છે, ઉત્પાદન તેટલે અંશે મફત થાય છે. એ ઉત્પાદનમાં જેટલો શ્રમ વપરાય છે, તેટલી તેની કિંમત હોય છે, જેને ભરપાઇ કરવી પડતી હોય છે.

જો લિસ્બનમાં સૂર્યની મફત કુદરતી ગરમીને લીધે સંતરાં પાકતાં હોય અને પેરિસમાં એને પકવવા માટે ખર્ચ કરીને કૃત્રિમ ગરમી આપવી પડતી હોય, તો પેરિસ કરતાં લિસ્બનમાં અડધી કિંમતે સંતરાં વેચાય. તેથી જ્યારે પોર્ટુગલથી સંતરાં આપણે ત્યાં આવે ત્યારે કોઇ એમ કહી શકે કે પેરિસ કરતાં એ અડધા ભાવમાં મળે છે. હવે, એની અડધી કિંમત હોવાના આધારે તમે એમ કહો કે એને અહીં આપવા પર પ્રતિબંધ મુકાવો જોઇએ. તમે પૂછો કે ''ફ્રાન્સનો મજૂર ત્યાંના મજૂર સાથે સ્પર્ધામાં કઇ રીતે ઊભો રહી શકે જ્યાં અડધું કામ સૂર્યની મફત ગરમીથી થતું હોય ? જ્યારે અહીંના મજૂરે તો પોતે જ બધું કામ કરવું પડે છે.'' પણ, મૂળ વાત એ છે કે ઉત્પાદન ખર્ચ અડધો હોવાને કારણે જે તે વસ્તુઓને જો સ્પર્ધામાં ઊતરવા પર બંધી ફરમાવી શકાતી હોય, તો જેનો ઉત્પાદન ખર્ચ સ્હેજ પણ નથી એને તો સ્પર્ધામાં ઊતરવા જ કઇ રીતે દેવાય? કાં તો તમે સુસંગત નથી, અથવા તો, આપણા દેશના ઉદ્યોગો માટે નુકસાન કરતી હોય એવી, બહાર અડધા ઉત્પાદન ખર્ચે ઉત્પન્ન થતી હોય તેવી વસ્તુઓને પણ આપ બાકાત રાખતા હો, ત્યારે સાવ મફત વસ્તુ (સૂર્ય)ને પ્રવેશવા ન દેવાનું અમારું કારણ સબળ છે.

બીજું ઉદાહરણ લઈએ : જ્યારે કોઈ વસ્તુ - કોલસો, લોખંડ, ઘઉં કે કાપડ - આપણે જાતે બનાવીએ એના કરતાં ઓછા શ્રમથી જો આપણને વિદેશમાંથી મળી શકે એમ હોય, ત્યારે જે તફાવત પડે છે એ આપણને મળેલી મફત ભેટ છે. જેટલો તફાવત વધુ, એટલી ભેટ મોટી. જો કોઈ દાતા - આપણા કેસમાં પ્રકાશ આપનાર સૂર્ય - આપણી પાસેથી કશું ના લે, તો એ પૂરેપૂરી મફત ભેટ છે. અમે ઔપચારિક રીતે પૂછીએ છીએ કે દેશને મફત વપરાશનો લાભ મળે એ કે ઉત્પાદનના કહેવાતા ફાયદા ઇચ્છો છો? આપ પસંદગી કરો, પણ તાર્કિક રીતે કરજો, કારણ કે જ્યારે આપ વિદેશી કોલસો, લોખંડ, ઘઉં અને કાપડ પર એની કિંમતના પ્રમાણમાં પ્રતિબંધ મૂકો છો, ત્યારે શુન્ય કિંમતવાળા સૂર્યપ્રકાશને પ્રવેશવા દેવાની નીતિ અપનાવો તો એ કેટલી અસંગત ગણાશે એ વિચારી લેજો. ■

*(ફ્રેન્ચ વિચારક ફ્રેડરિક બેસ્ટિયાટે આ મર્મકથા અઢારમી સદીમાં લખેલી.)*

# स्वदेशी

**– मुन्शी प्रेमचंद**

स्वदेशी चीजों को प्रोत्साहन देना हरेक हिन्दुस्तानी का धर्म है, लेकिन कारखानों के स्वामियों का भी जनता के प्रति कुछ कर्त्तव्य है, इसे वे भूल जाते हैं। एक ही दाम की देशी और विदेशी चीज लीजिए। देशी चीज आपको घटिया मिलेगी। चीनी का भी वही हाल है। विदेशी चीनी का जबसे बहि  कार हुआ है, यह व्यवसाय बड़ी उन्नति कर रहा है, मगर चीनी के कारखानों के मालिक अन्य स्वदेशी व्यापारियों की ही भाँति घटिया से घटिया माल ग्राहकों के हाथ बेचकर अपना उल्लू सीधा करना ही उचित समझते हैं। *7 नवम्बर 1932*

इस व्यापार–युग में ग्राहक को कोई मूल्य नहीं, जो कुछ है वह व्यापारी है। जब कोई बाहर का व्यापारी आकर सस्ता माल बेचता है, तो हमारा यह व्यापारी रा  ट्रीय उद्योग के संरक्षण का स्वाँग भर कर सरकार से इन नये प्रतिद्वन्द्वी पर कड़ी ड्यूटी लगाने का आग्रह करता है और सरकार बड़ी खुशी से उसका आदेश मान लेती है। उसका इसमें क्या बिगड़ता है। अगर ड्यूटी में कुछ कमी हुई तो व्यापारियों के इन्कम टैक्स से पूरी कर ली गयी। व्यापारियों के श्रद्धा–पात्र मुफ्त में बन गये। मगर इस तरह का संरक्षण देना जनता के साथ सरासर अन्याय है। व्यापारियों के हित के लिए जनता से करोड़ों का टैक्स वसूल कर लिया जाता है। *16 अक्टूबर 1933*

प्रयाग विश्वविद्यालय के अर्थशास्त्र के प्रोफेसर मि. थाम्पसन ने ग्राहकों के दृष्टिकोण  को इन शब्दों में व्यक्त किया है –

'अर्थशास्त्र के ज्ञाताओं का उद्देश्य यही है कि भारत अधिक सम्पन्न हो जाय, जिसका आशय है कि जनता के जीवन का ध्येय ऊँचा हो जाय और उसका अर्थ यही है कि लोगों को भोजन और वस्त्र प्रचुर मात्रा में मिले। यदि जापान से सस्ता कपड़ा आता है, तो गरीबों को अधिक वस्त्र मिल जाता है। मोटे तौर पर पिछले वर्ष  जापानी कपड़े के आयात से यहाँ कपड़े की खपत लगभग अस्सी लाख परिवारों में दुगनी हो गयी। इस तरह भारत अधिक वस्त्र पाकर धनी हुआ। अब रहा भोजन। जापान के कपड़े में जितना धन भारत से लिया, वह उससे कहीं कम है जो उनसे रुई खरीद कर दिया।' *6 नवम्बर 1933*

जिसे देखिए, संरक्षण की माँग कर रहा है। वाइसराय से लेकर व्यापारी और जमींदार तक संरक्षण के पीछे पड़े हुए हैं। जिसके हाथ में शक्ति है, वह तो आप ही अपनी मरजी से कानून बनाकर संरक्षण प्राप्त कर लेता है। जिसके हाथ में वह शक्ति नहीं है, वह सरकार में संरक्षण माँगता है। कपड़े को संरक्षण मिल गया। मोजे और बनियाइनवाले, रेशमवाले, खिलौनेवाले, गरज सभी वस्तुओं के व्यवसायी संरक्षण की माँग कर रहे हैं। इसलिए कि बाहर से आनेवाले माल के मुकाबिले में वे ठहर नहीं सकते। जनता की जेब से कैसे ज्यादा से ज्यादा पैसे खींच लिये जायँ, यही फिक्र सब को पड़ी हुई है। चीजों को सस्ता बनाकर बाहर के माल को न आने देने का सामर्थ्य किसी में नहीं है और जनता बेबस है। *12 फरवरी 1934*

इन संरक्षणों से संसार तंग आ गया है। संरक्षण जितने ही बढ़ रहे हैं उतना ही व्यापार घट रहा है और अब संसार का व्यापार आज के पाँच साल पहले के व्यापार का केवल एक तिहाई रह गया है। फिर भी 'संरक्षण' का शोर मचा हुआ है। अगर जापान ने भारत की रुई बन्द कर दी (और वह इस धमकी को व्यवहार में लाने के लिए मजबूर है), तो कपड़े की खपत और भी कम हो जायेगी। और कपड़े की ही खपत नहीं, इसका असर और सभी चीजों पर होगा। अभी बगलें बजा लीजिए, मगर बहुत जल्द हाथ मलना पड़ेगा। जनता में संगठन नहीं है, लेकिन सौ संगठन का एक संगठन तो उनकी दिन दूनी रात चौगुनी बढ़ती हुई दरिद्रता है। हम जापानी कपड़े के वकील नहीं हैं, पर जनता के वकील अवश्य हैं और हम चाहते हैं कि कृत्रिम साधनों से उसका गला न घोंटा जाय। संरक्षण में सबसे बड़ी बुराई यह है कि व्यापारी को प्रतियोगिता से निश्चिन्त होकर अपने घर की सुव्यवस्था करने के लिए कोई अंकुश नहीं रह जाता। यह वह  ीशे की कोठरी है, जिसमें बैठकर आप बहुत दिन शान्त नहीं रह सकते। किसी व्यवसाय की बाल्यावस्था में तो संरक्षण का कोई अर्थ हो सकता है, लेकिन जो जवान अपने पैरों खड़ा नहीं हो सकता, उसमें हमें कोई आशा नहीं हो सकती। *19 जून 1935*

**मुन्शी प्रेमचंद के विचार भाग 2 में से साभार उद्धृत**

# The Gains from Trade

*- Matt Ridley*

***Each animal is still obliged to support and defend itself, separately and independently, and derives no sort of advantage from that variety of talents with which nature has distinguished its fellows. Among men, on the contrary, the most dissimilar geniuses are of use to one another; the different produces of their respective talents, by the general disposition to truck, barter and exchange, being brought, as it were, into a common stock, where every man may purchase whatever part of the produce of the other men's talents he has occasion for.***

***- Adam Smith, The Wealth of Nations, 1776***

The Yir Yoront Aboriginals live at the mouth of the Coleman River on the York Peninsula in northern Australia. Until recently, they were literally living in the Stone Age. They possessed no items made of metal. They were also true hunter-gatherers, who lived by hunting game, catching fish and gathering vegetable food in the forest. They had no agricultural crops and only one domesticated animal, the dog. They lived under no system of government and answered to nothing that might be called the law. They had, therefore, none of the great inventions to which we attribute the origin of our civilization: no iron, no state, no farming, no judicial system, no writing, no science.

Yet they had one thing we would consider modern, a thing we usually assume cannot be carried out without a state, without a judicial system and without writing. That thing was a sophisticated system of trade.

The Yir Yoront used polished stone axes, carefully hafted into wooden handles. The axes were highly valued, and in almost constant use. Women used them to gather wood for the camp fires, to build and mend their wet-season huts and to dig for roots or cut trees for fruit and fibre. Men took them hunting and fishing, or to hack out wild honey from crevices in trees, and for making secret objects for use in ceremonies. The axes belonged to the men, and were borrowed by the women.

Yet the Yir Yoront lived upon a flat alluvial coast. The nearest quarries from which suitable stone for making axes could be mined were four hundred miles inland to the south. Between the Yir Yoront and the quarries lay many other tribes. Conceivably, the Yir Yoront could have waked south once every few years to gather new stones for making axes, but it would have been a great risk and waste of time for them. Fortunately, there was no need. Plenty of stone axes reached them from the tribes that lived around the quarries, because

ઉત્તર ઓસ્ટ્રેલિયાના યોર્ક દ્વિપકલ્પ પરની કોલમેન નદીના મુખ પ્રદેશમાં રહેતી આદિ જાતિ - યીર યોરોન્ટ અત્યાર સુધી પથ્થર યુગ જેવું જ જીવન જીવતી હતી. તેઓ ખેતીને બદલે શિકાર કરીને અને જંગલમાંથી પેદાશો ભેગી કરીને જ જીવન ગુજારતા. આધુનિક સંસ્કૃતિની પાયાની શોધો, જેવી કે લોખંડ, રાજ્ય, ખેતી, ન્યાયતંત્ર, લેખનકળા કે વિજ્ઞાન જેવું કશું જ એમની પાસે નહોતું.

તેમ છતાં જેને આધુનિક કહી શકાય એવી એક વસ્તુ તેમની પાસે હતી - એવી વસ્તુ, જે રાજ્ય, ન્યાયતંત્ર કે લેખનકળા વગર વિકસી જ ન શકે એવું આપણે માનીએ છીએ. એ હતી વ્યાપાર-વિનિમય કરવાની કળા. તેઓ લાકડાના હાથાવાળી અને ઘસેલા, પોલિશ કરેલા પથ્થરની કુહાડી ઝાડ કાપવાથી માંડીને શિકાર કે માછીમારી કરવા માટે કે ઝાડની બખોલોમાંથી મધ કાઢવા માટે વાપરતા.

પણ એ કુહાડીના ફણામાં વપરાયેલ પથ્થર તો તેઓ જે નદી કાંઠે રહેતા ત્યાં મળતા જ નહોતા. તે ક્યાંથી આવતા? તેમનાથી નજીકમાં નજીકની પથ્થરની ખાણો તો દક્ષિણે ચારસો માઈલ દૂર આવેલી હતી. તો શું તેઓ થોડાં થોડાં વર્ષે આટલું ચાલીને કુહાડી માટે એ પથ્થર લઈ આવતા હશે? ના, તેમને એમ કરવાની જરૂર નહોતી, કારણ કે એ ખાણોની આસપાસ રહેતી આદિવાસી

there was a long line of trading partners who passed them on in exchange for other goods that went south through the same hands. Indeed, the Yir Yoront were not the end of the chain. Their neighbours to the north relied on them to pass on stone axes. Meanwhile, spears tipped with the barbs of stingrays went the other way: southwards.

The trading was man-to-man, each individual man having a partner in the neighbouring tribe. It worked not because of some overall plan by the Yir Yoront to produce stingray barbs and trade them for axes, but because of a simple question of price. A Yir Yoront could buy one stone axe head from his southern neighbour for a dozen barbed spears. He could sell an axe head to his northern neighbours for more than a dozen spears. He could therefore make a profit on the deal. So he tended to pass the axes north. As his spears worked their way south, their value rose relative to that of the stone axe heads. One hundred and fifty miles inland, one spear was worth one axe head. By the time it reached the quarry, it was probably (nobody recorded the truth) worth a dozen axe heads. Most of the people through whose hands the items passed manufactured neither axe heads nor spears. But it is not hard to see that they could make a handsome profit (i.e. keep some axe heads and some spears) simply by acting as middlemen. They had discovered arbitrage: buying something where it is cheap and selling it where it is dear.

By the end of the nineteenth century, apart from an occasional bloody skirmish with white settlers, the Yir Yoront were still largely untouched by the modern world. But already they had steel axes which had begun to work their way north from camps where they were distributed by missionaries. Steel axes were so superior to stone ones that they cost far more. Desperate to obtain them, the Yir Yoront were reduced to drastic measures in their attempt to raise sufficient funds. The tribal gatherings during the dry season, when in the past men had obtained a year's supply of stone axes from their partners, now became rather less enjoyable. To get a single steel axe, a Yir Yoront man might prostitute his wife to a total stranger.

The trading system of the Yir Yoront was by no means unusual for Stone Age man. But it illustrates two things of great importance. First, trade is the expression of the division of labour. Catching stingrays was easy for the Yir Yoront; quarrying stones was easy for the tribes near the quarries. If each tribe did what it was good at and exchanged the result, both were better off. And so were the middlemen in

જાતિઓ અને યીર યોરોન્ટ જાતિ વચ્ચેના વિસ્તારમાં બીજી કેટલીય આદિવાસી જાતિઓ રહેતી, અને તેઓ અરસપરસ જુદી જુદી વસ્તુઓના વિનિમયની સાંકળથી સંકળાયેલી હતી. એટલું  જ નહીં, યીર યોરોન્ટની ઉત્તરે રહેતી પડોશી આદિવાસી જાતિઓ સાથે પણ વિનિમયની સાંકળ બનેલી હતી. એમની ઉત્તરે રહેતી જાતિઓ જે ભાલા બનાવતી તે ભાલા યીર યોરોન્ટ લેતા અને એની સામે પથ્થરની કુહાડી આપતા. એ ભાલાને તેઓ દક્ષિણ તરફ મોકલતા.

આ વ્યાપાર વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે હતો, અને એના માટે કોઇ મોટા આયોજનની જરૂર નહોતી. યીર યોરોન્ટ કુહાડીના એક ફણાની સામે પોતાના ઉત્તરી પડોશી પાસેથી ડઝન કરતાં વધુ ભાલા મેળવતો અને એ ભાલાના છેડા પર સ્ટીંગરેઝ માછલીના ઝેરી કાંટા લગાડીને એક ડઝન ભાલાના બદલામાં દક્ષિણની જાતિઓ પાસેથી કુહાડીનું એક ફણું મેળવતો. આમ, આ આખી આપલેમાં એ થોડા ભાલા વધુ મેળવતો અને નફો કરતો. એ જ રીતે, એ ભાલા જેમ જેમ દક્ષિણમાં અંદર જતા, તેમ તેમ એની કિંમત વધતી જતી. અને ખાણ સુધી પહોંચતાં સુધીમાં તો એક ભાલાની સામે કુહાડીનાં એક ડઝન ફણાં મળતાં. આમ, જેમની વચ્ચેથી આ વસ્તુઓ પસાર થતી, તેઓ નહોતા કુહાડીનાં ફણાં બનાવતા કે નહોતા ભાલા બનાવતા. છતાં તેઓ બધા જ વચેટિયા તરીકે સારો એવો નફો મેળવતા. આમ તેમણે દલાલી (arbitrage) શોધી કાઢેલી : સસ્તું હોય ત્યાંથી ખરીદવું અને મોંઘું હોય ત્યાં વેચવું.

૧૯મી સદીના અંત સુધીમાં યીર યોરોન્ટ જાતિને ગોરા વસવાટીયાઓ સાથે લોહીયાળ ઝઘડાઓ થતા, પણ એ સિવાય આધુનિક જગતથી તેઓ અલિપ્ત જ રહ્યા હતા - સિવાય કે એક બાબતમાં. દક્ષિણના વિસ્તારોમાં મિશનરીઓ જે લોખંડની

between. In just the same way, a worker ant and a queen are both better off for the fact that each is specialized to its job, and your body works better because the stomach does what it is good at and pools the resulting rewards with other parts of the body. Life, as we have said before, is not a zero-sum game - that is, there does not have to be a loser for every winner.

The second lesson of the Yir Yoront story is that there is nothing modern about commerce. For all the protestations of Karl Marx and Max Weber, the simple idea of gains from trade lies at the heart of both the modern and the ancient economy, not the power of capital. Prosperity is the division of labour by trade; there is nothing else to it. Thousands of years before Adam Smith and David Ricardo were born, human beings had discovered this truth and were exploiting it. The Yir Yoront were, as Rousseau and Hobbes would both agree, in a 'state of nature'. Yet no despotic monarch had imposed a social contract on them, as Hobbes thought necessary; and nor did they live in a social bliss, as Rousseau fantasized. On the contrary, trade, specialization, the division of labour and sophisticated systems of barter exchange were already part of a hunter-gathering life. Indeed, they had probably been so for many hundreds of thousands of years. Perhaps even millions. It is possible that *Homo erectus* was mining stone tools at specialized quarries, presumably for export, 1.4 million years ago.

**''દરેક પ્રાણીએ પોતાનો બચાવ અને ટેકો જાતે, અલગ અલગ અને સ્વતંત્ર રીતે જ કરવો પડે છે, અને અન્ય પ્રાણીઓનાં વિવિધ કૌશલ્યોનો લાભ એ લઇ શકતું નથી. એથી વિપરીત, માણસો જુદી જુદી નિપુણતાઓનો ઉપયોગ અરસ પરસ કરે છે; લેણદેણ, આપલે અને વિનિમય કરવાની સામાન્ય પ્રકૃતિને લીધે તેમના વિવિધ કૌશલ્યથી પેદા થતાં ઉત્પાદનનો જથ્થો ભેગો કરે છે, જેમાંથી પોતાને જરૂરી વસ્તુઓ દરેક વ્યક્તિ ખરીદી શકે છે.''**

**- આદમ સ્મિથ, 'ધ વેલ્થ ઓફ નેશનલ',૧૭૭૬**

**(*'The Origins of Virtue'*માંથી સાભાર)**

કુહાડીઓ વહેંચતા એ યીર યોરોન્ટ જાતિ પાસે આવી ગઈ હતી ! પથ્થરની કુહાડીઓની તુલનામાં લોખંડની કુહાડી એટલી તો ઉત્કૃષ્ટ હતી કે એ મેળવવા યીર યોરોન્ટ પુરુષો પડાપડી કરતા.

યીર યોરોન્ટની વિનિમયની આ વ્યવસ્થા આમ પથ્થર યુગના માણસ માટે પણ સામાન્ય હતી. એ બે અગત્યની બાબતો બહાર લાવે છેઃ એક, વ્યાપારમાં શ્રમ વિભાજન રહેલું છે. યીર યોરોન્ટ માટે સ્ટીંગરેઝ માછલીઓ પકડવી સહેલી હતી, અને ખાણ નજીક રહેતા આદિવાસીઓ માટે પથ્થર ખોદવા સહેલા હતા. તેથી પોતે જેમાં નિપુણ હતી એ કામ કરીને એનો વિનિમય કરવાને લીધે સરવાળે બન્ને જાતિઓને ફાયદો હતો. અને એવો જ ફાયદો વચેટિયાઓને હતો. એવું જ કીડીઓમાં રાણી અને કામદાર કીડીઓ માટે સાચું છે, અને આપણા શરીર માટે પણ છે. આમ, જિંદગી એ શુન્યનો સરવાળો નથી; એટલે કે કોઇ જીતે એની સામે બીજું કોઇ હારે જ એવું હોતું નથી.

બીજી બાબત છે - વ્યાપાર કાંઈ આધુનિક સમયની જ દેણ છે એવું નથી. કાર્લ માર્ક્સ કે મેક્સ વેબરનો ગમે તેટલો વિરોધ હોય, પણ આજના કે પુરાણા અર્થતંત્રના હાર્દમાં વ્યાપારથી થતો લાભ રહેલો છે, નહીં કે મૂડીની શક્તિ. વ્યાપાર વિનિમયમાં રહેલા શ્રમ વિભાજનથી સંપત્તિ પેદા થાય છે. આ સત્ય આદમ સ્મિથ અને ડેવિડ રિકાર્ડો જન્મ્યા તેના હજારો વર્ષ પહેલાં માણસે શોધી કાઢેલું અને તેનો ઉપયોગ કરતો હતો. વ્યાપાર, શ્રમ વિભાજન અને વસ્તુ-વિનિમય (barter)ની પ્રથા વગેરે શિકાર કે કંદમૂળ પર આધારિત જીવનના પણ ભાગ હતા - કદાચ હજારો કે લાખો વરસથી હતા. અને એ પણ શક્ય છે કે હોમો ઈરેક્ટસ આજથી ૧૪ લાખ વરસ પહેલાં પણ ખાસ ખાણોમાંથી પથ્થર ખોદીને સાધનો બનાવતા હશે - મોટાભાગે નિકાસ કરવા માટે જ. ■

*Against the Open Society*

*The greatest principle of all is that nobody, whether male or female, should be without a leader. Nor should the mind of anybody be habituated to letting him do anything at all on his own initiative; neither out of zeal, nor even playfully. But in war and in the midst of peace - to his leader he shall direct his eye and follow him faithfully. And even in the smallest matter he should stand under leadership. For example, he should get up, or move, or wash, or take his meals... only if he has been told to do so. In a word, he should teach his soul, by long habit, never to dream of acting independently, and to become utterly incapable of it.*

*Plato of Athens (350 B.C.)*

*'For the Open Society*

*Although only a few may originate a policy, we are all able to judge it.'*

*-Pericles of Athens (about 430 B.C., 80 years before Plato)*

*On the dawn of the Open Society*

*The closed society, and with it its creed that the tribe is everything and individual nothing, had broken down. Individual initiative and self-assertion had become a fact. Interest in the human individual as individual, and not only as tribal hero and saviour, had been aroused. But a philosophy which makes man the centre of its interest began only with Protagoras. And the belief that there is nothing more important in our life than other individual men, the appeal to men to respect one another and themselves, appears to be due to Socrates.*

*- Karl Popper (1945)*


Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
Where words come out from the depth
of truth;
Where tireless striving stretches its arms
towards perfection;
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action
into that heaven of freedom, my Father,
let my country awake.
- Rabindranath Tagore - Gitanjali